## એક જરૂરી નોંધ

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ પાસે
આયતુલ્લાહ અલ ઉઝમા અસ્સયદ અલી અલ હુસૈની સીસ્તાની (દા.બ.)
તથા
રેહબર આયતુલ્લાહ સૈયદ અલી ખામેનઈ (દા.બ.)
બંને બુઝુર્ગોનો સેહમે ઈમામ ખર્ચ કરવાનો ઈજાઝો છે.

## અવર બેંકર્સ

કોઈપણ સ્થળેથી બેંક દ્વારા અમારી મદદ કરી શકાય છે. મદદ મોકલનાર વ્યક્તિનું જે તે બેંકમાં ખાતુ હોવું જરૂરી નથી. બેંકમાં જઈ એક નાનું ફોર્મ જેમાં નામ અને એકાઉન્ટ નંબર ભરવાથી તરત જ નાણાં જમા થઈ જાય છે. આ માટે બંને પક્ષો મોકલનાર અને લેનાર બંનેને કોઈપણ પ્રકારનો ખર્ચ થતો નથી.

નીચેની બેંકોમાંથી કોઈપણ બેંકમાં નાણાં જમા કરાવી શકાય છે.

(1)
અમીરૂલ મોઅમેનીન ઈસ્લામી લાયબ્રેરી
AC No : 0542000100051624
IFSC Code : PUNB0054200
પંજાબ નેશનલ બેંક, શાખા ભરૂચ

(2)
શબ્બીરઅહમદ પટેલ
AC No : 32598176055
IFSC Code : SBIN0003522
સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, શાખા કતોપોર દરવાજા, ભરૂચ

ઉપરોક્ત બેંકમાં અમારા એકાઉન્ટ છે. ગમે ત્યાંથી ઉપરોક્ત બેંકોમાંથી કોઈપણ બેંકમાં નાણા જમા કરાવી શકાય છે. નાણાં મોકલનાર વ્યક્તિનું જે તે બેંકમાં ખાતુ હોવું જરૂરી નથી.

**અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ**
એ- ૭૦/૨, એહમદનગર, મનુબર રોડ, ભરૂચ-૩૯૨૦૦૧.
Email : amillibrary@yahoo.com

TITLE DESIGN & COMPOSING BY : ZARGAM HUSAIN AMLAVI
TABISH GRAPHICS : MOMINWAD, JAMALPUR, AHMEDABAD-1 MOBILE : 9898222791
PRINTED BY : PRINTWELL PRINTERS, SHAHPUR, AHMEDABAD-1 MOBILE : 9825322895

# પેગંબરે ઈસ્લામ (સલ.) પછી ખિલાફતનો ઝઘડો

### (અસલ કિતાબનો સારાંશ)




લેખક
ઈબ્રાહીમ બી. પટેલ

**અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ**
એ- ૭૦/૨, એહમદનગર, મનુબર રોડ, ભરૂચ-૩૯૨૦૦૧.
Email : amillibrary@yahoo.com

# إِنَّا لِلَّهِ وَإِنَّا إِلَيْهِ رَاجِعُونَ



જન્મ : ૧-૧૨-૧૯૪૪ વફાત : ૪-૯-૨૦૧૨

મર્હૂમ વાલિદ સાહેબ ''ઈબ્રાહીમ બી. પટેલ''ની કલમથી લખાયેલી

આ છેલ્લી કિતાબ છે.

રમઝાન મહીનાની શરૂઆત હતી અને આપનો જમણો હાથ ફ્રેકચર

થયો હતો.

જેથી કિતાબનો મોટો ભાગ આપે ડાબા હાથે લખેલ છે.

કિતાબનું પહેલું પ્રુફ પણ આપે જોયું હતું.

આપનો ઈન્તેકાલ ૪ સપ્ટેમ્બર ૨૦૧૨ (૧૭ શવ્વાલ હિ.સ.૧૪૩૩)ના

રાત્રે ૮-૦૦ કલાકે થયો.

વાંચકોને વિનંતી છે કે

એક વખત સૂરએ હમ્દ અને

ત્રણ વખત સૂરએ કુલ્હોવલ્લાહ(સૂરએ ઈખ્લાસ) પઢી

મર્હૂમને બક્ષી આપે.

## ઇબ્રાહીમ બી. પટેલ કી યાદ મેં

**મૌલાના મુહમ્મદ દાઊદ અમ્લવી સદરૂલ અફાઝિલ વાએઝ**

હાએ અફસોસ કિ વો આજ મુહક્કિક ન રહા
જિસકી તહકીક કા ગુજરાત મેં જલ્તા થા દિયા

જિસકો કહતે થે સભી લોગ બરાહીમ પટેલ
દુશ્મને દીન કી હાથોં મેં જો રખતા થા નકેલ

સીરતે મીસમે તમ્માર પે જો ચલતા થા
જિસકી આવાઝ સે બાતિલ કા જિગર ફટતા થા

હક કી દહલીઝ પે સર અપના ઝુકાયા જિસને
મૈં અલી વાલા હું યે સબકો બતાયા જિસને

હુર કે માનિન્દ નિકલ આયા જો ફૌજે શર સે
હક કી તબ્લીગ શુરૂ કરદી ખુદ અપને ઘર સે

જિસકે અવસાફે હમીદા કા થા હરસૂ ચર્ચા
જિસકે અકદામ સે લરઝાં થા વહાબી ફિરકા

અર્ઝે ગુજરાત કા વો કુત્બે શુમાલી હૈ કહાં
હાએ વો ગુલ્શને તહકીક કા માલી હૈ કહાં

અબ કહાં દેખને મેં આએ બરાહીમ પટેલ
ખત્મ સબ કર દિયા મરઝીયે ઈલાહી ને ખેલ

# પેગંબરે ઇસ્લામ(સલ.) પછી ખિલાફતનો ઝઘડો

**(અસલ કિતાબનો સારાંશ)**

**લેખક**

ઈબ્રાહીમ બી. પટેલ

**Mobile : 94264 03672**

**Mobile : 94280 26612**

**: પ્રકાશક :**

**અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ**

એ-૭૦/૨, એહમદનગર, મનુબર રોડ, ભરૂચ-392001.

ફોન : 0091-2642-240567

**: પોસ્ટલ એડ્રેસ :**

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી

પો. બો. નં. 4, ભરૂચ-392001, ફોન : 0091-2642-240567

**Email : amillibrary@yahoo.com**

| | |
|---|---|
| કિતાબનું નામ | : પેગંબરે ઈસ્લામ(સલ.) પછી ખિલાફતનો ઝઘડો |
| લેખક | : ઈબ્રાહીમ બી. પટેલ |
| પ્રથમ આવૃત્તિ | : ઓકટોબર ૨૦૧૨, ઝિલ્કાદ હિ.સ. ૧૪૩૩ |
| પ્રકાશક | : અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ |
| કંપોઝિંગ | : ઝરગામ હુસૈન અમ્લવી – તાબિશ ગ્રાફિક્સ<br>ગાયકવાડ હવેલી પાસે, મોમિનવાડ, જમાલપુર,<br>અમદાવાદ-૧. મોબાઈલ : ૯૮૯૮૨૨૨૭૯૧ |
| મુદ્રક | : પ્રિન્ટવેલ પ્રિન્ટર્સ, શાહપુર, અમદાવાદ.<br>મોબાઈલ : ૯૮૨૫૩૨૨૮૯૫ |
| પૃષ્ઠ | : ૧૫૨ |
| પ્રત | : ૩૦૦૦ |
| કિંમત | : અમલ |

**Not For Sale – વેચવા માટે નથી**

# આભાર.....

પ્રખ્યાત હદીસ છે : ''મૌતુલ આલિમ, મૌતુલ આલમ'' આલિમની મૌત(મૃત્યુ) આલમ(દુનિયા)ના મૌત સમાન છે. મર્હુમ વાલિદ સાહેબ ઈબ્રાહીમભાઈ બી. પટેલનું આકસ્મિક મૌત અમારા કુટુંબ માટે તથા આપણા સમગ્ર સમાજ માટે ખૂબ જ દુ:ખદ ઘટના છે. અલ્લાહ આપણને સૌને આ કારમો આઘાત જીરવવાની તૌફીક આપે તથા મર્હુમને જન્નતમાં આલી દરજ્જો આપે.....આમીન.

''અમ્ર બિલ મઅરૂફ'' ઈન્સાનોની હિદાયતને ઈસ્લામમમાં ખાસ મહત્ત્વ આપેલ છે. કારણ કે આ રસ્તા ઉપર ચાલવામાં ખૂબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ઘણી જ તકલીફો સહન કરવી પડે છે. મર્હુમ વાલિદ સાહેબ પણ એક એવું વ્યક્તિત્ત્વ હતા જેમણે દીને હક્ક-મઝહબે એહલેબૈતને અપનાવ્યા પછીના તેમની જીંદગીના છેલ્લા ૨૨ વર્ષ ''અમ્ર બિલ મઅરૂફ''ની રાહ પર - ન ફકત પોતે તથા પોતાનું કુટુંબ - પરંતુ અન્યોને પણ આ રાહ પર લાવવાની કોશિશોમાં ખર્ચી નાખ્યા. ૨૨ વર્ષમાં તેમણે પોતાની નીડર કલમથી ૫૬ પુસ્તકો ગુજરાતી સમાજને ભેટ આપ્યા છે. તેમણે લખેલા ૫ પુસ્તકો છાપવાના બાકી છે. ઈન્શા અલ્લાહ



હવે પછી છપાશે. (કુલ ૬૧ પુસ્તકો થાય છે.) આ બધા જ પુસ્તકોમાં તેમણે વાંચકોને સાદી-સરળ ભાષામાં સાચા ઈસ્લામ મઝહબની ઓળખ આપી છે. જે ઈસ્લામ આપણને રસુલ(સ.અ.વ.)ના સાચા વારસદારો એહલેબૈત(અ.સ.) પાસેથી મળેલ છે. બેશક, આ તેમનો કલમી જેહાદ હતો.

તેઓ હંમેશા દુઆ કરતા હતા કે યા અલ્લાહ! અમ્ર બિલ મઅરૂફ અને હિદાયતના સિલસિલાને મારી નસ્લમાં કયામત સુધી બાકી રાખજે. તેમના આ ઉમદા વિચારોના કારણે અમો બંને ભાઈઓને તેમણે આલિમ બનાવ્યા. તેઓ અમે બંને ભાઈઓને વસીય્યત કરતા હતા કે તમે બંને આલિમ છો, મારા પછી આ કાર્યને તમારે અંજામ આપવાનું છે. પાક પરવરદિગારની મહેરબાનીથી અને મર્હુમ વાલિદ સાહેબની દુઆઓ તથા માર્ગદર્શનથી અમો બંને ભાઈઓ આજે એટલા સક્ષમ છીએ કે તેમના આ કાર્યોને જીવંતપર્યંત જારી રાખીએ. અમારી હંમેશા કોશિશ રહેશે કે દીને-હક્ક, મઝહબે એહલેબૈતના પ્રચાર અને પ્રસારનું કાર્ય શરૂ રહે. મોમિનોને ગુજારીશ છે કે આ મિશનની કામ્યાબી માટે દુઆ કરે અને અગાઉની જેમ જ પોતાનો સહકાર ચાલુ રાખે.

અને છેલ્લે.....

અમારા વાલિદ સાહેબના અચાનક ઈન્તેકાલની ખબર મળતાં જ ઘણા બધા મોઅમિનો દૂર દૂરના સ્થળોથી આવીને તેમની દફનવિધિમાં તથા ઝિયારત અને ચેહલુમની મજલિસમાં શરીક થયા, અમારા ગમમાં શરીક થઈ અમોને દિલાસો

આપ્યો, ફોન, ઈ-મેઈલ કર્યા, નમાઝે વહેશત પઢી, ઘણીબધી જમાતોએ કુરઆનખ્વાની, ઈસાલે સવાબ માટે મજલિસ રાખી, શોક સભાના પ્રોગ્રામો રાખી તથા શોક સંદેશા મોકલી પોતાના ગમનો ઈઝહાર કર્યો, તેઓ બધાના તથા સમગ્ર કોમના અમો તહે દીલથી શુક્રગુજાર છીએ. તે મા-બહેનોનો પણ ખૂબ ખૂબ આભાર જેમણે અમારા ઘરની સ્ત્રીઓને સબ્રની તલકીન કરી તથા અમારા ગમમાં શરીક થયા...અલ્લાહતઆલા આ તમામ મોમિનોને જઝાએ ખૈર આપે.... આમીન.

اللهم صل على محمد وآل محمد

વસ્સલામ

**મૌલાના શબ્બીરઅહમદ આઈ. પટેલ**

**મૌલાના હુસૈનઅહમદ આઈ. પટેલ**

ભરૂચ



# અમારા ભાવિ પ્રકાશનો

**વહાલા વાંચકો! અમારી પાસે છપાવવા માટે નીચેની કિતાબો તૈયાર છે :**

**(૧) તફસીર તવઝીહુલ કુલઆન ભાગ-૨ (પારહ ૬ થી ૧૦)**

**(૨) પૈગંબરે ઈસ્લામ(સલ.)નું મુબારક જીવનચરિત્ર ભાગ-૩**

**(૩) કુરઆનનું ઈલ્મ પ્રશ્નોત્તરી રૂપે (૧૦૦ પ્રશ્નો અને તેના ઉત્તરો)**

**(૪) કસસુલ કુરઆન સીરીઝ-૫ દાસ્તાને હઝરત ઈબ્રાહીમ અને ઈસ્માઈલ(અલૈ.)**

**(૫) તરબિયતે અવલાદ ભાગ-૪ (મજાલિસની કિતાબ)**

**(૬) તફસીર સુરએ યાસીન**

**(૭) ઈન્સાનની જિન્દગીની છ મંઝિલો**

**અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત તરફથી જેમ જેમ સગવડ થતી રહેશે તેમ તેમ ઈન્શાઅલ્લાહ અમે બીજી અનેક ઈલ્મથી ભરપૂર કિતાબો મોમિન સમાજને આપતા રહીશું.**

●

## વહાલા વાંચકો માટે

## એક જરૂરી નોંધ

આ પુસ્તિકાનું નામ છે

“પેગંબરે ઈસ્લામ પછી ખિલાફતનો ઝઘડો”

પરંતુ અમને જરૂરી લાગતાં પ્રથમ અમે

કંથારીઆ તા. ભરૂચના દારૂલ ઉલૂમ

માસિકમાંથી

મવ. ઈસ્માઈલ મનુબરી સાહેબનો

૯૯.૯૯ ટકા ઉમ્મતને જહન્નમી અને

મુશરિક બનાવતો એક ફતવો લીધો છે

અને તેના ઉપર વિવેચન કર્યું છે.

નાચીજ



## આ અમારો કલિમા છે

لَا اِلٰهَ اِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰه

عَلِیٌّ وَلِیُّ اللّٰه وَ وَصِیُّ رَسُوْلِ اللّٰهِ

وَ خَلِیْفَتُهٗ بِلَا فَصْل

— : તરજુમો : —

અલ્લાહના સિવાય કોઈ મઅબુદ નથી.

હઝરત મોહંમદ(સલ.) અલ્લાહના રસૂલ છે.

અલી અલ્લાહના વલી છે અને

રસુલુલ્લાહ(સલ.)ના વસી છે અને રસુલ

પછી કોઈપણ અંતર વગર ખલીફા છે.

# હદીસે સકલૈન

اِنِّیْ تَارِکٌ فِیْکُمُ الثَّقَلَیْنِ کِتَابَ اللّٰہِ

وَ عِتْرَتِیْ اَهْلَبَیْتِیْ مَا اِنْ تَمَسَّکْتُمْ

بِهِمَا لَنْ تَضِلُّوْا بَعْدِیْ اَبَدًا اِنَّهُمَا لَنْ

یَّفْتَرِقَا حَتّٰی یَرِدَا عَلَیَّ الْحَوْض

— : તરજુમો : —

હઝરત રસુલે અકરમ(સલ.)એ ફરમાવ્યું :

"હું તમારી વચ્ચે બે ખૂબ જ કીંમતી ચીજો છોડી જઈ રહ્યો છું. એક કિતાબે ખુદા અને બીજી મારી ઈતરત એહલેબયત. જો તમે તેમની સાથે લાગેલા રહેશો તો કદી ગૂમરાહ ન થશો. આ બંને કદી છુટાં પડશે નહિ અહીં સુધી કે હૌઝે કૌષર પર મારી પાસે આવે."

*(સહીહ મુસ્લિમ ભાગ-૭ પેજ-૧૨૨, સુનન દારમી ભાગ-૨ પેજ-૪૩૨, મુસનદે અહમદ ભાગ-૩ પેજ-૧૪, ૧૭, ૨૬, મુસ્તદરક હાકિમ ભાગ-૩ પેજ-૧૦૯, ૧૪૮)*



يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا إِن جَاءَكُمْ

فَاسِقٌ بِنَبَإٍ فَتَبَيَّنُوا أَن تُصِيبُوا

قَوْمًا بِجَهَالَةٍ فَتُصْبِحُوا عَلَىٰ مَا

فَعَلْتُمْ نَادِمِينَ

*(સૂ. હુજરાત આ-૬)*

"અય ઈમાનવાળાઓ! જો કોઈ ફાસિક કોઈ ખબર લઈને આવે તો તેની તેહકીક કરો. જાંચપડતાલ કરો. એવું ન બને કે કોઈ કોમને અજાણપણે નુકસાન પહોંચાડી દો. ત્યાર પછી તમને તમારા કૃત્ય ઉપર શરમાવું પડે."

# આ અમારૂં ઈમાન છે

## ایمان مُجمَل

اٰمَنُتُ بِاللّٰهِ كَمَا هُوَ بِاَسُمَائِهٖ وَ

صِفَاتِهٖ وَ قَبِلُتُ جَمِيُعَ اَحُكَامِهٖ

## નાનો કલિમો

ઈમાન લાવ્યો હું અલ્લાહ પર જેવા અલ્લાહના નામો અને એની સિફાતો છે. અને મેં તેના તમામ અહકામને કબુલ કર્યા.



# આ પણ અમારૂં ઈમાન છે

## ایمان مُفَصَّل

اٰمَنُتُ بِاللّٰهِ وَ مَلٰئِكَتِهٖ وَ كُتُبِهٖ وَ رُسُلِهٖ

وَالُيَوُمِ الاٰخِرِ وَالُقَدُرِ خَيُرِهٖ وَ شَرِّهٖ

مِنَ اللّٰهِ تَعَالٰى وَالُبَعَثِ بَعُدَ الُمَوُتِ.

## મોટો કલિમો

હું ઈમાન લાવ્યો અલ્લાહ ઉપર અને તેના ફરીશ્તાઓ ઉપર અને તેની કિતાબો ઉપર અને તેના રસુલો ઉપર અને કિયામતના દિવસ ઉપર અને અલ્લાહ તરફથી તેની ભલી તકદીર પર અને મૌત પછી ઉઠાવવા પર.

(નોંધ : અમે “وَشَرِّهٖ” બુરી તકદીર અલ્લાહ તરફથી છે. આ વાત કબૂલ કરતા નથી. જો બુરી તકદીર અલ્લાહ જ ઘડતો હોય તો પછી ઈન્સાન કેવી રીતે અઝાબને પાત્ર બને.)

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પેજ નં. |
|---|---|---|
| ● | પ્રસ્તાવના | XV |
| (૧) | હક એક અટલ સચ્ચાઇ | ૧ |
| (૨) | અમારો અકીદો | ૨ |
| (૩) | કરોડોની મુસ્લિમ ઉમ્મતને અને સાથે કરોડોની મોમિનોની વસ્તીને પણ જહન્નમી અને મુશરિક બનાવતો દારૂલ ઉલૂમ કંથારીઆનો ફતવો | ૩ |
| (૪) | મવ. ઈસ્માઇલ મનુબરી સાહેબની સાચી ઓળખ | ૫ |
| (૫) | ઉપરોક્ત ફતવા ઉપર એક ચર્ચા | ૧૨ |
| (૬) | અમારે તો કોઈના ફતવાની જરૂરત નથી | ૧૮ |
| (૭) | અલ્લાહે બાતિલના ફતવાઓની ધજ્જીઓ ઊડાડી દીધી છે | ૨૨ |
| (૮) | ફતવો તો આ કહેવાય? ઈમામ ખોમેનીનો ફતવો | ૨૯ |
| (૯) | તવહીદ તો આ કહેવાય જે સમગ્ર દુનિયાને ધ્રુજાવે | ૩૪ |
| (૧૦) | પેગંબરે ઈસ્લામની વફાત થઈ કે તરત જ અનસાર અને મોહાજિર બધા જ સહાબા ખલીફાની ચુંટણી કરવા માટે સકીફા બની સઅદહ પહોંચી ગયા હતા. તે બાબત... | ૪૧ |
| (૧૧) | વિલાયતનું ઉચ્ચોચ્ચ શિખર | ૪૪ |
| (૧૨) | એહલે બયતની દુશ્મની ઉપર ચણાયેલી ઈસ્લામની ઈમારત | ૪૬ |
| (૧૩) | ખિલાફતની ખીચડી | ૪૭ |
| (૧૪) | અલ્લાહના નબી ઉપર એક તોહમત | ૫૦ |
| (૧૫) | હઝરત અલી(અલ.) ઉપર હઝરત અબુબકરથી બયઅત કરવા માટે ઝુલમ કરવો અને રસુલુલ્લાહની પ્યારી એકલોતી બેટી જનાબે ફાતેમા(સલા.)ના ઘરને સળગાવવું | ૫૧ |
| (૧૬) | હઝરત અલી(અલ.)એ કોઈપણ ખલીફાથી બયઅત લીધી નથી | ૫૬ |
| (૧૭) | દીનમાં ફેરફાર-તબ્દીલી થવું | ૫૯ |
| (૧૮) | ચારે ફિકહના પ્રવકતામાંથી એક પણ પ્રવકતા રસુલુલ્લાહ સલ.ની અવલાદમાંથી નથી | ૬૦ |





| | | |
|---|---|---|
| (૧૯) | મુનાફિકોથી ભરેલું મદીના | ૬૧ |
| (૨૦) | ખાલિદ બિન વલીદ સૈફુલ્લાહ કે સૈફે અબુબકર? | ૬૩ |
| (૨૧) | મુરતદીનનો ફિતનો | ૬૪ |
| (૨૨) | તબ્લીગી જમાતના હઝરતજીની કિતાબ હયાતુસ્સહાબામાં સકીફા બની સઅદહમાં ખલીફાની ચુંટણીનો ઉલ્લેખ | ૬૯ |
| (૨૩) | પાછલી ઉમ્મતોની હાલત | ૭૩ |
| (૨૪) | મારા બાપના મિમ્બર પરથી ઉતરી જાઓ | ૭૪ |
| (૨૫) | પ્રથમ ત્રણ ખલીફાઓની ખિલાફતના પચ્ચીસ વર્ષ | ૭૭ |
| (૨૬) | હઝરત અબુબકર અને હઝરત ઉમરના શાસનકાળમાં બની હાશિમને (રસુલુલ્લાહના ખાનદાનવાળાઓને) મદીનાથી બહાર જવાની ઈજાઝત ન હતી | ૮૦ |
| (૨૭) | શહીદે કરબલા ઈમામ હુસૈન(અલ.)ની શહાદતના બીજ ક્યાં રોપાયા? | ૮૩ |
| (૨૮) | સૌથી મોટો ઈબાદત ગુજાર શયતાન શા માટે મરદૂદ થઈ ગયો? | ૮૯ |
| (૨૯) | જે લોકો કહે છે કે પ્રથમ ત્રણ ખલીફાઓ અને હઝરત અલી(અલ.) વચ્ચે ખિલાફત અંગે કોઈ ઝઘડો ન હતો તેઓ જરા આ પણ વાંચે | ૯૦ |
| (૩૦) | ખલીફાઓના મુલકો ફતેહ કરવાના ઝુલમનું શિબ્લી નોઅમાની ઢોલ પીટી રહ્યા છે | ૯૪ |
| (૩૧) | ઝંજીરોમાં જકડાયેલું કાબા | ૯૬ |
| (૩૨) | કોઈપણ સાચો સૈયદ કદીપણ સુન્ની હોઈ શકતો નથી | ૯૭ |
| (૩૩) | ઈતિહાસના ગપગોળા | ૧૦૦ |
| (૩૪) | કેટલાક જુઠ્ઠા કિસ્સા | ૧૦૬ |
| (૩૫) | ઈસ્લામ બચે કે ન બચે રિસાલત બચે કે ન બચે પરંતુ સહાબીય્યત બચાવવી છે. શા માટે? | ૧૦૮ |
| (૩૬) | કિતાબોમાં સતત થતી કાપકૂપ, ફેરફાર, દરેક નવા પ્રકાશન વખતે થતો ફેરફાર | ૧૧૬ |


●

بسم الله الرحمن الرحيم

# પ્રસ્તાવના

આ કોઈ અલગથી કિતાબ લખવાનો વિચાર ન હતો ન લખતી વખતે મારો હેતુ આ હતો કે મારા આ લખાણને અલગ કિતાબ તરીકે પ્રકાશિત કરીશ. પરંતુ આપણી ઘણાં સમય પહેલાં પ્રકાશિત થયેલી કિતાબ ઉર્દૂમાંથી અનુવાદ ''મસલએ ખિલાફત કા સહી હલ'' લેખક આલી જનાબ મુઝફ્ફરઅલી ખાન સાહેબ જનરલ સેક્રેટરી ઓલ ઈન્ડિયા અંજુમને ઈમામિયા દરિયાબાદ, ઈલાહાબાદ યુ.પી. છે. ખિલાફતના વિવાદનો સાચો ઉકેલને રીપ્રિન્ટ કરવાની હતી. જુની પ્રિન્ટમાં રાઈટીંગ નાના હતા, જે અમોએ આ વખતે રાઈટીંગ મોટા કરાવી ફરી કંપોઝ કર્યું. તેની પ્રસ્તાવના રૂપમાં કિતાબની અંદરના મુદ્દાઓને ટુંકમાં સમજાવવાનો ઈરાદો કર્યો. અસલ કિતાબના તો ગુજરાતીમાં ૪૦૦ જેટલાં પેજ છે. મેં આ કિતાબનું નામ વધુ સહેલું બનાવતાં ''પેગંબરે ઈસ્લામ પછી ખિલાફતનો ઝઘડો'' રાખ્યું. પછી આ રીપ્રિન્ટ કિતાબની પ્રસ્તાવના લખવા બેઠો તો ઘણું બધું લખાઈ ગયું. ત્યારે મને થયું કે આ પ્રસ્તાવનાને નાની પુસ્તિકા તરીકે અલગથી પણ




પ્રકાશિત કરૂં, જેથી વધુ કામકાજવાળા લોકોને ઓછો સમય મળતો હોય આસાનીથી આ પુસ્તિકાનો અભ્યાસ કરી શકે, પછી બધા જ મુદ્દાઓને ઘણાં વિસ્તારથી વાંચવા હોય તો મોટી અસલ કિતાબ પણ વાંચે. મેં તબ્લીગના હેતુસર એમાં અમુક પેજોનો વધારો કર્યો. આ પ્રસ્તાવનાને જાણે વાંચક કોઈ કિતાબ જ વાંચતો હોય એમ લાગે તે માટે જરૂરી ઠીકઠાક કરી પ્રકાશિત કરી રહ્યો છું. ઉમ્મીદ રાખું છું કે અલ્લાહ આ પુસ્તિકાને ઈન્સાનો માટે હિદાયતરૂપ બનાવશે.

**આ પુસ્તિકામાં પ્રથમ મેં દારૂલ ઉલૂમ કંથારીઆ માસિકનો એક ફતવો પણ લીધો છે. ઉપરાંત તે ફતવા ઉપર ચર્ચા પણ કરી છે.**

હવે પછી મૂળ કિતાબની રીપ્રિન્ટ કરીશ ત્યારે આ પ્રસ્તાવનાને ખૂબ જ ટુંકી કરી નાખીશ. અલ્લાહ આપણને એહલેબયતનો દરજ્જો સમજવાની તૌફીક આપે. અલ્લાહ આપણને ગફલતની નીંદમાંથી બહાર લાવે, અલ્લાહ આપણને હક અને નાહક વચ્ચેનો તફાવત સમજવાની તૌફીક નસીબ ફરમાવે. અલ્લાહ મોહંમદ અને આલે મોહંમદ(સલ.)ના સદકામાં આપણી દુઆઓને કબુલ ફરમાવે.

اللهم صل على محمد وآل محمد

નાચીજ



بسم الله الرحمن الرحيم

## (૧) હક એક અટલ સચ્ચાઈ

જો કોઈ જમાનામાં - કોઈ કોમમાં એક બાતિલ વિચારધારા ચાલી પડી, ગલત અકીદાઓ રિવાજ પામી ગયા, વળી આ બાતિલ અકીદાઓ એક દીન બનીને ઈન્સાની સમાજ ઉપર પ્રભુત્વશાળી બની ગયા, તો તે બાતિલ અકીદાઓની કામ્યાબી નથી, બલ્કે તે બદબખ્ત ખબીસતરીન ઈન્સાનોની ખબાસત છે જેમણે આ અસત્યને ફેલાવ્યું.

હકના માટે આ વાત આપણા દિમાગમાં સ્પષ્ટ હોવી જોઈએ કે હકની ઓળખ આ નથી કે, જીતે તો હક છે અને હારે તો બાતિલ. બલ્કે હક એક કાયમી અને અટલ સચ્ચાઈનું નામ છે. જેને દુનિયા માને કે ન માને, તે દરેક રીતે હક જ રહે છે.

હકના હક હોવાની આ શરત નથી કે દુનિયા તેને માની લે. દુનિયાનું માનવું કે ન માનવું હક અને બાતિલની કસોટી નથી. જો દુનિયા હકને નથી માનતી તો તે દુનિયાની નિષ્ફળતા છે. દુનિયાની અધોગતિ છે. હકની નિષ્ફળતા નથી. હક જીતીને પણ કામ્યાબ જ રહે છે, અને હારીને પણ કામ્યાબ જ રહે છે. જેવી રીતે કે અમીરૂલ મોઅમેનીન હઝરત અલી ઈબ્ને અબીતાલિબ(અલ.)ની રસૂલે ઈસ્લામના



આ દુનિયાથી પડદે થયા પછીની ૨૫ વર્ષની જિંદગી જોઈ લો, પછી આપને જાહેરી ખિલાફત મળી ત્યાર બાદની આપની જિંદગીની જંગોનો પણ અભ્યાસ કરો, જમલ, સિફ્ફીન અને નહરવાનને જુઓ, કરબલાને જોઈ લો.

દુનિયાના અસ્તિત્વથી બે વિચારધારાઓ હંમેશા મોજૂદ રહી છે. હક અને બાતિલ. આ બંને હંમેશા એકબીજા સાથે ટકરાતાં રહ્યાં છે. અલ્લાહવાળાઓની આ જવાબદારી રહી છે કે તેઓ નિરંતર બાતિલને પડકારતા રહે. પોતાની શક્તિ પ્રમાણે જદ્દોજહદ કરતા રહે. શુદ્ધ નિય્યતથી હકને ગાલિબ કરવા પોતાની દિમાગી શક્તિઓનો ઉપયોગ કરી, બાતિલને પછાડવાની કોશિશમાં લાગેલા રહે. ફેંસલો અલ્લાહ ઉપર છોડી દે.

●

## (૨) અમારો અકીદો

અમે કોઈપણ કલિમાગો ઈન્સાનોને કાફિર કહેતા નથી અમે એમ માનીએ છીએ કે જે લોકો ઈમાને મુજમલ અને ઈમાને મુફસ્સલમાં વર્ણવાયેલી વાતો ઉપર ઈમાન લાવે છે તે મુસલમાનો છે અમે તેઓને મુસલમાન માનીને તેમનો ઝબીહા પણ ખાઈએ છીએ. એક વાત ચોક્કસ છે કે અમે તેઓને મોમિન નથી ગણતા.

રસુલુલ્લાહ(સલ.) એક વખત માલે ગનીમતની વહેંચણી કરતા હતા. ત્યારે એક બદુએ એલફેલ બોલી કહ્યું કે તમે ઈન્સાફ નથી કરતા. આપ(સલ.) ગુસ્સે થઈ ગયા. આઘાત સાથે ફરમાવ્યું કે જો હું ઈન્સાફ નહીં કરૂં તો દુનિયાનો બીજો

કયો વ્યક્તિ ઈન્સાફ કરશે? આવી તો બીજી બે ત્રણ વાતો આવા અરબના ગામડીયાઓ તરફથી પેશ આવી, જેના કારણે રસુલુલ્લાહ(સલ.)ને આઘાત લાગ્યો. ત્યારે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે પોતાના મહબુબ(સલ.)ને આશ્વાસન આપતાં કુરઆનમાં ફરમાવ્યું : “અય રસુલ! આપ આ લોકોની આવી વાતોથી આઘાત ન અનુભવો. આ બદુઓ હજી ઈસ્લામમાં દાખલ થયા છે, મુસલમાન થયા છે પણ મોમિન નથી બન્યા.”

અમારો કહેવાનો હેતુ આ છે કે અમે કલિમએ તૈયબા لَا اِلٰهَ اِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰه પઢનારાઓને મુસલમાન માનીએ છીએ, મોમિન નથી માનતા.

•

## (૩) કરોડોની મુસ્લિમ ઉમ્મતને અને સાથે કરોડોની મોમિનોની વસ્તીને પણ જહન્નમી અને મુશરિક બનાવતો દારૂલ ઉલૂમ કંથારીઆનો ફતવો

એહલે સુન્નત વલ જમાતનું તરજુમાન
દારૂલ ઉલૂમ માસિક
એપ્રિલ - ઈ.સ. ૨૦૦૫
સફર-રબી. અવ્વલ હિ.સ. ૧૪૨૬
દારૂલ ઉલૂમ અરબીય્યહ ઈસ્લામિય્યહ ભરૂચ
મહમુદનગર, મુ. પો. કંથારીઆ પિન કોડ : ૩૯૨૧૬૨
તા. જિ. ભરૂચ (ગુજરાત ઈન્ડિયા)



ઉપરોક્ત માસિકના પેજ નં. ૫૯ ઉપર આ ફતવો છપાયેલો છે જેને અક્ષરસઃ જેવો ને તેવો અમે છાપી રહ્યા છીએ.

| બોત્તેર દોઝખી ફિર્કાઓ પૈકી મુસ્લિમ બાતિલ ફિર્કાઓ | | પવિત્ર ધર્મ ઇસ્લામના સિવાય અન્ય બાતિલ ધર્મો | |
|---|---|---|---|
| ૧ | મુઅ્તઝિલિય્યત | ૧ | યહૂદિય્યત |
| ૨ | મરજિય્યત | ૨ | ઉઝૈરિય્યત |
| ૩ | ખારજિય્યત | ૩ | મસીહિય્યત |
| ૪ | સબાઈય્યત | ૪ | મજૂસિય્યત |
| ૫ | અલવિય્યત | ૫ | બઅ્લબકિય્યત |
| ૬ | ફાતિમિય્યત (દાઉદી બિરાદરો) | ૬ | સનાતનિય્યત |
| ૭ | ઈસ્નાઅશરિય્યત | ૭ | બૌદ્ધિય્યત |
| ૮ | શીઈય્યત | ૮ | જૈનિય્યત |
| ૯ | આગાખાનિયત | ૯ | સ્વામિય્યત |
| ૧૦ | બહાઈય્યત | ૧૦ | હુબૂલિય્યત |
| ૧૧ | મેહદવિય્યત | ૧૧ | ઉઝ્ઝિય્યત |
| ૧૨ | કાદયાનિય્યત | ૧૨ | લાતિય્યત |
| ૧૩ | મિર્ઝાઈય્યત | ૧૩ | મનાતિય્યત |
| ૧૪ | ચકરાવલિય્યત | ૧૪ | રામિય્યત |
| ૧૫ | રઝાખાનિય્યત (બરેલ્વી) | ૧૫ | લક્ષ્મિય્યત |
| ૧૬ | મવદૂદિય્યત(જમાતે ઈસ્લામી) | ૧૬ | શંકરિય્યત |
| ૧૭ | પરવેઝિય્યત | ૧૭ | વિષ્ણુય્યત |
| ૧૮ | ગેર મુકલ્લિદિય્યત(એહલેહદીસ) | ૧૮ | બિસનુય્યત |
| ૧૯ | મમાતિય્યત | ૧૯ | હનુમાનિય્યત |
| ૨૦ | રોશન ખયાલિય્યત | ૨૦ | અવતારિય્યત |
| ૨૧ | ભજનિય્યત | ૨૧ | ક્રિશ્ચિનિય્યત |
| ૨૨ | નેચરિય્યત | ૨૨ | સીખિય્યત |
| ૨૩ | મુલહિદિય્યત | ૨૩ | આર્યસમાજિય્યત |
| ૨૪ | કુબૂરિય્યત | ૨૪ | નાસ્તિકિય્યત |
| શિર્ક કરવાથી ઈમાન ખારિજ થઇ જાય છે અને સદા માટે દોઝખી બની જવાય છે. માટે મહેરબાની ફરમાવી મુસ્લિમોએ અવલિયાએ કિરામ(રહ.)ની પુજાપાઠ કરી મુશરિક બનવું નહિ. *(સૂ. માઈદાહ-૭૨, સુ. બય્યિનહ-૬)* | | જગતના સર્વ માનવીઓએ પવિત્ર ધર્મ ઈસ્લામનો જ સ્વીકાર કરવો જરૂરી છે. જે કોઈ બદનસીબ માનવી પવિત્ર ધર્મ ઈસ્લામનો અસ્વીકાર કરશે અને પોતાના બાતિલ ધર્મોને વળગી રહેશે તો આખિરતમાં તેને હંમેશાહમેશ દોઝખનો અઝાબ ભોગવવો પડશે. *(સૂ. નિસાઅ-૫૬, સુ. અહઝાબ-૬૮)* | |

# (૪) મવ. ઈસ્માઈલ મનુબરી સાહેબની સાચી ઓળખ

મવ. ઈસ્માઈલ મનુબરી સાહેબ અત્યારે ઘણા જ ઝઈફ ઉમરના આલિમ છે. નિવૃત્ત જીવન જીવી રહ્યા છે. આધેડ ઉમરથી ઉપરોક્ત દારૂલ ઉલૂમના મોહતમિમ હતા. દારૂલ ઉલૂમને આટલા વિકાસના પંથે લઇ જનાર વ્યક્તિ ખરેખર તારીફને લાયક છે. એક નાની વિકાસ પામતી સંસ્થાને આટલે ઊંચે લઇ જઇ, આટલી વિશ્વવિખ્યાત બનાવવી કંઇ નાનું કામ નથી. ખૂબ જ ઈખ્લાસ સાથે નેક નિય્યત સાથે આપે જિંદગીની એક લાંબી મુદ્દત આ સંસ્થાની સેવા કરી છે. માદ્દાપરસ્તી કે દુનિયાપરસ્તીથી આ વ્યક્તિ હંમેશા દૂર રહ્યા છે. ન ખાવા પીવાના શોખીન છે કે ન પહેરવા રહેવાના શોખીન છે. બસ તદ્દન સાદી જિંદગી વિતાવી છે. આ બુઝુર્ગે પોતાની આખી જિંદગી દીનની સેવામાં ખર્ચી નાખી છે. આપ સ્વભાવે ઘણાં જ નમ્ર છે. દયાળુ પણ એટલા બધા છે કે આપણે નવાઇ પામીએ. આપ દેવબંદી મકતબે ફિક્રના ઘણાં મોટા વર્ગમાં એક માન્યવર બુઝુર્ગ છે. મારી સાથે એમનો ઘણો જ ઘરોબો સંબંધ રહ્યો છે. મુ. ટંકારીઆ તા. જિલ્લા ભરૂચ ખાતે સેવા આપતા એમના જેવા જ એક સારા આલિમ મૌલાના યુસુફ દાવુદ લીંબાડા હથુરણવાલા જેઓ મારા ઉસ્તાદ હતા. મવ. ઈસ્માઈલ મનુબરી અને મવ. યુસુફ બંને સરખી ઉમરના અને સારા દોસ્ત હતા. મવ.



ઈસ્માઈલ મનુબરી અઠવાડિયે-પખવાડિયે ટંકારીઆ મોલ્વી યુસુફ સાહેબને મળવા આવતા. મવ. યુસુફ સાહેબ મોટે ભાગે એકલા જ રહેતા હતા. એમનું કુટુંબ વતનમાં રહેતું હતું. જેઓ હાફિઝે કુરઆન હોવા સાથે ઘણાં ઊંચા દરજ્જાના આલિમ હતા. જેથી મવ. મનુબરી સાહેબ રાતવાસો મવ. યુસુફ સાહેબના ઘેર કરતા. હું તો મવ. યુસુફ સાહેબનો તાલિબે ઈલ્મ હતો. મારા સમયનો મોટો ભાગ મૌલાનાની પાસે જ ગુઝરતો. ઘણે ભાગે રાતવાસો પણ ત્યાં જ કરતો. હું તેમની પાસે ઈલ્મ શીખતો હતો.

મવ. ઈસ્માઈલ મનુબરી સાહેબ જ્યારે ટંકારીઆ આવે ત્યારે રાતના ૧૨ વાગ્યા સુધી બંને બુઝુર્ગો વાતો કરતા, વાતો પણ ઈલ્મી જ કરતા. મૌલાના યુસુફના સ્વભાવમાં હસમુખપણું ઘણું હતું. પરંતુ મવ. ઈસ્માઈલ મનુબરી સાહેબ તો ઘણાં જ ધીર, ગંભીર, આખેરતની હંમેશા ચિંતા કરનારા હતા. જરૂરત પ્રમાણે જ બોલતા. હું તો આ બંને બુઝુર્ગોથી ઉમરમાં નાનો હોઇ ઉપરાંત મવ. યુસુફ મારા ઉસ્તાદ પણ હોઇ આ બંનેની ખિદમતમાં રહેતો. ચા પાણી નાસ્તો પણ લાવી આપતો.

મવ. ઈસ્માઈલ મનુબરી સાહેબ મવ. યુસુફની પાસે રાતવાસો કરતા. આપ મનુબર ગામના સ્થાનિક મદ્રસામાં સેવા આપતા હોઇ રાતે ચાર વાગે ઊઠી જઇ (અમને સૂતા રાખી) નમાઝે શબ અદા કરી અંધારામાં પગપાળા મનુબર જવા નીકળી જતા. ચાલતાં ચાલતાં રસ્તામાં જ્યાં ફજર થાય

ત્યાં ખેતરમાં જ નમાઝે ફજર અદા કરી લેતા. બરાબર મદ્રસાના સમયે મનુબર હાજર થઈ જતા. હું ચોક્કસ નથી કહી શકતો કે ટંકારીઆથી મનુબર ગામ કેટલું દૂર હશે. છતાં દસ-બાર કિલોમીટરનો ફાસલો તો ખરો જ. આપ પોતાના મદ્રસાના સદર મુદર્રિસ હતા. ગામના મુતવલ્લીઓ એમનો પગાર વધારવાનું કહેતા તો જણાવતા કે મારે તો થઈ રહે છે. બીજા ઉસ્તાદોનો પગાર વધારો. જો કે તે સમયે આપ બચરવાળ પણ હતા.

ઘણીબધી ઘટનાઓમાંથી ફક્ત એક બે ઘટનાઓની જ હું અત્રે ચર્ચા કરૂં છું. યુ.પી.ની મિટ્ટીમાં જ કંઈક અજબ વસ્તુ છે. યુ.પી.ના દારૂલ ઉલૂમો અને મકતબોના ચંદા માટે ઘણાંબધા ચંદો કરનારા અત્રે ગુજરાત આવે છે. તેમ તે સમયમાં પણ આવતા. એક ચંદાવાળા મોલ્વીની હકીકત મવ. ઈસ્માઈલ મનુબરી સાહેબના જ શબ્દોમાં સાંભળીએ.

મોલ્વી યુસુફ! હું મગરિબની નમાઝ પછીના નવાફિલથી ફારિગ થયો ત્યારે અમારા મનુબરની મસ્જિદ લગભગ ખાલી હતી. એક ખૂણામાં કોઈ મુસાફર જેવો માણસ બેઠો હતો. હું પાસે ગયો પુછતાં ખબર પડી કે યુ.પી.ના કોઈ મદ્રસાનો ચંદો કરનાર મોલ્વી છે. મને થયું કે લાવ આ વ્યક્તિને ઘેર જમવા લઈ જાઉં. ઘરવાળાઓએ તો બધાએ ખાઈ લીધું હશે. હું એકલો જ બાકી હતો. વિચાર્યું કે પ્રથમ એકલા મેહમાનને જમાડી દઈશ, પછી જરૂરત જણાશે તો એકાદ રોટલો બનાવીને હું જમી લઈશ. ખીચડી અને દૂધીનું શાક બનાવેલ



હતું. હું ચંદાવાળા મોલ્વીને ઘેર લઈ ગયો. જમવા બેસાડયો તે તો મારા તરફ જોઈને ગુસ્સો કરવા લાગ્યો. "યે ક્યા ખાને કા? કુછ લવાઝેમાત તો લાઓ" હું ઘરની બહાર નીકળ્યો દુકાન બાજુમાં જ હતી ત્યાંથી પાપડ લીધા. મિસીસને કહ્યું કે મહેમાનને બે પાપડ શેકી આપો. પાપડ મળ્યા પછી પણ એ ભાઈ તો ટટરવા લાગ્યા. કુછ અચાર વગૈરહ તો લાવ? હું ઘરમાંથી એક નાની વાડકી લઈ ઘરની બહાર આવી દુકાનવાળા પાસે ગયો. પરંતુ દુકાનમાં અચાર ન હતું. પાડોશીના ઘેર ગયો ત્યાંથી પણ અચાર ન મળ્યું. ત્રીજા ઘેરથી મને અચાર મળ્યું તે લાવી આવ્યું ત્યારે પેલા મહેમાને ખાધું.

મવ. યુસુફ સાહેબ આ સાંભળી હસવા લાગ્યા. હું પણ હસી પડયો. મવ. યુસુફ સાહેબે કહ્યું : મૌલાના! આવા લુચ્ચાઓને તો બાવડું પકડીને બહાર કાઢી મુકવાના. મફતીયા ખાવાનું ને ઘર માલીકને હેરાન કરવાનો. મોલવી યુસુફ! મારાથી એવું નથી થતું દોસ્ત. મવ. ઈસ્માઈલ મનુબરી બોલ્યા.

ત્યાર બાદ તો બંને બુઝુર્ગો ઈંગ્લેન્ડ ચાલ્યા ગયા. જુન ૧૯૭૧ થી જુલાઈ ૧૯૮૮ સુધી. મારા જુના રહેઠાણની જગ્યાએ જે મદ્રસાનો હું સ્થાપક અને સંચાલક હતો તેનો મુખ્ય સર્વેસર્વા ટ્રસ્ટી હતો. વળી તે મદ્રસાનો સદર મુદર્રિસ પણ હતો. મારા હાથનીચે બીજા ચાર ઉસ્તાદો હતા. મદ્રસાના કુલ પાંચ ક્લાસ હતા. ત્રણ સવારના અને બે ક્લાસ બપોરે ચાલતા. મને પગાર પણ મળતો હતો. તે મદ્રસાના મૂળ

મકાનને ખરીદવાના નાણાં પણ જનાબ મવ. ઈસ્માઇલ મનુબરી સાહેબે ઇંગ્લેન્ડથી મોકલ્યાં હતાં. તે મકાનોના ઉદ્‌ઘાટન વખતે પચાસ સાઇઠ માણસોની મોટી ખાવાની દઅ્‌વત મારા ઘરે રાખી હતી. જેમાં તબ્લીગી જમાતના મોટા કાર્યકરો અને આલિમો સાથે મૌલાના ઈસ્માઇલ મનુબરી સાહેબ મુખ્ય મહેમાન હતા.

ત્યારબાદની અમારી છેલ્લી મુલાકાત ઇ.સ. ૨૦૦૦ની સાલમાં થઇ હતી. શાયદ ફેબ્રુઆરી અથવા માર્ચ ઇ.સ. ૨૦૦૦ હોઇ શકે. તે પણ એકદમ અચાનક અને કુદરતી અકસ્માતરૂપી મુલાકાત હતી. કારણ કે ઇ.સ. ૧૯૮૮ની સાલથી તો મેં મદ્રસો છોડી દીધો હતો અને મારા અંદર ઇન્કિલાબ સર્જાયો હતો. ઇ.સ. ૧૯૮૮થી ઇ.સ. ૨૦૦૦ એટલે ૧૨ વર્ષ સુધી અમે મળ્યા ન હતા. મારા જુના ઘરની પાછળ ક્રિકેટનું મેદાન છે. ઘણું મોટું મેદાન છે. સાંજના હું ત્યાં પાછળ બેસી કોઇ કિતાબ પઢતો હતો. બાજુની સોસાયટીના એક ભાઇ ત્યાંથી પસાર થતા હતા. ક્યાં જાઓ છો? મનુબર રોડ ઉપર એક સોસાયટી બને છે અને ત્યાં ખુલ્લા પ્લોટ પણ મળે છે તે જોવા જાઉં છું. નવેમ્બર ૧૯૯૯ થી મેં સ્વૈચ્છિક રિટાયર્ડમેન્ટ લીધું હતું. મને સરકારમાંથી સારી એવી રકમ પણ મળી હતી. જેથી મારો પણ રહેઠાણ બદલવાનો વિચાર હતો. મેં કહ્યું હું સ્કૂટર લઇ લઉં. મારા થાપાનું ઓપરેશન દુઃખાવો કરે છે. હું ચાલી શકું નહિ. ના,ના, સ્કુટર લેવાની જરૂર નથી. આપણે પાછળના ટુંકા રસ્તે નીકળી જઇશું, ધીમા



ધીમા ચાલીશું. મેં તેમની વાત માની લીધી. ચાલ્યા, સોસાયટી જોઇ. અત્યારનું મકાન જેમાં હું રહું છું તે મકાન જોયું. પરંતુ મારા પગનો દુઃખાવો તો શરૂ થઇ ગયો હતો. પાછા ફરતાં તે સાથીદારને કામ હોઇ મેં રજા આપી દીધી. કહ્યું કે તમે ચાલતી પકડો હું રોડના રસ્તે કોઇ વાહન તલાશ કરીને આવું છું. અમે છુટા પડયા. હું મનુબર રોડ ઉપર ઊભો હતો. એટલામાં મવલાના ઇસ્માઇલ મનુબરી સાહેબ એક રીક્ષામાં મનુબરથી ભરૂચ તરફ આવી રહ્યા હતા. મને જોઇ રીક્ષા ઊભી કરી દીધી. સલામ કલામ પછી બેસી જાઓ, ક્યાં જવું છે? મેં કહ્યું ઘેર. ચાલો, રીક્ષાવાળાને કહ્યું મોહંમદપુરા સાઇડ લઇ લે. મેં પુછયું આપ ક્યાં જાઓ છો? કહ્યું દયાદરા ગામ જઇ રહ્યો છું. મેં કહ્યું તમે ઉત્તર દિશામાં જઇ રહ્યા છો અને મારે દક્ષિણ દિશામાં જવું છે. આપ મને મુખ્ય રોડ ઉપર છોડી દો, ત્યાંથી બીજી રીક્ષા મળી જશે. કહ્યું એવું શા માટે ? રીક્ષા મારી સોસાયટીના નાકે આવી ત્યારે મેં કહ્યું કે મૌલાના મને અહીં ઊતારી આપો. ના ના, મારા ઘરના આંગણામાં રીક્ષા ઊભી રાખી, મને ઊતારી તેઓ ચાલતા થયા. જણાવ્યું કે મારે કામ પતાવી રાતના જ પાછા(મનુબર) ફરવું છે. જેથી મને માફ કરશો હું ઘરમાં નથી આવી શકતો. રીક્ષામાં બેઠા બેઠા અમે એકબીજાના ખબરઅંતર પૂછતા રહ્યા.

હઝરત મૌલાના ઇસ્માઇલ મનુબરી સાહેબ સાથેની આ મારી છેલ્લી મુલાકાત છે, માર્ચ ઇ.સ. ૨૦૦૦ની. હવે તો એમ લાગે છે કે અમો ઇન્શાઅલ્લાહ જન્નતમાં મળીશું.

આટલા ઊંચા કદના આલિમ છે મવ. મનુબરી સાહેબ. આપે ફક્ત છોકરાઓના દારૂલ ઉલૂમની સ્થાપના જ નથી કરી, સાથે મનુબર ગામના પાદરમાં જામેઅતુસ્સાલેહાતના નામથી એટલો જ મોટો એક છોકરીઓને આલિમ બનાવવાના મદ્રસાની સ્થાપના પણ કરી છે. જે આપની જ કોશીશોનું પરિણામ છે. આટલા ઊંચા દરજ્જાના આલિમ જ્યારે આવો ફતવો આપે ત્યારે અમને ખૂબ જ દુઃખ થાય છે. શક્ય છે કે મૌલાનાને ઈસ્નાઅશરી બિરાદરી વિશે અને ફિકહે જાફરીના વિષયમાં સંપુર્ણ જાણકારી મેળવવાનો સમય ન મળ્યો હોય.

પૂરા વિશ્વના બધા જ દેશોમાં ફેલાયેલી કરોડોની ઈસ્નાઅશરી બિરાદરી તમામ અરબ દેશોમાં ૨૦ ટકા, ૪૦ ટકા, ૫૦, ટકા, ૬૫ ટકા અને ૯૯ ટકા વસ્તી ધરાવનારા દેશો પણ છે. તે સિવાય તમામ અરબ દેશોમાં ૩૦-૩૦ ટકા જેટલી ઈસ્નાઅશરી આબાદી છે. પાકિસ્તાનમાં ઈસ્નાઅશરી બિરાદરીની ૩૦ ટકા વસ્તી છે. કરોડોની આ ઉમ્મતને કાગળના એક ટુકડા ઉપર મુશરિક અને જહન્નમી કહી દેવામાં આવે? આ કેવી વાત! અમને ખૂબ જ આઘાત પહોંચ્યો છે.

આપણો અલ્લાહ એક
રસૂલ એક, કુરઆન એક
કાબા, કિબ્લો એક, અઝાન અને નમાઝ એક

જામે અઝહર મિસર જે વિશ્વની એક મોટામાં મોટી યુનિવર્સિટીના સર્વસર્વા વડા જનાબ શેખ સલ્તૂતનો ફતવો



ઈસ્નાઅશરી બિરાદરી અંગેનો અમો અમારી એક કિતાબ ''કયો અકીદો સાચો-રસુલુલ્લાહ સલ. પછી ચાર ખલીફાઓની ખિલાફત કે બાર ઈમામોની ઈમામત''માં છાપી ચુકયા છીએ.

શેખ સલ્તૂત જેવા વિશ્વના એક મહાન આલિમે સ્પષ્ટ શબ્દોમાં ફતવો આપેલો છે કે ''ફિકહે જાફરી'' પણ એક ફિકહ છે જેવી કે હનફી, શાફેઇ, માલિકી અને હમ્બલી ફિકહો છે. એના ઉપર અમલ કરનાર પણ એવો જ છે જેમકે બીજી અન્ય ફિકહો ઉપર. સાથે એક વાતની નોંધ પણ કરવી જરૂરી છે કે વિશ્વની સૌથી પ્રથમ પ્રચલિત થયેલી ફિકહ ફિકહે જાફરી છે. તેના પ્રવકતા ઈમામ જઅફર સાદિક(અલ.) રસુલુલ્લાહની સૌથી નજીકની સંતાનોમાંથી છે. જેઓ ઈમામ અબુ હનીફાના ઉસ્તાદ છે. અબુ હનીફાનો પોતાનો ઈકરાર છે કે જો હું પુરા બે વર્ષ ઈમામ જઅફર સાદિક(અલ.)ની પાસે ઈલ્મ ન શીખ્યો હોત તો હું કશું જ ન હોત.

•

## (૫) ઉપરોક્ત ફતવા ઉપર એક ચર્ચા

ઉપરોક્ત ફતવામાં મૌલાના સાહેબે પોતાના ફિરકા ''દેવબંદીયત'' અને બીજા બે પારિવારિક ફિરકા તબ્લીગીયત અને વહાબીય્યત ને બાકી રાખી મતલબ તેમને જન્નતી ગણી બાકીના ૨૪ ફિરકા નોંધેલા છે. બાકીના ફિરકાના નામો

તેઓ કદાચ શોધી ન શકયા હોય. ગમે તે છોડી દીધાં છે.

તેમાં આપે સાતમાં નંબરમાં "ઇસ્નાઅશરી" બિરાદરીને દોઝખી ફિરકો ગણાવેલ છે. મૌલાનાએ પોતાના ફિરકા "દેવબંદીય્યત"ને બાકી રાખી બીજા બધા જ મુસલમાનોને જહન્નમી અને મુશરિક કરાર દીધા છે. દેવબંદીય્યત કરતાં મોટો ફિરકો બરેલ્વી સુન્ની લોકોનો છે. તેઓને અને મવ. મવદૂદીની જમાતે ઇસ્લામીને તથા ગેરમુકલ્લિદ એહલે હદીસોને પણ મુશરિક અને જહન્નમી કહ્યા છે. ગેરમુકલ્લિદોની લઘુમતિ સઉદી અરબ અને બીજા અરબ દેશોમાં છે. અરબનું શાસન જલ્લાદ રાજાઓનું હોઇ ત્યાંના રાજકીય ટીકાકારને કેસ ચલાવ્યા વગર જેલમાં ધકેલી દેવાય છે. તેથી લોકો ખામોશ છે. પ્રજા વહાબી ધર્મનો વિરોધ કરતી નથી. ભારેલો અગ્નિ છે. ઇન્શાઅલ્લાહ ઇન્કિલાબ આવશે ત્યારે ચોખામાં કાંકરા જેટલા વહાબીઓ છુટા પડી જશે.

## અમારો પહેલો પ્રશ્ન

પરંતુ અહીં અમે મવલાનાને એક પ્રશ્ન પુછીએ છીએ કે આપે આપના ફતવામાં ૧૮માં નંબરે વહાબી-ગેર મુકલ્લિદો કે એહલે હદીસોને મુશરિક કહ્યા છે, જહન્નમી કહ્યા છે. આ રીતે તમારા ફતવાને દષ્ટિસમક્ષ રાખીને વિચારતાં તો કાબતુલ્લાહ અને મસ્જિદે નબવીના બધા જ ઇમામો ગેર મુકલ્લિદો છે. તેઓ કોઇપણ ઇમામની તકલીદ કરતા નથી. આપના ફતવાની રૂએ તો તેઓ મુશરિક છે, જહન્નમી છે, બાતિલ ફિરકાને માનનારા છે. તેઓના ઇમામોની પાછળ



મક્કા, મદીના અને જિદ્દહમાં તમે લોકો દેવબંદી તબ્લીગીઓ નમાઝ પઢો છો તો શું આ મુશરિકોની પાછળ તમારી નમાઝ થઇ જાય છે? કોઇપણ દેવબંદી-તબ્લીગી વ્યક્તિઓ નમાઝને દોહરાવતા નથી. તો પછી તમારા ફિરકાની નમાઝો અદા થતી જ નથી. વળી તમો લોકો તેમનો ઝબીહા પણ ખાઓ છો તો શું મુશરિકો, જહન્નમીઓનો ઝબીહા ખવાય ખરો? વિચારો, ખૂબ વિચારો.

## અમારા બીજા પ્રશ્ન અગાઉ થોડીક ચર્ચા

આપણા ભરૂચ-સુરત જિલ્લામાં લાખોની સંખ્યામાં પટેલ કોમ વસે છે. આ પટેલ કોમ પરાપૂર્વથી પંજતને પાક مُحَمَّدٌ عَلِیٌّ فَاطِمَةٌ حَسَنٌ حُسَیْنٌ ને માનનારી એહલેબયતને ચાહનારી હતી. આજથી ૭૦ વર્ષ અગાઉ મહોર્રમના દિવસોમાં આ લોકો માતમ પણ કરતા હતા. વળી મોટા મોટા ગામોમાં અને શહેરોમાં તાઝિયા પણ નીકળતા હતાં. આમાની મારી એક વાત પણ રજમાત્ર જુઠ્ઠી નથી. મારા બાળપણમાં મારા પીતરાઇ દાદી મને કહેતાં હતાં કે અમે અમારા પિયરમાં અને સાસરામાં પણ મહોર્રમના દસ દિવસો ગમ મનાવતાં હતાં. નૌહાખ્વાની કરતાં હતાં અને બંને ગામોમાં બે બે તાઝિયા પણ નીકળતાં હતાં. આ તો નવા નવા મોલ્વીઓ આવ્યા તેમણે બધું કાઢી નાખ્યું. મતલબ આ કે આ કોમને ઇમાનવાળી બનાવનારા આલિમો એહલેબયતને ચાહનારા સાદાત બુઝુર્ગો હતા. પરંતુ હુકુમત એહલેબયતના દુશ્મનો પાસે હોય તેમના ડર-ખોફથી કોઇ સ્પષ્ટ મઝહબ કે

ફિકહનું નામ આપ્યા વગર લોકોમાં જે મઝહબનો ફેલાવો કર્યો તે મઝહબ એહલેબયતની મહબ્બતની બુન્યાદો ઉપર ઊભેલો હતો. ન કે વહાબી બુન્યાદો ઉપર-એહલેબયતની દુશ્મની ઉપર. જ્યારે હું તબ્લીગી જમાતમાં જોડાયો ત્યારે માતાજી મને કહેતા હતા કે બેટા પંજતનને છોડીને તું ક્યાં જઇ રહ્યો છે ?

હિંદુસ્તાનમાં ઈસ્લામ બે તરીકાથી આવ્યો. સૌ પ્રથમ આવ્યો સાદાત બુઝુર્ગોના ઝરીયાથી. તેમાં હઝરત ખ્વાજા મુઇનુદ્દીન ચિશ્તી અને બીજા અનેક અવલિયાએ કિરામ છે. આજે ગુજરાતના ગામડે ગામડે અને શહેરોમાં પણ અવલિયાઅલ્લાહની(પીરોની) જે કબરો છે, તેઓએ સમગ્ર ગુજરાતમાં પોતાની રૂહાનિયત દ્વારા ઈસ્લામ ફેલાવ્યો હતો. તે અહલેબયતને ચાહનારો ઈસ્લામ હતો. આ અવલિયાઅલ્લાહોમાં જેમનો ઈતિહાસ સુરક્ષિત સચવાયેલો મળે છે, જેમનો શજરો મળે છે, તેમના બાપદાદા અગ્યાર ઈમામોમાંથી કોઈપણ ઈમામની અવલાદ હતા. મતલબ આ પીરો અવલિયાઅલ્લાહો અગ્યાર ઈમામોમાંથી કોઈપણ ઈમામના સાહેબઝાદા હતા. મેં પોતે પણ અનેક પીરો અવલીયાઅલ્લાહોની કબરોની ઝિયારત કરીને આ બુઝુર્ગોના શજરા(વંશાવલી) જોયા છે. આ બુઝુર્ગોએ જે ઈસ્લામ ફેલાવ્યો તે એહલેબયતનો ઈસ્લામ હતો. તેનું નામ શીઆ જાફરી કે શીઆ ઇસ્નાઅશરી એટલા માટે ન આપવામાં આવ્યું કે દિલ્લી અને ગુજરાતની તે સમયની હુકુમતો યઝીદી



બુન્યાદો ઉપર સ્થાપિત થયેલી હતી. ઝુલમ, કહર અને તલવારથી કાયમ થઇ હતી. સમરકંદ, બુખારા, અફઘાનિસ્તાન અને સિંધ થઈને તલવાર સાથે જે ઈસ્લામ હિંદુસ્તાનમાં આવ્યો તે તાલિબાની ઈસ્લામ હતો. તલવાર લઈને ચઢી આવનારા આ બાદશાહો ઈસ્લામના પ્રતિનિધિ બનીને નથી આવ્યા. આ લોકો મુલ્કગીરી-પોતાના મુલકનો વિસ્તાર વધારવા ચઢી આવ્યા હતા. તે ઈસ્લામ અત્યારે બહુમતિ પાસે છે. તલવાર સાથે ચઢી આવનાર આ મુસ્લિમ બાદશાહોએ હિંદુ પ્રજા ઉપર પણ પારાવાર ઝુલમો કર્યા છે.

એહલેબયતના બુઝુર્ગોએ, સાદાત આલિમોએ પોતાની રૂહાનિયતની શક્તિ સાથે બુદ્ધિશક્તિનો પણ ઉપયોગ કરીને આ દેશની હિંદુ પ્રજા ઉપર રજમાત્ર ઝુલમ કર્યા વગર ઈસ્લામ પ્રચાર કર્યો છે. આ બધા સુન્ની મુસલમાનો તરીકે પ્રચલિત થયા. આપણા બાપદાદા બધા જ સુન્ની મુસલમાન હતા. પંજતને પાકને માનનારા હતા. આ નવા આવેલા વહાબી-દેવબંદી ધર્મના આવવાને તો હજી ૬૦-૭૦ જેટલાં વર્ષો થયાં છે.

## અમારો બીજો પ્રશ્ન

પોતાના જહન્નમી અને મુશરિક બાતિલ ફિરકાઓમાં ૧૫ નંબરે મૌલાનાએ રઝાખાનિયત એટલે કે બરેલ્વી બિરાદરોને નિશાન બનાવ્યા છે. તો મૌલાના આપણા બધાના બાપદાદા બરેલ્વી સુન્ની હતા. તેથી મૌલાનાના મા બાપ અને પાછલા બધા જ બાપ-દાદાઓ પણ જહન્નમી ગણાશે. વળી

આ ફતવાને સાચો માનનારા તમામ લોકોના મા-બાપ દાદા બાતિલ ફિરકાના મુશરિક અને જહન્નમી ગણાશે. કારણ કે અત્યારની વહાબીય્યત, દેવબંદીય્યત, કાસિમીય્યત, તબ્લીગીય્યત કે ઈલ્યાસીય્યતને આવવાને તો હજી ૬૦-૭૦ જેટલાં વર્ષો થયાં છે. તે અગાઉના બધા જ મુસલમાનો સિવાય કે ફિકહે જાફરીને માનનારા બારા ઈમામી મોમિનોને બાદ કરતાં બીજા બધા જ મુસલમાનો સુન્ની બરેલ્વી પંજતની ફિરકાના હતા. તેઓ બધા જ મૌલાનાના ફતવાની રૂએ બાતિલ ફિરકાના મુશરિક અને જહન્નમી બને છે.

મૌલાના! પ્રશ્નો તો બીજા ઘણાંબધા પેદા થાય છે. પરંતુ મારે મારી કિતાબને પુસ્તિકા જ રાખવી છે. પુસ્તક મોટું થઈ જાય તેનો ભય સતાવી રહ્યો છે.

તેઓ પીરોની કબરો ઉપર પોતાના દીલો-દિમાગની રૂહાની ગિઝા માટે જતા હતા. કબરો કે પીરોનો વસીલો માંગતા હતા. તેઓ કદીપણ પીરોને ખુદા માનીને કંઈપણ માંગતા ન હતા. આજે સેંકડો નહિ, હજારો નહિ, લાખોની સંખ્યામાં હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી(રહ.)ની કબરો ઉપર જનારા સુન્ની બિરાદરો તેમને ખુદા માનતા નથી. જ્યાં સુધી ખુદા માનીને કોઈની પાસે કશું માંગવામાં ન આવે ત્યાં સુધી શિર્કનો ગુનો બનતો નથી. એક લાકડા કે પથ્થર પાસે ઈન્સાન કંઈ પણ માંગે. પરંતુ તેને લાકડું કે પથ્થર સમજીને માંગે તો તેની માંગણી વ્યર્થ છે, નકામી છે. પરંતુ શિર્કનો ગુનો બનતો જ નથી. હાં જો તે વ્યક્તિ લાકડા કે પથ્થરને



ખુદા સમજીને માંગે તો તે શિર્કનો ગુનો બને છે. આ રીતે હું યકીન સાથે કહું છું કે કોઈપણ સુન્ની કોઈપણ પીર કે કબરને ખુદા માનતા નથી, વસીલો માને છે.

મૌલાનાના આવા ફતવાઓ મુસલમાનોમાં નાઈત્તેફાકી પેદા કરે છે. આપણા આખા જિલ્લામાં સુન્ની દેવબંદી બંને ફિરકાને માનનારા લોકો વસે છે. બંને ફિરકામાં છોકરીઓની લેવડ-દેવડ થાય છે. સેંકડો છોકરીઓ દેવબંદીની સુન્નીઓમાં અને સુન્નીઓની દેવબંદીઓમાં છે. પરંતુ અલ્લાહનો શુક્ર છે કે ફતવાઓ હવામાં ઊડી જાય છે. આવા સુન્ની દેવબંદી છોકરા છોકરીઓના નિકાહ જો આવા ફતવાઓથી તુટી જાય તો સમાજમાં કેટલો ફસાદ ઊભો થઈ જાય. અલ્લાહ જ રહેમ ફરમાવે.

•

## (૯) અમારે તો કોઈના ફતવાની જરૂરત નથી

અલહમ્દોલિલ્લાહ! અમારે કોઈના કોઈપણ પ્રકારના ફતવાની જરૂરત નથી. મુરસલે આઝમ હઝરત મોહંમદ(સલ.)એ અમને તો મોમિન હોવાનો, જન્નતી હોવાનો ફતવો આપી જ દીધો છે. અત્યારે અમે જે જે હદીસો વર્ણવી રહ્યા છીએ તે હદીસો મુસલમાનોની સિહાહ સિત્તાની છે. તબ્લીગી જમાતની કિતાબ હયાતુસ્સહાબામાં પણ આ હદીસો છે.

પેગંબરે ઈસ્લામ(સલ.)એ ફરમાવ્યું : જેણે અલીને દોસ્ત રાખ્યા તેણે મને દોસ્ત રાખ્યો અને જેણે મને દોસ્ત રાખ્યો તેણે અલ્લાહને દોસ્ત રાખ્યો. અને જેણે અલ્લાહને દોસ્ત રાખ્યો તે જન્નતી છે.

ફરમાવ્યું : રસુલે ખુદા(સલ.)એ જેણે અલીથી બુગ્ઝ કપટ રાખ્યો તેણે મારાથી કપટ રાખ્યો અને જેણે મારાથી બુગ્ઝ રાખ્યો તેણે અલ્લાહથી બુગ્ઝ રાખ્યો અને જેણે અલ્લાહથી બુગ્ઝ રાખ્યો તે જહન્નમમાં જશે.

આવી જ હદીસો જનાબ ફાતેમા(સલા.) માટે ઈમામ હસન(અલ.) માટે અને ઈમામ હુસૈન(અલ.) માટે પણ છે. આ હદીસો મુસલમાનોની જ કિતાબોમાં છે.

આ બુઝુર્ગોથી મહબ્બત કરવી અલ્લાહથી મહબ્બત કરવા બરાબર છે. આ બુઝુર્ગોથી નફરત રાખવી અલ્લાહથી જંગ કરવા બરાબર છે. તબ્લીગી જમાતની કિતાબ હયાતુસ્સહાબામાં પણ આ હદીસો છે.

આયતે મુબાહિલા જોઈ લો. અલ્લાહનો હુકમ અમલ સાથે છે. ત્યાં તો આ વહાબીઓ કંઈપણ ફેરફાર કરી શકતા નથી. તમામ જુની તફસીરો આજથી ચારસો વરસ પહેલાંની પણ જોઈ જાઓ. તફસીરે હક્કાની અને તફસીરે મઝહરી જોઈ જાવ. અલ્લાહના હુકમથી રસુલ નજરાનના ઈસાઈઓ સાથે મુબાહેલો કરવા જાય છે.

અનેક હદીસોમાં એહલેબયતને કશ્તીએ નૂહ કહેવામાં આવી છે. રસુલે ફરમાવ્યું :



મારી એહલેબયતનું દૃષ્ટાંત નૂહ(અલ.)ની કશ્તી જેવું છે. જે તેમાં સવાર થઈ ગયો તેની બક્ષિસ થઈ ગઈ અને જેણે તેમનાથી મોં ફેરવ્યું તે ડૂબી ગયો.

ઈમામ હાકિમે આ હદીસને સહીહ કહી છે.

*(જુઓ મુસ્તદરક ભાગ-૨ પેજ-૩૪૩)*

એહલેબયતનો વિરોધ કરનારા શયતાની ટોળું છે. આ હદીસને પણ હાકિમે સહીહ કહી છે.

*(જુઓ મુસ્તદરક ભાગ-૨ પેજ-૪૪૮)*

મુબાહિલાના વિષયમાં કુરઆનની ત્રણ આયતો નાઝિલ થઈ છે. જુઓ સુરએ આલે ઈમરાન આયત નં. ૫૯, ૬૦, ૬૧ ગમે તે તફસીર અને તરજુમો પઢી જાઓ, વાંચી જાઓ. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ફરમાવે છે કે

***"તમારી પાસે ઈલ્મ આવી ગયું પછી પણ જો કોઈ આ સંબંધી તમારાથી ઝઘડો કરે તો તમે કહી દો. આવો અમે અમારા બેટાઓને બોલાવીએ તમે પણ તમારા બેટાઓને બોલાવો. અમે અમારી ઓરતોને બોલાવીએ અને તમે પણ તમારી ઓરતોને બોલાવો અમે અમારા નફસોને બોલાવીએ તમે પણ તમારા નફસોને બોલાવો. પછી અલ્લાહની સામે કરગરીએ અને જુઠ્ઠાઓ ઉપર લઅનત કરીએ."***

બીજા દિવસે રસુલુલ્લાહ(સલ.) પોતાના ઘરવાળાંઓ સાથે નીકળ્યા. હઝરત ઈમામ હુસૈન રસુલના ખોળામાં હતા. ઈમામ હસન આપ(સલ.)ની આંગળી પકડીને ચાલતા હતા. જનાબે ફાતેમા(સલા.) રસૂલની પાછળ ચાલતાં હતાં. જનાબે

ફાતેમા(સલા.)ની પાછળ હઝરત અલી(અલ.) ચાલતા હતા.

હવે તરજુમો ફરીથી વાંચો... બેટાઓની જગ્યાએ રસુલે ઈસ્લામે હસન અને હુસૈનને લીધા. પ્રથમ ત્રણ ખલીફાઓના ઘણાં બધા છોકરાં, છોકરીઓ હતાં, તેમાંથી કોઈને ન લીધાં. અલ્લાહનો હુકમ બહુવચનમાં છે. આ ખલીફાઓના ચાર પાંચ છોકરાં લઈ લેત તો પણ વાંધો ન હતો. તરજુમો આગળ વાંચો. "અમે અમારી ઓરતોને બોલાવીએ" ત્યાં પણ બહુવચન છે. રસુલે ઈસ્લામે ફક્ત જનાબ ફાતેમા(સલા.)ને લીધાં. મુસલમાનો જેમને રસુલની ચહીતી બીવી કહે છે માતાજી આયશા તેમને પણ ન લીધાં. વળી મુસલમાનો જેમને રસુલના ખાસ સાથી કહે છે તેમની બેટી હતી, માતાજી હફસા હઝરત ઉમરના બેટીને પણ સાથે ન લીધાં.

તરજુમો આગળ વાંચો. "અમે અમારા નફસોને બોલાવીએ" અહીં પણ બહુવચન છે. નફસ એટલે આત્મા, પોતાના જેવો જ પડે. રસુલે હઝરત અલી(અલ.)ને સાથે લીધા. વિશ્વના કિયામત સુધી આવનારા ઈન્સાનોને જાહેર કરી દીધું કે મારો નફસ નફસે અલી છે. આ જગ્યાએ પણ અલ્લાહનો હુકમ બહુવચનમાં છે. હઝરત અબુબકર, હઝરત ઉમર અને હઝરત ઉસ્માન પણ ત્યાં જ ઊભેલા હતા. તેમાંથી કોઈને પોતાનો નફસ ન બનાવ્યો. બહુવચન છે, ત્રણેને લઈ



લેત તો પણ વાંધો ન હતો. પરંતુ રસુલે અલી સિવાય કોઈને ન લીધા. અહીં માસુમની જરૂર હતી. ઝાલિમો ઉપર અઝાબ ઊતારવાનો હતો. અમારા અકીદા મુજબ અલી, ફાતેમા, હસન, હુસૈન(અલ.) માસુમ છે.

અમારી મહબ્બત પંજતન સાથે છે. અમારે કોઈપણ મોલવીના ફતવાની જરૂરત નથી. અમે અને અમારા મા-બાપ દાદા-દાદીઓ બધા જ જન્નતી છીએ.

●

## (૭) અલ્લાહે બાતિલના ફતવાઓની ધજ્જીઓ ઊડાડી દીધી છે

**દારૂલ ઉલૂમ દેવબંદે આપેલો ઇમરાના અંગેનો ફતવો**

આ આપણી કેવી શરીઅત? આ આપણા કેવા મસાઈલ? જેમાં અલ્લાહ પોતાની અદાલતથી હટી જાય. બિનમુસ્લિમો આપણને એમ કહેતાં કટાક્ષ કરે કે આ કેવો ઈસ્લામ? ગુનો કરે સસરો અને સજા થાય બિચારી વહુને અને બેટાને? માસુમ બાળકો બિચારા પોતાની મા ગુમાવે? મવ. શિબ્લી નોઅમાની પોતાની કિતાબ "અલ-ફારૂક" જેમાં હઝરત ઉમરની તારીફ જ તારીફ છે. તેમાં લખે છે કે ઈમામ આઝમ અબુ હનીફાની ફિકહના સંપુર્ણ મસઅલા હઝરત ઉમરના રાજ્યઅમલ દરમ્યાન બનેલા બનાવો અને ફેંસલાઓ ઉપર આધારિત છે. તેનો મતલબ તો આ થયો કે હઝરત ઉમરે રસુલે ઈસ્લામની

શરીઅતને બાજુ ઉપર મૂકી દીધી હતી. પોતે જ પોતાની મનસુફીથી શરીઅતમાં નવી નવી વાતો દાખલ કરી દીધી હતી.

અમે અમારી કિતાબ ઈસ્લામ અસત્યના ઘેરાવમાં ભાગ-૨માં જેમાં હઝરત ઉમરનું જીવનચરિત્ર છે. આપે શરીઅતમાં દાખલ કરેલી બિદઅતોની ક્રમવાર નોંધ કરી છે. રમઝાનની તરાવીહ પણ આપની બિદઅતોમાંની એક બિદઅત જ છે. નમાઝમાં હાથ બાંધવા, ફજરની અઝાનમાં અસ્સલાતો ખયરૂમ મિનન્નૌમ પઢવું પણ હઝરત ઉમરે ચાલુ કરેલી બિદઅતો છે.

ફિકહે જાફરી કહો કે બારા ઈમામી કહો કે ઈસ્નાઅશરી કહો. અમે લોકો અમારા તમામ મસાઈલ માસુમથી લઈએ છીએ. માસુમની દોરવણી અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત કરતો હોય છે. માસુમની દરેક વાત ભૂલભાલ અને નફસપરસ્તીથી પાક હોય છે. અલહમ્દોલિલ્લાહ ફિકહે જાફરીમાં એવો એકપણ મસઅલો નહીં મળે જેની કોઈ બિનમુસ્લિમ હાંસી ઊડાવે, મજાક ઊડાવે. કારણ કે ઈમામ જઅફર સાદિક(અલ.) રસુલુલ્લાહ(સલ.)ની સૌથી નજીકની અવલાદ છે. આપ અમારા છટ્ઠા ઈમામ છે. રસુલે ઈસ્લામનું લોહી-માંસ છે. જેઓ એહલેબયતે અતહારમાંથી ગણાય છે. તે સિવાયની બધી જ શરીઅતો એહલેબયતના દુશમનો એવા બાદશાહોની પેદાવાર છે. સકીફા બની સઅદહમાં જે ખિલાફતસાજી થઈ તેના પરિણામ રૂપે જે ઝાલિમ રાજાશાહી



અથવા સરમુખ્તીયારશાહીની શરૂઆત થઈ અને ખિલાફત તેના સાચા વારસદાર પાસેથી છીનવાઈ ગઈ. પછી શરીઅતની જે ઈમારત બની તે એહલેબયતે રસુલની દુશ્મની ઉપર ઊભી થઈ છે. જે શરીઅતના બધા જ મસાઈલમાં સત્ય અસત્યનું મિશ્રણ થઈ ગયું છે.

પાછલા વર્ષોમાં યુ.પી. સ્ટેટના કોઈ ગામમાં એક મુસ્લિમ કુટુંબમાં સસરાએ વહુ ઉપર બળાત્કાર ગુજાર્યો. આ વહુને બે છોકરાંઓ પણ હતાં. વહુની આ ફરિયાદ ફળિયાવાળાઓ સુધી પહોંચી. બલકે ફળિયાવાળાઓ આ ધમાલથી આપમેળે જ એકત્ર થઈ ગયા. તેઓ સીધા ગામના મોલવી પાસે ગયા. તેણે કહ્યું કે આ મસઅલો તો આવો છે કે વહુ હવે તેના પતિના નિકાહમાં રહી શકતી નથી. તે હવે કદીપણ કોઈપણ રીતે પોતાના પતિની પત્ની બની શકતી નથી. ઈમામ આઝમ અબુ હનીફાની શરીઅતનો આ મસઅલો છે. ગામના સ્થાનિક મોલવીએ પોતાના ગામના લોકોને આ ફતવો મૌખિક રીતે તો આપી જ દીધો હતો પરંતુ એને ઓફીશિયલી બનાવવા તે દારૂલ ઉલૂમ દેવબંદ પહોંચ્યો. આ વહુ જેના ઉપર સસરાએ બળાત્કાર ગુજાર્યો હતો તેનું નામ "ઈમરાના" હતું. તેનું નાનું ઘર હતું પાકું એક રૂમ રસોડાનું. ઈમરાના પોતે જ ફરિયાદ કરવા પોલીસ થાણે ગઈ હતી. ટી.વી. પ્રચાર માધ્યમોએ તે સમયના બધા જ પ્રસંગોને ટી.વી. કેમેરામાં લઈ લીધાં હતાં. ટી.વી. ઉપર આ દૃશ્યો બતાવાયાં હતાં. ઈમરાના પોતાના એક નાના બાળકને લઈ

પરેશાન હાલતમાં ઊભી હતી. તેની કેડમાં તેનો એક નાનો માસુમ પણ હતો અને સસરાની પોલીસે ધરપકડ કરી હતી.

આ તરફ દારૂલ ઉલૂમ દેવબંદે પોતાનો ફતવો જારી કરી દીધો. આ તરફ મીડિયાએ ભારે ઉહાપોહ મચાવ્યો. આ કેવો ફતવો? બિચારી વહુનો શું ગુનો? આ તેના માસુમ બાળકો તેને શા માટે છોડવાં પડે છે? તેના પતિનો શું ગુનો કે તેને પોતાની પત્ની છોડવી પડે? જો કે તે બંને વચ્ચે તો કોઈ ઝઘડો જ નથી. વળી ગુનો કરે સસરો અને સજા બેટા અને તેના પત્ની બાળકોને? આ કેવો ઈસ્લામ?

પૂરા વિશ્વમાં જ્યારે આવા નકામા બિનઈસ્લામી અને કુરઆન અને સુન્નતના વિરૂદ્ધ અપાયેલાં ફતવાની હાંસી ઉડાવવામાં આવી ત્યારે આ લોકોએ ભીનું સંકેલી દેતાં સમગ્ર ઘટના ઉપર પડદો પાડી દીધો. વળી આવું કશું બન્યું જ નથી એ રીતે વાતને સંકેલી લીધી. જો કે આ સમગ્ર ઘટના તેના પોલીસ કેસ સાથે મીડિયાના કેમેરાઓમાં તો સંગ્રહાઈલી પડી જ છે. ફિકહે હનફીના આ મસઅલાનો હજી ઊલટો ભાગ પણ છે.

જે રીતે સસરો વહુ સાથે બળાત્કાર કરે તો વહુ તેના પતિના નિકાહમાંથી હંમેશાહંમેશ માટે નીકળી જાય છે તે રીતે જો જમાઈ સાસુ સાથે ઝિના કરે તો તેની પત્ની તેના નિકાહમાંથી નીકળી જાય છે. અસ્તગફિરૂલ્લાહ.

મુસલમાનોનો તલાકનો પ્રશ્ન પણ સમગ્ર વિશ્વમાં ચકરડા ઉપર ફરે છે. ટી.વી. સિરિયલોમાં પણ મજાકમાં તલાક તલાક



તલાક બોલી આ હનફી ફિકહના મસઅલાની હાંસી ઊડાડવામાં આવે છે. આ લોકો આ રીતે ગમ્મત કરે છે.

આ ત્રણ તલાક એક સાથે બોલવાથી ત્રણ તલાક પડી જાય છે. આ ફતવો આપનારા બીજા ખલીફા ઉમર સાહેબ છે.

મુસલમાનોની પ્રખ્યાત કિતાબ ''હિદાયા'' જે હનફીઓની ફિકહની કિતાબ છે, જેમાં ફિકહના મસાએલ છે. આ કિતાબ સુન્ની દારૂલ ઉલૂમોમાં મોલવી બનનારા વિદ્યાર્થીઓને ખાસ પઢાવવામાં આવે છે. તેમાં આવા તો કંઈ કેટલાય મસાએલ છે. દૃષ્ટાંતરૂપે

''જો કોઈ કુંવારો યુવાન કે બાળક પોતે આવી કસમ લે અથવા કોઈ તેને આવી કસમ લેવડાવે કે જો તે ફલાણું કામ કરશે તો તે જ્યારે પણ શાદી કરશે ત્યારે તેની પત્નીને ત્રણ તલાક પડી જશે. તો તે બરાબર છે. તલાક પડી જ જશે.''

જો પેલો કુંવારો બાળક કે યુવાન પોતે લીધેલી કસમની શરત નહીં પાળે તો તે જ્યારે પણ શાદી કરશે ત્યારે તેની પત્નીને ત્રણ તલાક પડી જશે. આ કેવી શરીઅત ?

એજ પ્રમાણે કોઈ પોતાની પત્નીને આમ કહે કે જો તું આ કાર્ય કરીશ તો તને ત્રણ તલાક છે. અને જો તે પત્ની એ કાર્ય કરશે તો તેને ત્રણ તલાક પડી જશે.

કસમ પુરૂષ લે અને બિચારી બેગુનાહ સ્ત્રીને તલાક પડે. તેનું જીવન બગડી જાય. વિચારો, આવા બેઢંગા ફતવા ખુદાના દીનમાં હોઈ શકે? આ તો ખલીફા સાહેબોનો કંડારેલો મઝહબ છે. પરંતુ આ ખલીફા સાહેબો બદનામ ન

થાય તે માટે હદીસો ઘડાવનારા મુઆવિયા પાસે વેચાઈ ગયેલા અબુ હુરયરહ સહાબી તો હતા જ. રસુલુલ્લાહ(સલ.) ઉપર આ જુઠાણું ઢોળી દેવાનું. પછી ઈસ્લામ બદનામ ન થાય તો કોણ બદનામ થાય? આવા આલિમોને ઈસ્લામ બદનામ થવાની સહેજે પરવા નથી. બસ એમના પ્રિય પાત્રો એવા ખલીફા સાહેબો બદનામ ન થવા જોઈએ.

ઈ.સ. ૨૦૦૩ના વર્ષમાં કોઈક દિવસે "ગુજરાત સમાચારે" અંદરના એક લાંબા લેખમાં આ ફતવાની ધજ્જીઓ ઊડાવી હતી. જે વાંચીને કોઈપણ મોમિનનું માથું શરમથી ઝુકી જાય.

વધારે અફસોસની વાત તો આ છે કે આલિમો પાછા કુરઆન-સુન્નતમાં જાઈઝ અને પેગંબરે ઈસ્લામના સમયમાં પ્રચલિત એવા નિકાહે મુતાઅ એટલે શરતી નિકાહ જેમાં તલાકની (છુટા થવાની) મુદ્દત નક્કી કરવામાં આવે છે. તેની ટીકા કરે છે, જેમાં બધી જ શરતો કાયમી નિકાહની શરતો છે. ફક્ત એક જ શરત જેમાં છુટા પડવાનો સમય નક્કી કરેલો હોય છે. આ મુતાઅમાં ઈન્સાનો ઉપર ખુદાની રહમત હતી. આમા ફક્ત પુરૂષોનો ફાયદો નથી. પરંતુ તે તમામ ઓરતોનો પણ ફાયદો હતો જેઓ પોતાના આગલા પતિથી સંતાનો ધરાવતી હોય અને તેના મૃત્યુ બાદ કે તેનાથી તલાક મેળવ્યા પછી પોતાના બાળકો અને પોતાનું ઘર છોડવા ઈચ્છતી ન હોય. પરસ્પર બંનેના હકમાં નિકાહે મુતાઅ એક રહમત છે. અમે ચેલેંજ આપીને કહીએ છીએ કે આ શરતી



નિકાહ આજે પણ ઈસ્લામી શરીઅતમાં છે જ. જેના ઉપર બીજા ખલીફા સાહેબે પાબંદી લગાવી હતી. ખુદાની આ રહમત ઉપર પ્રતિબંધ મૂકવાના કારણે કયામત સુધી બનતા ઝિનાના ગુનાહો ઝીના કરનારને તો લાગુ પડશે.

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી ઈબ્ને અબીતાલિબ(અલ.)એ તે જ વખતે કહ્યું હતું કે "જો ઉમર મુતાઅને બંધ ન કરત તો કોઈ બદબખ્ત જ ઝિના કરત."

ફિકહે જાફરીમાં આ તલાકવાળો મસઅલો એકદમ બુદ્ધિગમ્ય અને કોઈના ઉપર પણ (ખાસ સ્ત્રી ઉપર) રજમાત્ર પણ ઝુલમ ન થવા પામે એવો છે. કોઈપણ બિનમુસ્લિમ જો ફિકહે જાફરીમાંના આ ફતવાને વાંચે તો તેનું દીલ પોકારી ઊઠે કે "બેશક આ અલ્લાહનો દીન છે." પતિ પત્નીમાં અગર નિભાવ ન જ થતો હોય, પત્ની કસૂરવાર હોય, તેને સમજાવવાં છતાં ન જ સમજતી હોય, વારંવાર ન સાંખી શકાય એવી વર્તણુંક ઈરાદાપૂર્વક કરતી હોય, તો તેને ત્રણ તબક્કે મહિનાઓના સમયાંતરે એક એક કરી, ત્રણ તલાક આપી શકાય છે. જેથી તેને પોતાની ભૂલો સુધારવાનો સમય મળે. પ્રથમ બે તલાક પછી તેની સાથે રૂજૂઅ(ફરીથી જોડાવું) કરી શકાય છે. આ ફતવાને અમે ઘણો વિસ્તૃત રીતે અમારી બે કિતાબમાં વર્ણવ્યો છે. જેનું દીલ ચાહે તે તેમાં વાંચી શકે છે. (૧) પતિ-પત્નીનું પારીવારિક જીવન અને તલાક (૨) શીઆ-સુન્ની ફિકહનું પૃથ્થકરણ.

●

# (૮) ફતવો તો આ કહેવાય?
# ઈમામ ખોમેનીનો ફતવો

છાશવારે વગર ફોગટની ફતવાબાજી કરનારા આલિમોના ફતવા હવામાં ઊડી જાય છે. તેને કોઇ અનુસરતું નથી. પરંતુ આવા ફતવા આપનારાઓ માટે આવા ફતવા એક વબાલ બની જાય છે. આખેરતમાં અઝાબનું કારણ બની જાય છે. કાગળના એક ટુકડા ઉપર તો કરોડો મોમિનોને જહન્નમી અને મુશરિક બનાવી દેવા તો ઘણું સહેલું કામ છે. એમાં શું બહાદુરી છે? આવો બાદશાહોવાળો ઈસ્લામ હંમેશા કુફ્ર સાથે રહ્યો છે. જ્યાં ઈસ્લામનું રક્ષણ કરવાનું હોય ત્યાં આ આલિમો ઉંદરની જેમ દરમાં ભરાઇ જાય છે. એક રજમાત્ર ખતરો વેઠવા પણ આ અલિમો તૈયાર થતા નથી. ન તો તેમનામાં આવી હિંમત છે કે કુફ્રને પડકારી શકે.

ઈન્ડિયન મૂળના એક બ્રિટિશ નાગરિક જેનું નામ સલમાન રૂશદી છે. તેણે બ્રિટિશ હુકુમતની અને ત્યાંના ઈસ્લામ દુશ્મન સંગઠનોની સાથે ભળી જઇને ''શૈતાનિક વરસીસ''નામની એક કિતાબ લખી. જેમાં આ શેતાને પેગંબરે ઈસ્લામ(સલ.)ની બેઈઝ્ઝતી થાય તેવાં લખાણો લખ્યાં. તેને પડકારતાં ઈરાનના રેહબર સૈયદ આયતુલ્લાહ રૂહુલ્લાહ ખોમેનીએ સલમાન રૂશદીના કતલનો ફતવો જારી કર્યો. કહ્યું કે આ શેતાનને જ્યાં હોય ત્યાં મારી નાખો. આ શેતાન બ્રિટનનો નાગરિક હોઇ જો મરાઇ જાય તો બ્રિટનનું નાક કપાઇ જાય તેથી વરસોથી



બ્રિટનની હુકુમત તેને પોતાના વડા પ્રધાન જેટલું સલામતી કવચ પુરૂં પાડે છે. આ શેતાનને ભોંયતળિયામાં સંતાઇ જવું પડયું. તેમ છતાંય તેના જેવું મોં નાક-ચહેરો ધરાવનારા બે વ્યક્તિઓને તો બહાદુર મોમિનોએ ભૂલભાલમાં ખતમ કરી નાખ્યા. વળી જર્મન ભાષામાં આ ચોપડીનો તરજુમો કરનારને પણ આ મોમિનોએ મારી નાખ્યો. આજે પણ આ ફતવો પોતાની જગ્યા ઉપર કાયમ છે. આ નાપાક વ્યક્તિ ક્યાંયે બહાર નીકળતો નથી. નીકળે તો છુપાઈને જાહેરાત વગર નીકળતો હશે.

આ યુગપુરૂષ ઈમામ ખોમેની વિશે બી.બી.સી. જેવી ઈસ્લામની દુશ્મન બેઈમાન સમાચાર એજન્સીને પણ ટીપ્પણી કરતાં કહેવું પડયું કે ઈમામ ખોમેની વિશ્વની એક એવી મહાન શખ્સીયત છે કે જેણે સેંકડો વરસોની શહેનશાહિયતને ખતમ કરી ઈરાનમાં ઈસ્લામને સ્થાપિત કર્યો છે. કરોડો ઈન્સાનોના જીવન ઉપર આ મહાન વ્યક્તિએ એવી અસર ઉપજાવી છે કે તે કિયામત સુધી ભૂંસી શકાશે નહિ. ખોમેની આ સદીની શ્રેષ્ઠ વિભૂતી છે. આ શબ્દો તો બી.બી.સી. જેવી ઈસ્લામની દુશ્મન સમાચાર સંસ્થાના છે. દુશ્મનો પણ જેમની તારીફ કરે તે વ્યક્તિ કેટલી મહાન હશે. વિચારો વિચારો...

સૈયદ ખાનદાનના આ મહાન સપૂત જનાબે ફાતેમા(સલા.) ના બેટા છે. અલી ફાતેમાના બેટા છે. જેમના શરીરમાં જનાબે રસુલુલ્લાહ(સલ.)નું લોહી વહે છે. આપનું મુબારક નામ આયતુલ્લાહ રૂહુલ્લાહ છે. ખોમેન

ઈરાનનું એક ગામ છે. જેથી આપને ટુંકમાં ઈમામ ખોમેની કહેવાય છે.

અત્યારના રેહબર હઝરત આયતુલ્લાહ સૈયદ અલી ખામેનાઈ જેઓ ઈમામ ખોમેનીની કોઈ સગાઈમાં નથી. ખામેના ઈરાનનું એક બીજું ગામ છે. જેથી આપના નામ પાછળ ખામેનાઈ લગાવવામાં આવે છે. આ બહાદુર પુરૂષ પણ અલી-ફાતેમાના બેટા છે. રસુલે ઈસ્લામનું લોહી માંસ છે. જેઓ આજે પચ્ચીસ પચ્ચીસ વરસોથી વિશ્વની ઈસ્લામ દુશ્મન શક્તિઓને પરાજિત કરતા આવ્યા છે. તમામ યુરોપીયન દેશો જેઓ યહુદ અને નસારા છે તે બધા યુરોપીયન દેશોનો આગેવાન અમેરીકા છે. આ મહાન પુરૂષે તમામ ઈસ્લામ દુશ્મન શક્તિઓના દાંત ખાટા કરી દીધા છે.

જ્યારે આ રહેબરનું નામ આવે છે ત્યારે મારાથી બેઈખ્તિયાર રડી પડાય છે. આંખોમાંથી વગર ઈરાદે આંસુ સરી પડે છે. જો મારી પાસે ઘરનું કોઈ માણસ ન હોય તો મારાથી રડવાનો અવાજ પણ નીકળી જાય છે. યા અલ્લાહ! આ તબક્કે દુઆ કરૂં છું કે અમારા આ રેહબરને તંદુરસ્તી ભર્યું લાંબુ આયુષ્ય આપ. આપની સાથે આપને મદદગાર એવા તમામ આયતુલ્લાહ આલિમોને પણ લાંબુ આયુષ્ય આપ. યા અલ્લાહ! તેઓની હિંમતમાં અને શક્તિમાં વધારો ફરમાવ. આ મારી એકલાની દુઆ નથી તમામ મોમિનોની આ દુઆ છે. આ રેહબર ઉપર અત્યારે કેટલું વજન છે. સમગ્ર વિશ્વની ઈસ્લામ દુશ્મન શક્તિઓથી મુકાબલો કરવાનો



છે. આટલો નાનો દેશ, મર્યાદિત સાધનો, સમગ્ર વિશ્વનો આજે પચ્ચીસ પચ્ચીસ વરસોથી બાયકોટ સહન કરવા આ કંઈ નાની સૂની વાત થોડી છે? આ રેહબર ઉપર કેટલું વજન હશે? આટલી મોટી વિશ્વની શક્તિઓની સામે સાબિત કદમ રહેવું એ અલ્લાહની મદદ વગર શક્ય નથી. જો આટલી જ વાત આપણી સમજમાં આવી જાય તો સમગ્ર વિશ્વના તમામ મુસલમાનો ફિહકે જાફરીના અનુયાયી બની જાય. હિદાયત આપનાર અલ્લાહ છે. પરંતુ હિદાયત માટે વાંચન, મેહનત, શોધખોળ કરવી જરૂરી છે.

## અમારી ઉપર લગાવવામાં આવતાં બોહતાનો

ફિકહે જાફરીને માનનારા તો ઝિનાને જાઈઝ કહે છે. તોબા તોબા, અસ્તગફિરૂલ્લાહ. આ કેટલો ગલત આક્ષેપ છે. ઝિના કેવી રીતે જાઈઝ હોઈ શકે. ઝિનાને જાઈઝ કહેનારો કાફિર છે. ઝિના કબીરો ગુનો છે, કુરઆન કહે છે. વળી કોઈક લોકો તો કહે છે કે આ લોકો તો અલીને ખુદા માને છે. વળી કોઈ લોકો તો કહે છે કે આ લોકો તો અલીનો કલિમા પઢે છે. અલીને રસુલથી આગળ માને છે. તોબા તોબા અસ્તગફિરૂલ્લાહ! વળી કોઈક કોઈક તો મોલવી ગણવામાં આવતા ૭-૭ વર્ષ પઢેલા લોકો પબ્લિકમાં કહે છે કે એ લોકોનું તો કુરઆન જુદું છે. વળી કોઈક તો કહે છે કે એ લોકો તો કુરઆનના ૪૦ પારહ છે એમ માને છે. તોબા, તોબા! અસ્તગફિરૂલ્લાહ! અસ્તગફિરૂલ્લાહ! અમારૂં કુરઆન આ જ છે જે તમામ મુસલમાનોનું છે. જેની ૧૧૪

સુરતો છે. જેની પહેલી સુરત સુરએ ફાતેહા છે અને છેલ્લી સુરત સુરતુન્નાસ છે. આવી કોઈપણ જાતની માન્યતા ધરાવનાર અમારી દ્દષ્ટિએ કાફિર છે, તે મુસલમાન નથી. આવી કોઈપણ પ્રકારની ગલત માન્યતા અમે ધરાવતા નથી.

આ વાત પણ જાણી લો કે સલમાન રૂશદીએ જે કિતાબ લખી છે તેમાં હઝરત અલી(અલ.)ની તો કોઈ વાત જ નથી. આ કિતાબમાં તો આપણા પ્યારા નબી હઝરત મોહંમદ(સલ.)ની બેઈઝ્ઝતી થાય તેવાં લખાણો છે. જેના વિરૂદ્ધ કતલનો ફતવો આપીને ઈરાને પુરા વિશ્વના ઈસ્લામ દુશ્મનોથી દુશ્મની વહોરી લીધી છે. વળી આપ સમગ્ર વિશ્વના કરોડો ઈસ્નાઅશરીઓના રૂહાની નેતા હોઈ આપે સમગ્ર વિશ્વના લોકોને આ વાતની સાબિતી આપી દીધી કે રસુલે ઈસ્લામથી મહબ્બત હોય તો અમને છે. રસુલુલ્લાહની ઈઝ્ઝત માટે ગરદન કટાવી દેવા અમે તૈયાર છીએ. અને સમગ્ર વિશ્વના કુફ્રની દુશ્મની વહોરવા પણ અમે તૈયાર છીએ. નવાઈની વાત તો આ છે કે ઈરાન જેવા નાના દેશના ફક્ત ૭ કરોડની આબાદી ધરાવતા દેશના વડાઓએ તો સલમાન રૂશદીના આવા નાપાક કૃત્ય ઉપર તેને કુફ્રનો ફતવો આપી તેને કતલ કરી નાખવાનો હુકમ જારી કર્યો. પરંતુ વિશ્વના બીજા બધા જ મુસ્લિમ દેશોના વડાઓએ પાકિસ્તાન ૧૫ કરોડની આબાદી, બાંગલાદેશ ૧૫ કરોડની આબાદી, ઈન્ડોનેશિયા ૨૨ કરોડની આબાદી. તે સિવાય મુસ્લિમ બહુમતિ ધરાવતા ૪૦ દેશોમાંથી કોઈ એક પણ



દેશના રાજાએ કે સરમુખ્ત્યારે અને ત્યાંના મુફતીઓએ સલમાન રૂશદી માટે એક શબ્દ પણ ઉચ્ચાર્યો નથી. સઉદી અરબ કે જયાં આપણો કાબા કિબ્લો છે. તેના ઝાલિમ રાજાઓએ પણ સલમાન રૂશ્દી વિરૂદ્ધ એક શબ્દ પણ ઉચ્ચાર્યો નથી.

મુસલમાનોની આ કેવી તવહીદ, તવહીદ કોની પાસે છે? આ કરોડોની આબાદી ધરાવતા મુસ્લિમ દેશો પાસે કે ઈરાન પાસે. રસુલુલ્લાહથી સાચી મહબ્બત કોને છે? અમે તો એટલું જ સમજીએ છીએ કે આ બધા જ બહુમતિ મુસ્લિમ દેશો અમેરિકાના ગુલામ છે, બ્રિટનના ગુલામ છે. હઝરત મૌલાના ઈસ્માઈલ મનુબરી સાહેબ પણ ત્યારે દારૂલ ઉલૂમ કંથારિયાના મોહતમિમ હતા એમણે પણ સલમાન રૂશદી વિરૂદ્ધ કોઈ ફતવો જારી કર્યો નથી.

•

## (૯) તવહીદ તો આ કહેવાય જે સમગ્ર દુનિયાને ધ્રુજાવે

આ વિશ્વના વહાબીઓ જેમાં સૌથી મોખરે સઉદી અરબના આલિમો છે. અરબ સંઘના બધા જ દેશોની હુકુમત વહાબીઓના શાસનમાં એક ખંડિયા રાજા કે ખંડિયા સરમુખ્ત્યાર તરીકે છે. ખેતરમાં પાકને સાચવવા કોઈ ઝાડના થડ ઉપર જુનું ફાટેલું તુટેલું ખમીશ પહેરાવી, જુઠું માથું બનાવી તેને ટોપી પહેરાવી પાક સાચવવા માટે,

શિયારવાં અને પક્ષીઓથી પાકનું રક્ષણ કરવા માટે ચાડિયા બનાવવામાં આવે છે. પક્ષીઓ અને શિયારવાં તેને માણસ સમજી દૂર રહે છે. તેવા જ ખેતરના ચાડિયાઓ જેવા અરબ રાજાઓ છે. અરબના સરમુખ્ત્યિારો છે. તેઓ અને તેમના દરબારી મુલ્લાંઓ પોતાને એહલે હદીસ મઝહબના માનનારા ગણે છે. આ જ લોકો કટ્ટર વહાબી ગણાય છે. તેમના દરબારી મુલ્લાંઓ પોતાને સૌથી વધારે તવહીદ પરસ્ત માને છે. આ લોકો સત્તા ઉપર આવ્યાને આજે લગભગ ૭૦ વરસ થયાં. ત્યારથી આ વહાબીઓ મક્કા અને મદીના અને તેની આસપાસના પ્રદેશમાંથી રસુલે ઈસ્લામની નિશાનીઓ મિટાવી રહ્યા છે. જન્નતુલ બકીઅમાંથી આ લોકોએ બારસો બારસો વરસ પહેલાં બનેલા એહલેબયત બુઝુર્ગોના રોઝાઓનો તવહીદના નામે નાશ કર્યો છે. જન્નતુલ બકીમાંથી આ લોકોએ રસૂલુલ્લાહની પ્યારી બેટી જનાબ ફાતેમા(સલા.)નો રોઝો અમારા ચોથા ઈમામ ઝયનુલ આબેદીન(અલ.)નો રોઝો, અમારા પાંચમા ઈમામ મોહંમદ બાકિર(અલ.)નો રોઝો, અમારા છઠ્ઠા ઈમામ જઅફર સાદિક(અલ.)નો રોઝો, તે ઉપરાંત હઝરત ઈમામ જઅફર સાદિક(અલ.)ની લાયબ્રેરી તથા તેમનો મદ્રસો વગેરે તમામ મકાનોના ઉપર આ વહાબીઓએ બુલડોઝરો ફેરવી દીધાં છે.

રસુલ અને આપની એહલેબયતની નિશાનીઓ આ લોકો આજે સિત્તેર સિત્તેર વરસોથી મિટાવી રહ્યા



છે. અરબ દેશોના આ રાજાઓ અને સરમુખ્ત્યિારો અમેરિકા, બ્રિટન, ફ્રાંસ અને બીજા યુરોપીયન દેશોના નોકરો છે. આ વહાબીઓ તવહીદના નામથી આ બધું કરી રહ્યા છે. આ એમની બોદી જુઠ્ઠી તવહીદ નાના સરખા ઈઝરાઈલને નમાવી શકતી નથી. જે ઈઝરાઈલ એમના માથાનો દુ:ખાવો બની ગયું છે. આ અરબ સંઘના દેશો ઉપર આ અરબ શાસકોને બેસાડતાં પહેલાં જ તેમની પાસેથી આ અમેરિકા અને તેના સાથી દેશો ઈઝરાઈલની સલામતીના કોલકરાર લે છે કે અમે ઈઝરાઈલનો વાંકો વાળ થવા દઈશું નહિં. આ નાનો સરખો યહુદીઓનો દેશ ઈઝરાઈલ પોતાની ચારે તરફ વસતા કરોડોની વસ્તી ધરાવતા મુસ્લિમ દેશોને હંફાવે છે. પાછલા બે બે અરબ-ઈઝરાઈલ યુદ્ધોમાં અરબોએ પેટ ભરીને માર ખાધો છે. ચારે બાજુના બધા જ અરબ દેશોનો અમુક ભાગ વરસોથી ઈઝરાઈલે પચાવી પાડયો છે. જે છોડવાની તો વાત જ નથી, પરંતુ હજીય વધારે પ્રદેશ કબજે કરતું જાય છે. નવી વસાહતો સ્થાપિત કરતું જાય છે.

લબનાનમાં ફિકહે જાફરીને અનુસરનારી એક નાની જમાતનું હિઝબુલ્લાહ નામનું એક નાનું સંગઠન છે. આજથી ચારેક વર્ષ પહેલાં આ ઈઝરાઈલનું લશ્કર લબનાનમાં ઘુસી ગયું હતું. આ હિઝબુલ્લાહે થોડાં સાધનો થોડા માણસો સાથે આ ઈઝલાઈલનો બરાબર ૩૩ દિવસ મુકાબલો કર્યો હતો.

ઈઝરાઈલના સૈનિકોની એટલી ખુવારી થઇ હતી કે તેણે પીછેહઠ કરવી પડી. ઈઝરાઈલે તરત જ યુદ્ધ બંધ કરી દીધું. આ હિઝબુલ્લાહના વડા સૈયદ હસન નસરૂલ્લાહ છે. હક પરસ્તોનો અલ્લાહ મદદગાર છે. આ જ લોકો ઈસ્નાઅશરીઓ સાચી તવહીદના અલમદાર છે. જેઓ ફિકહે જાફરી ઉપર અમલ કરનારા છે.

વહાબીઓની આ કેવી તવહીદ? કુફ્રની સામે ઝુકી જવાની? શું રસુલુલ્લાહ(સલ.)ની સુન્નત સુન્નતના બુમબરાડા પાડતા આ વહાબીઓને રસુલની સીરતમાં કુફ્રની સામે આવું ઝુકી જવાનો આવો હુકમ દેખાય છે? શું કુરઆનમાં આવો કોઈ હુકમ છે? પોતાના સિવાય બીજી બધી જ મુસ્લિમ દુનિયાને જહન્નમી માનતા આ વહાબીઓ પોતે જ જહન્નમી બની ગયા છે. જો કે ઈસ્લામના નામથી આ વહાબીઓ કુફ્ર ફેલાવી રહ્યા છે.

### તવહીદ તો અમારી પાસે છે

તવહીદ તે પણ સાચી તવહીદ જેમાં "અલ્લાહને તેની ઝાત અને સિફતોમાં એક માનવું" શીખવા અમારી પાસે આવો, ફિકહે જાફરી પાસે આવો. ફિકહે જાફરીનું અનુસરણ કરો. બાદશાહોના મઝહબમાં તમને ક્યાંય સાચી તવહીદ જોવા નહીં મળે. તમારી તવહીદ કુફ્રની સામે ઝુકી જાય છે.

વારંવાર અમેરીકા ઈરાનને ધમકીઓ આપે છે. તેના જવાબમાં રેહબરે પોતાના એક જુમ્આના ઉદ્બોધનમાં



અમેરીકાને ફરમાવ્યું કે આવી જાઓ, તમારી હિંમત હોય તો, અલ્લાહ ચાહશે તો બદર કાયમ થઇ જશે. નહીં તો બીજી કરબલા માટે પણ અમે તૈયાર છીએ.

સઉદી અરબ અને બીજા બધા જ અરબ દેશો પોતાની હિફાઝત માટે અમેરીકાની શરણ શોધે છે. અમેરીકાનું લશ્કર સઉદી અરબનું રક્ષણ કરે છે. કેટલાક અરબ દેશોની જમીન ઉપર અમેરીકાના લશ્કરી થાણાં પણ છે. વળી આ સઉદી અરબ પોતે હરમની હિફાઝત કરતા હોવાનો દાવો કરે છે. ત્યાંના વહાબી આલિમો પોતે એહલે હદીસ એટલે કે જાણે કોઈ નવા જ પ્રકારના તવહીદપરસ્ત હોવાનો દાવો કરે છે. અમે તો કહીએ છીએ કે વહાબીઈઝમનો પાયો નાખનાર અબ્દુલ વહ્હાબ નજદી અમેરીકાનો એજન્ટ હતો અને આ મહત્ત્વકાંક્ષી આલિમ હમ્બલી મઝહબનો હતો. તેણે અમેરીકા, બ્રિટન, ફ્રાંસ વગેરે ઈસ્લામ દુશ્મન દેશોની સહાય વડે વહાબીઈઝમનો પાયો નાખી સાચા ઈસ્લામના ઉસૂલોને બગાડી નાખવાની કોશીશ કરી. સમગ્ર વિશ્વમાં ઈસ્લામની ઘોર ખોદવાની કોશીશ કરી છે. અત્યારના બધા જ અરબ દેશો એની પકડમાં છે.

આ જુદી તવહીદના અલમદારોને અમારો પ્રશ્ન છે કે શું પેગંબરે ઈસ્લામ તે સમયની મહાસત્તાઓને તાબે થયા હતા? જે પ્રમાણે તમે મહાસત્તાઓના ગુલામ બની ગયા છો. આ કેવી તમારી તવહીદ? આ કેવો તમારો અમેરીકન ઈસ્લામ?

**૭૩ ફિરકાવાળી રસુલુલ્લાહ(સલ.)ની હદીસમાંથી જન્નતી ફિરકાની શોધ કેવી રીતે કરશો?**

રસુલુલ્લાહ(સલ.)એ ફરમાવ્યું કે મારી ઉમ્મતમાં ૭૩ ફિરકા થશે. તેમાંથી ફક્ત એક જ ફિરકો જન્નતી હશે. દરેક ફિરકો આ હદીસને સાચી માને છે. પરંતુ જરા આપણે એવું વિચારીએ છીએ ખરા કે જે ફિરકો પોતાના બુન્યાદી અકાઈદમાં ૭૨ ફિરકાથી જુદો પડે તે ફિરકો જન્નતી ગણાશે.

કોઈક ફિરકાવાળા વળી માને છે કે અમે રસુલની સુન્નતો ઉપર અમલ કરીએ છીએ, અરબી ઝભ્ભા પહેરીએ છીએ, મુઠ્ઠીભર દાઢી રખાવીએ છીએ, અમામો કે પાઘડી બાંધીએ છીએ, બેસીને જ પાણી પીએ છીએ, ઘુંટીથી ઊંચા લેંઘા પહેરીએ છીએ, સુન્નતો ઉપર અમારો ચુસ્તીથી અમલ છે. માટે અમારો ફિરકો જન્નતી ફિરકો છે.

એહલે હદીસો વળી માને છે કે અમો પહોળા પગ કરીને ઊભા રહી નમાઝ પઢીએ છીએ. નમાઝમાં હાથ છાતી ઉપર બાંધીએ છીએ અથવા અદબ વાળીએ છીએ નમાઝમાં ઊંચા અવાજથી ‘‘આમીન’’ બોલીએ છીએ. એક જ હાથે મુસાફો લઈએ. દાઢીને લટકાવી દઈએ છીએ. જેટલી વધે તેટલી વધવા દઈએ છીએ. અમે બધાથી અલગ છીએ માટે અમારો ફિરકો સાચો છે.

શું આવી સુન્નત, મુસ્તહબ, મુબાહ વાતોના કારણે આ ફિરકાઓ જન્નતી થઈ જશે?

યાદ રાખો, ખૂબ યાદ રાખો. જે ફિરકો ઈસ્લામની મૂળ



પાયાની વાતોમાં ઈસ્લામની બુન્યાદી વાતોમાં, ઈસ્લામના ઉસૂલી સિદ્ધાંતોમાં, બીજા ફિરકાઓથી છૂટો પડતો હોય, તે ફિરકો જન્નતી છે અને ગણાશે. ઈન્શાઅલ્લાહ, માશાઅલ્લાહ, દુઆમાં યાદ રાખજો, જેવા શબ્દો ઉચ્ચારવાથી કે ખાસ પ્રકારની લઢણ અપનાવવાથી કે નાની નાની સુન્નતો જે અદા ન કરવાથી ગુનો પણ બનતો નથી. તે દ્વારા કંઈ જન્નત જહન્નમનો ફેંસલો થતો નથી.

ફિકહે જાફરી કહો કે ઈમામિયા ફિરકો, બારા ઈમામી ફિરકો જેઓ રસુલુલ્લાહ(સલ.) પછી ઈમામતમાં માને છે. રસુલ પછી અલ્લાહના હુકમથી બાર ઈમામો થયા છે. જે નુબુવ્વતનો જ બદલ છે. અલ્લાહની જમીન ઉપર હુજ્જત છે. પહેલા ઈમામ હઝરત અલી(અલ.) છે અને બારમાં ઈમામ મેહદી(અલ.) છે. મતલબ જે લોકો અકીદએ ઈમામતમાં માને છે. તેઓ જ ૭૨ ફિરકાથી જુદા પડે છે. માટે ૭૩ ફિરકાવાળી હદીસમાં ૭૨ ફિરકાથી જુદો પડતો ફક્ત આ એક જ ફિરકો છે. જેને ઈસ્નાઅશરી કહે છે.

અમે મુસલમાનોની કિતાબોમાંથી આ બાબતની ઘણીબધી હદીસો અમારી કિતાબ ‘‘કયો અકીદો સાચો? રસુલે ઈસ્લામ પછી ચાર ખલીફાઓની ખિલાફત કે બાર ઈમામોની ઈમામત’’ કિતાબમાં વિસ્તારથી વર્ણન કરી ચૂકયા છીએ. જેઓ વાંચવા ઈચ્છે તેઓ ત્યાં વાંચી શકે છે.

●

## (૧૦) પેગંબરે ઈસ્લામની વફાત થઈ કે તરત જ અનસાર અને મોહાજિર બધા જ સહાબા ખલીફાની ચુંટણી કરવા માટે સકીફા બની સઅદહ પહોંચી ગયા હતા. તે બાબત......

‘‘પૈગંબરે ઈસ્લામ પછી ખિલાફતનો ઝઘડો’’ અમે આ કિતાબનું વાંચન શરૂ કરતા અગાઉ વાંચકોના મગજમાં કેટલાક પ્રશ્નો ઊભા કરવા ઈચ્છીએ છીએ.

(૧) શું પૈગંબરે ઈસ્લામે પોતાની હયાતીમાં પોતાનો કોઈ જાનશીન(ખલીફા) નિયુક્ત કર્યો ન હતો? જો આ પ્રશ્નનો જવાબ હામાં છે કે નબીએ અકરમ(સલ.)એ પોતાનો કોઈ જાનશીન(ખલીફા) નિયુક્ત કર્યો ન હતો તો બીજો પ્રશ્ન આ ઉપસ્થિત થશે કે શું રસુલુલ્લાહ(સલ.) આ વાત ભૂલી ગયા હતા? શા માટે મુકર્રર ન કર્યો? શું નબી ભૂલી જાય ખરા?

(૨) શું કુરઆનમાં અથવા હદીસમાં આવો કોઈ હુકમ છે ખરો કે નબીની વફાત પછી નબીનો જાનશીન ખલીફા નિયુક્ત કરવાની જવાબદારી આ ઉમ્મતને સોંપવામાં આવી છે. ઉમ્મત બહુમતિથી અથવા લઘુમતિથી જેને ઈચ્છે તેને પોતાના ખલીફા બનાવી દે.

(૩) જો ઉપરોક્ત પ્રશ્નનો જવાબ હા માં છે તો બતાવો કે કુરઆનની કઈ આયત અથવા મુસલમાનોની હદીસોની કઈ કિતાબમાં આવી હદીસ છે? અને જો ઉપરોક્ત પ્રશ્નનો જવાબ ના માં છે તો પછી નબીની વફાત પછી નબીના મુબારક શરીરને ગુસલ-કફન આપ્યા વગર છોડી દઈને સહાબાનું ટોળું રસૂલ(સલ.)ના ખાનદાનવાળા બની હાશિમને અંધારામાં રાખી, મદીનાથી નવ દસ કિલોમીટર દૂર સકીફા બની સઅદહ નામના એક બદનામ, ગુપ્ત સ્થળે પહોંચી ગયું. તેઓએ ત્યાં જઈને પોતાનો ખલીફા ચુંટી કાઢયો.

(૪) આ લોકોના પેટમાં ચોર ન હતો, તો પછી મસ્જિદે નબવી કેમ છોડી દીધી? જયાં રસુલુલ્લાહ(સલ.) પોતાની હયાતીમાં તમામ પ્રકારના ફેંસલા કરતા હતા, ન્યાય આપતા હતા, વિદેશથી આવતા પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરતા હતા. શા માટે રસુલના આ સહાબાઓએ મસ્જિદે નબવીની અવગણના કરી?

(૫) હઝરત અલી(અલ.) જેઓ બની હાશિમ રસૂલુલ્લાહ(સલ.)ના ખાનદાનના સરદાર હતા. તેમને પણ જાણ ન કરી, બલ્કે જનાબ અબ્દુલ મુત્તલિબ(અલ.) (રસુલના દાદા સાહેબના) અને જનાબ અબુ તાલિબ(અલ.) રસુલુલ્લાહના કાકા અને તેમનું પાલન પોષણ કરનાર એવા હઝરત અલી(અલ.)ના વાલિદ, આ બંને બુઝુર્ગોની અવલાદને અંધારામાં રાખી, આ સહાબાનું ટોળું સકીફા બની સઅદહ નામના છત્તર ઉપર પહોંચી ગયું અને ત્યાં ચુંટણીનું નાટક(ઢાંઢલી) કર્યું. શા માટે આવું કર્યું?

(૬) રસુલુલ્લાહ(સલ.) પોતાની હયાતીમાં નુબુવ્વતની

જાહેરાતથી લઈને ઈન્તિકાલના સમય સુધી લગાતાર-વારંવાર પોતાના પછી પોતાના ખલીફા તરીકે હઝરત અલી(અલ.)ની જાહેરાત કરતા રહ્યા હતા. આ બાબત મુસલમાનોની હદીસની અનેક કિતાબોમાં છે.

(૭) અલ્લાહ અને તેના રસૂલના સિલેકશનને ઈલેકશનના ઢોંગ દ્વારા શા માટે રદ કરવામાં આવ્યું? રસૂલુલ્લાહ(સલ.)ના સિલેકશનને આ લોકોએ આ રીતે રદ શા માટે કર્યું ?

(૮) મુસલમાનો કહે છે કે વફાતે રસૂલ બાદ ખિલાફત અંગે કોઈ ઝઘડો થયો ન હતો. અમો એહલેબયતના ચાહકો એહલેબયતથી મહબ્બત કરનારાઓ કહીએ છીએ કે ખિલાફત અંગે સકીફા બની સઅદહમાં મુહાજિરો અને અનસારના આગેવાનો વચ્ચે ગાળાગાળી, મારામારી, દાઢીઓનું ખેંચવું વગેરે ઘણું બધું બન્યું હતું, તલવારો પણ ખેંચાઈ હતી. જેમાં બીજા ખલીફા હઝરત ઉમર ઈબ્ને ખત્તાબનો મુખ્ય રોલ હતો. આ બધા જ સકીફાના કારકુનો ત્યાં ત્રણ દિવસ રોકાયા હતા. અરબસ્તાનના દૂરદરાજના કબીલાઓના આગેવાનો તથા ગામડાના સરપંચોને ત્યાં બોલાવવામાં આવ્યા હતા. તેઓને લાલચો આપી, દમદાટી આપી, સમજાવી પટાવીને તેઓ પાસેથી પહેલા ખલીફા હઝરત અબુબકર ઈબ્ને કહાફાની બયઅત લેવામાં આવી. એકદમ ઝડપથી આ કાર્ય કરવામાં આવ્યું. આ બાબતનો બીજા ખલીફા સાહેબનો ઈકરાર એહલે સુન્નતની કિતાબોમાં મોજૂદ છે. સકીફાના આ કારકુનો



રસુલુલ્લાહના મુબારક શરીરને ગુસલ-કફન-દફન વગર છોડીને ચાલી ગયા હતા. ત્યાં પુરા ત્રણ દિવસ રોકાયા, ત્યાં ખાવા-પીવાના રસોડાં પણ ચાલ્યાં. આ લોકો જ્યારે પાછા ફર્યા ત્યારે રસુલુલ્લાહ(સલ.)ના મુબારક શરીરને ખાકને હવાલે કરી દેવામાં આવ્યું હતું. નબીની જનાઝાની નમાઝમાં આંગળીના વેઢાં ઉપર ગણાય એટલા માણસો હતા. તે પણ રસુલુલ્લાહ(સલ.)ના પોતાના ખાનદાનના બની હાશિમના સાથે તે બે ચાર અસહાબ જેઓ હઝરત અલી(અલ.)ના ખાસ ચાહક હતા, તેઓ હાજર હતા. આ બાબતની સંપૂર્ણ સાબિતીઓ સાથેની સહી રિવાયતો અમારી પાસે મોજૂદ છે. જો કે એહલે સુન્નત તેમાં ખાસ તો વહાબી સંઘ પરિવારના આલિમો પોતાની કિતાબોની છપાતી નવી એડીશનોમાં સતત કાપકૂપ કરી રહ્યા છે. જ્યાં પણ તેઓને એમ લાગે કે આ હદીસો એહલેબયતના દરજ્જાને ઊંચો કરે છે તેને કાપી નાખે છે. અથવા તેને નવું રૂપ આપી દે છે. તેના શબ્દપ્રયોગો બદલી નાખે છે. આ ક્રિયા તો આ લોકો વરસોથી કરી રહ્યા છે.

●

## (૧૧) વિલાયતનું ઉચ્ચોચ્ચ શિખર

મુસલમાનો પાસે જે શરીઅત છે તે સત્ય અને અસત્યનું મિશ્રણ છે. આ મિશ્રણ થવાની શરૂઆત રસુલુલ્લાહ(સલ.)ની વફાત પછી ઈસ્લામ તેનું રૂહાની સ્થાન છોડીને રાજકારણને હવાલે થઈ ગયો, ત્યારથી થઈ

છે. જ્યારે કે હઝરત અલી(અલ.)નો હક ખિલાફત ચુંટણીનું નાટક કરીને છીનવી લેવામાં આવ્યો. જ્યારે અયોગ્ય હાકિમો સત્તા ઉપર આવી જાય છે, ત્યારે લાંચિયા, લોભિયા, ઈઝ્ઝતના ભૂખ્યા, અસંસ્કારી, લૂચ્ચા, જુઠ્ઠા, લબાડ આવા લોકો વગર બોલાવ્યે આવા અયોગ્ય હાકિમો પાસે પહોંચી જાય છે. કારણ કે હુકુમત ત્રણ પૈસાના માણસને તેર લાખનો બનાવી દે છે. હુકુમત-સત્તા-બુદ્ધુને બુદ્ધિશાળી બનાવી દે છે. બેવકૂફો અક્કલવાળા ગણાય છે. જાહિલ ઈલ્મવાળા બની જાય છે. સત્તાધારીઓની તારીફના કસીદા પઢાય છે.

હઝરત અલી(અલ.)ના દરજ્જાને મુસલમાનોએ ઘટાડી દીધો છે. તેમની પાસે તે જ રિવાયતો પહોંચી છે જે વેચાઈ ગયેલા દિમાગોની પેદાવાર છે. વિલાયતના સરતાજ મોહંમદ, અલી, ફાતેમાના ઘર છે. વિલાયતનો ઉચ્ચોચ્ચ શ્રોત જ્યાંથી વિલાયતો ફૂટે છે. તે અલી ફાતેમાનું ઘરાનું છે. વિશ્વમાં જે કંઈ રૂહાનિયત, વિલાયત, નૂરાનિયત છે તેનું ઉદ્ગમ સ્થાન પંજતને પાક છે :

مُحَمَّدٌ عَلِیٌّ فَاطِمَةٌ حَسَنٌ حُسَیْنٌ

મોહંમદ, અલી, ફાતેમા, હસન, હુસૈન(અલૈ.) છે. આ જ સાચી વિલાયતના શ્રોત છે. એમને છોડશો તો બધે અંધારૂં જ છે.

●



# (૧૨) એહલે બયતની દુશ્મની ઉપર ચણાયેલી ઈસ્લામની ઈમારત

વફાતે રસૂલ(સલ.) પછી ઈસ્લામની જે ઈમારત ચણાઈ તે ઈમારત એહલેબયતની દુશ્મની ઉપર ઊભેલી છે. હઝરત ઉમરના શબ્દો છે મુસલમાનોની પ્રખ્યાત કિતાબોમાં નોંધાયેલા છે કે હું કદીપણ બની હાશિમમાં (એટલે કે રસુલના ખાનદાનમાં) નુબુવ્વત અને ઈમામતને એકત્ર થવા દઈશ નહિ. મતલબ બનીહાશિમમાં નુબુવ્વત તો આવી જ ગઈ છે. પરંતુ નુબુવ્વત પછી ઈમામતને-ખિલાફતને તેમનામાં જવા દઈશ નહિ. જો કે હઝરત ઉમરનું આ પ્રમાણે બોલવું એક વ્યર્થ અને નકામી ઉવાચથી વિશેષ કંઈ જ નથી. કારણ કે અમારો તો આ અકીદો છે કે નુબુવ્વત ખતમ થતાંની સાથે જ ઈમામત અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝત તરફથી શરૂ કરેલો એક સિલસિલો છે. જે બાર ઈમામો ઉપર ખતમ થાય છે. અમારી આ વાત કુરઆન અને હદીસથી પ્રમાણિત છે.★ વળી વિશ્વના કરોડોની સંખ્યામાં મુસલમાનો અમારા અકીદામાં વિશ્વાસ ધરાવે છે. અમારા પહેલા ઈમામ હઝરત અલી(અલ.) છે અને પછી બીજા ઈમામ ઈમામ હસન(અલ.) છે. ત્રીજા ઈમામ ઈમામ હુસૈન(અલ.) છે. ત્યાર પછી આપની અવલાદમાંથી તબક્કાવાર નવ ઈમામો છે. અમારા છેલ્લા અને બારમાં ઈમામ ઈમામ મેહદી(અલ.) છે. આ

★ આ વાતને વિસ્તારથી સમજવા માટે જુઓ અમારી કિતાબ "કયો અકીદો સાચો? રસુલુલ્લાહ(સલ.) પછી ચાર ખલીફાઓની ખિલાફત કે બાર ઈમામોની ઈમામત"

નિયુક્તિ મિનજાનિબિલ્લાહ છે. રસુલે ઈસ્લામની સેંકડો હદીસો આ બાબતની સાબિતી છે.

●

## (૧૩) ખિલાફતની ખીચડી

આ વાત કોઈ આશ્ચર્ય ઉપજાવે એવી નથી કે રસુલની હયાતીમાં જ અસહાબની એક ટુકડી રાજકારણના આટાપાટા ખેલતી હતી. રસુલે ઈસ્લામે પોતાની છેલ્લી બીમારીમાં વફાતથી ચાર દિવસ અગાઉ જ્યારે આપનું મકાન સહાબાની ચિક્કાર હાજરીથી ભરેલું હતું. ફરમાવ્યું મને કાગળ કલમ આપો હું એક દસ્તાવેજી લખાણ લખી આપું જેના કારણે મારા પછી તમે ગૂમરાહ ન થઈ જાઓ. રસુલે ખુદાએ પોતાના પુરા હોશહવાશમાં આ હુકમ ફરમાવ્યો હતો. છતાંય હઝરત ઉમરે કહ્યું રસુલ સનેપાતમાં બોલી રહ્યા છે. કોઈ કાગળ કલમ આપશો નહિ. આપણા માટે કુરઆન કાફી છે. હઝરત ઉમરની સાથે જેમને આંખો આંખોમાં ઈશારા થયા હતા. જેમના દિમાગોમાં ખિલાફતની ખીચડી પાકતી હતી, તેઓ બધા બોલી ઊઠયા બરાબર છે. કાગળ કલમ આપવાની કોઈ જરૂરત નથી. આ બાબત ઘોંઘાટ એટલો બધો વધી ગયો કે રસુલે ઈસ્લામે ફરમાવ્યું : મારા પાસેથી હટી જાઓ, બહાર ચાલી જાઓ. અસ્તગફિરૂલ્લાહ! પઢવા જેવી વાત છે. મુસલમાનો જેમને રસુલના ખાસ સાથી, રસુલને ખાસ મશ્વિરો આપનારા માને છે એવા સહાબીઓએ રસૂલને કલમ



કાગળ ન આપીને રસૂલના હુકમને મજાકમાં ઉડાડી દીધો. જો કે આ લોકોને ખાસ સાથીનું બિરૂદ આપનારા આલિમો છે, ન કે અલ્લાહ અને તેના રસુલ. તેમના ચાહકોએ જ જાત જાતના ઉપનામોની લહાણી કરી છે.

આ કાગળ કલમ વાળી રિવાયત મુસલમાનોની સહી બુખારીમાં સાત જગ્યાએ જુદી જુદી રીતે નોંધાયેલી છે. સહી મુસ્લિમમાં પણ આ રિવાયત નોંધાયેલી છે. અલ્લામા શિબ્લી નોઅમાની જેમણે હઝરત ઉમરની તારીફમાં એક કિતાબ લખી છે જેનું નામ "અલ-ફારૂક" છે. જેમાં "કાગળ કલમ ઉપર વાદવિવાદ" એવા મથાળા હેઠળ પેજ નં. ૫૮ થી પેજ નં. ૬૪ પુરા સાડાચાર પેજ આજ વાત ઉપર ચર્ચા કરી છે. તેમણે પોતાના લખાણમાં નાનાફાફાં કરતાં કરતાં આ વાતને સંપુર્ણ રીતે કબૂલી લીધી છે.

કિતાબ "અલ-ફારૂક"માં પેજ ૬૪ થી ૭૨ સુધી સકીફા બની સઅદહમાં હઝરત અબુબકરની ચુંટણીનો ઉલ્લેખ છે. અલ-ફારૂકમાં શિબ્લી નોઅમાની લખે છે કે રસુલે ખુદા(સલ.)નો ઈન્તિકાલ થયો અને હુજરામાંથી રડવાની અવાજો આવી, ત્યારે હઝરત અબુબકર ત્યાં હાજર ન હતા. તેઓ મદીનાથી ત્રણેક કિલોમીટર દૂર સખ નામના સ્થળે (પોતાની નવી પરણેલી પત્નીની પાસે હતા) હતા. પોતાના પિતાજીને ખિલાફત આપવામાં માતાજી આયશાનો પણ ખાસ રોલ છે. હઝરત ઉમરે માતાજી આયશાના સંદેશા ઉપર દોડતાં ઊંટે એક માણસ હઝરત અબુબકર તરફ મોકલી દીધો કે જલ્દી

ચાલો. જો અહીં ખિલાફતનો મસઅલો છેડાઇ ગયો અને બયઅત શરૂ થઇ ગઇ તો બનીહાશિમના સરદાર હઝરત અલી(અલ.) સિવાય કોઇની પણ બયઅત કબૂલ થશે નહિ. કારણ કે અરબસ્તાનના પુરા સમાજમાં બની અદીના ખાનદાનની કે બની તીમના ખાનદાનની કોઇ વેલ્યુ ન હતી. જ્યારે કે બની હાશિમ પેગંબરે ઈસ્લામ અને અલી(અલ.)નું ખાનદાન છે. જેની પરાપૂર્વથી સમગ્ર જઝીરતુલ અરબમાં રસુલ અને અલીના વડવાઓના જમાનાથી બનીહાશિમ ઈઝ્ઝતદાર ખાનદાન ગણાતું હતું. વળી રસુલ અને અલી તો એક રોટલાના બે ટુકડા હતા. બંને પીતરાઇ ભાઇ હતા તે સાથે રસૂલના દામાદ(જમાઇ) પણ હતા. રસૂલના ઈન્તિકાલ પછી સમગ્ર અરબમાં બની હાશિમના સરદાર ફક્ત અલી જ હતા. રસુલ અને અલીના દાદા જનાબ અબ્દુલ મુત્તલિબ(અલ.) હતા. તેમના બે પુત્રો એક હઝરત અબ્દુલ્લાહ(અલ.) અને બીજા જનાબ અબુતાલિબ(અલ.). હઝરત અબ્દુલ્લાહ(અલ.)ના પુત્ર હઝરત મોહમ્મદુર્રસુલુલ્લાહ(સલ.) અને જનાબ અબુતાલિબ(અલ.)ના પુત્ર હઝરત અલી(અલ.). વળી હઝરત અલી રસૂલની બેટી જનાબ ફાતેમા(સલા.)ના શોહર પણ હતા. હઝરત અલી(અલ.) તો અલ્લાહના નિયુક્ત કરેલા ખલીફા હતા. છતાંય જો કોઇ આ વાતને નઝરઅંદાઝ કરે તો તે ઈન્કારી તો બની જશે. વળી દુનિયાના કાનૂનની દ્દષ્ટિએ પણ હઝરત અલી(અલ.) રસુલની ગાદીના એકમાત્ર વારસદાર હતા.

●



## (૧૪) અલ્લાહના નબી ઉપર એક તોહમત

આ લોકોનું ખિલાફતસાજી માટે સકીફા બની સઅદામાં જવું આ વાત પ્રસ્તુત કરે છે કે રસુલુલ્લાહ(સલ.) પોતાના પછી પોતાનો જાનશીન નિયુક્ત કરવાનું ભૂલી ગયા. નઉઝોબિલ્લાહ! અલ્લાહ માફ ફરમાવે, રસુલ કે નબી પોતાના જમાનાનો શ્રેષ્ઠ ઈલ્મયાફતા અને શ્રેષ્ઠ બુદ્ધિશાળી હોય છે. શું રસુલે જીવન જીવવાના બીજા બધા જ તરીકા શીખવ્યા. ઘણી બધી જંગો કરી સમગ્ર અરબસ્તાન ઉપર ઈસ્લામિક રાજ્ય વ્યવસ્થા સ્થાપિત કરી. ખૂબ જ શક્તિશાળી અને બુદ્ધિશાળી, મુશરિક, યહુદી અને ઈસાઇ કબીલાઓને પરાસ્ત કર્યા. જે નબીએ ખાવા પીવાના આદાબ શીખવ્યા, ઊઠવા બેસવાના આદાબ શીખવ્યા, નખ કાપવાનો તરીકો શીખવ્યો. જે નબી જેહાદ માટે મદીનાથી થોડાક દિવસો માટે પણ બહાર જતા તો પોતાની જગ્યાએ પોતાનો જાનશીન નિયુક્ત કરીને જતા. શું તે નબી પોતાના ઈન્તિકાલ પછી પોતાના જાનશીનની નિયુક્ત કરવાનું ભૂલી જાય? આ તો કેવી વાત છે! નબી ઉપર એક તોહમત છે. પોતાના ખલીફાઓના ગુનાહોને છુપાવવા માટે આ આલિમો નબીને બુદ્ધુ અને અક્કલ વગરના સાબિત કરી રહ્યા છે. તોબા, તોબા, અસ્તગફિરૂલ્લાહ! નબી(સલ.)એ તો પોતાની નબુવ્વતની જાહેરાતની સાથે જ દઅવતે ઝુલઅશીરાથી જ પોતાના જાનશીન તરીકે હઝરત અલી(અલ.)ની નિયુક્તિ

કરી દીધી હતી. વારંવાર આ જાહેરાત કરતા આવ્યા હતા. છેલ્લે હજ્જતુલ વિદાઅથી પાછા ફરતાં ગદીરે ખૂમના ચોરાહા ઉપર પણ ઊંટોના પાલાનનો મિમ્બર બનાવી સ્પષ્ટ શબ્દોમાં પોતાના પછી અલી પોતાના જાનશીન હોવાની જાહેરાત કરી હતી. પરંતુ અલીના રાજકીય દુશ્મનોએ આ વાતોને કિતાબોમાંથી સુદ્ધા કાઢી નાખી.

શિબ્લી નોઅમાની સાહેબે પોતાની કિતાબ "અલફારૂક" માં જે બીજી કિતાબોના સંદર્ભ(હવાલા) આપ્યા છે. તેની નોંધ અમે અત્રે આપી રહ્યા છીએ.

(૧) સહીહ બુખારી (૨) સહીહ તિરમીઝી (૩) ફતહુલ બારી ભાગ-૮ પેજ નં. ૯૮ (૪) તારીખે તિબરી ભાગ-૧૩ પેજ નં. ૧૮ (૫) ફતહુલ બારી ભાગ-૭ પેજ નં. ૨૩ હવે પછી પણ અમે જે કંઇ લખી રહ્યા છીએ તેના સંદર્ભો માટે પણ આ જ કિતાબો છે.

●

## (૧૫) હઝરત અલી(અલ.) ઉપર હઝરત અબુબકરથી બયઅત કરવા માટે ઝુલમ કરવો અને રસુલુલ્લાહની પ્યારી એકલોતી બેટી જનાબે ફાતેમા(સલા.)ના ઘરને સળગાવવું

હઝરત અબુબકરને ખિલાફતનું ખમીસ પહેરાવીને આ બધા બુઝુર્ગો ત્રણ દિવસે મદીના પાછા ફર્યા, ત્યારે હઝરત



અલી અને બની હાશિમના યુવાનોએ રસુલે ઈસ્લામના મુબારક જિસ્મને ખાકને સિપુર્દ કરી દીધું હતું. નમાઝે જનાઝા હઝરત અલી(અલ.)એ પોતે પઢાવી હતી. આ ખિલાફત-સાઝીના કારકુનો મદીના આવ્યા, ત્યારે રસુલે ખુદાના દફન થવાને બે દિવસ થઇ ચૂકયા હતા. પછી આ લોકોમાંથી જેમને મન થયું તે લોકોએ અલગ અલગ નમાઝ પઢી. આ નેકદીલ ધરાવનારા આલીમોના બહાના પણ કેટલાં નેક છે. પોતે ગૂમરાહ ટોળાઓના સરદાર બનીને ઉમ્મતની બહુમતિને ચૌદસો વરસથી ગૂમરાહ રાખનાર આ આલિમોની બુદ્ધિશક્તિના પણ વખાણ કરવા જેવા છે. કહે છે રસૂલે ખુદાના જનાઝાની નમાઝની ઈમામત કોઈથી ન થાય. એ નમાઝને બધાએ અલગ અલગ જ પઢવી પડે.

આ લોકોએ મદીના આવી બીજા જ દિવસથી હઝરત અલી(અલ.) ઉપર બયઅત લેવાનું દબાણ શરૂ કર્યું. પરંતુ હઝરત અલીએ બયઅતનો સ્પષ્ટ ઈન્કાર કર્યો. ફરમાવ્યું કે હું અલ્લાહનો નુમાઈન્દહ છું. રસુલની મુબારક જીભથી તમો બધા મારી ઈમામત અને ખિલાફતની જાહેરાત અનેક વખત સાંભળી ચૂકયા છો તમારે બધાએ મારી બયઅત લેવી જોઈએ. આ બાબત અમે ચેલેંજ કરીએ છીએ કે હઝરત અલી(અલ.)એ કોઈપણ ખલીફાની બયઅત લીધી નથી. ન અબુબકરની, ન ઉમરની, કે ન ઉસ્માનની. મુસલમાનોની કિતાબોમાં આ બાબત જે કંઇ છે તે બધાં સદંતર ગપ્પાં છે. કારણ કે સત્તા જેમના હાથમાં હોય છે તેઓ જેવું ઈચ્છે તેવો

પ્રચાર સમાજમાં વહેતો કરે છે. તમામ પ્રચાર માધ્યમો જે તે જમાનાના શાસકોને ઉપલબ્ધ હોય છે. પછી અબુ હુરયરહ જેવા સહાબીઓ પાસેથી જેવી ઈચ્છા થાય તેવી હદીસો બનાવી લે છે.

હઝરત અબુબકર તો અલી(અલ.) પર આ બાબત છોડી દેવા ઈચ્છતા હતા. ભલે બયઅત ન લે, પરંતુ હઝરત ઉમર આ બાબત તૈયાર ન હતા. બની હાશિમની એક પણ વ્યક્તિએ હઝરત અબુબકરની બયઅત લીધી ન હતી. પાછળથી હઝરત ઉમરના જોર ઝુલમના કારણે હઝરત અલી(અલ.)ને બાદ કરતાં અન્યોએ બયઅત લઈ લીધી. મવ. શિબ્લી અલ-ફારૂકના પેજ નં. ૬૫ ઉપર લખે છે કે બનુ હાશિમે આસાનીથી હઝરત અબુબકરની ખિલાફતને સ્વીકારી નથી. શિબ્લી નોઅમાની સાહેબ પોતાની કિતાબ અલ-ફારૂકના પેજ નં. ૫૯ થી ૭૨ દરમ્યાન લખે છે કે હઝરત અલી(અલ.)ની સાથે બયઅત ન લેનારા લોકોમાં ઝુબેર પણ હતા. આ બધા બની હાશિમ હઝરત અલી(અલ.)ના ઘરમાં એકત્ર થતા હતા. તેમને બળજબરીથી બયઅત લેવડાવવાનું બીડું હઝરત ઉમરે ઝડપી લીધું. કારણ કે હઝરત ઉમરને યકીન હતું કે હઝરત અબુબકર પછી આ સત્તાના સૂત્રો ખિલાફત પોતાની છે.

**જનાબે ફાતેમા(સલા.)ના ઘરને સળગાવવું**

અલ-ફારૂકમાં છે કે હઝરત ઉમરે હઝરત અબુબકરને જણાવ્યું કે જ્યાં સુધી આ લોકોને નમાવવામાં નહીં આવે



ત્યાં સુધી આપણી હુકુમતને સ્થાયિત્ત્વ-મજબુતાઈ પ્રાપ્ત થઈ શકશે નહિ. જેથી હઝરત ઉમરે પચાસ સાઠ હથિયારધારી અસહાબની ટુકડીને સાથે લીધી. સાથે માટીની કંડીલમાં આગ પણ લીધી. આગની આ કંડીલ ખાલિદ બિન વલીદના હાથમાં હતી. મારા વહાલા વાંચકો! ખૂબ યાદ રાખો. દીલની ધડકન ન વધવા દેશો. હથિયારો સાથે આગ લઈને જનાબ ફાતેમા(સલા.)ના ઘરને સળગાવવા જનારા, બધા જ રસૂલુલ્લાહ(સલ.)ના સહાબી હતા. હજી રસૂલની વફાતને તો માંડ દસ દિવસ જ થયા હતા. સહાબાને માસુમ અને બેગુનાહ માનનારા જરા શિબ્લી નોઅમાનીની આ કિતાબ વાંચે. આ લોકો રસૂલની તે બેટીનું ઘર સળગાવવા જઈ રહ્યા છે જે બેટીને રસુલુલ્લાહે પોતાના જિગરનો ટુકડો કહ્યો છે. જન્નતની ઓરતોના સરદાર કહ્યાં છે. વળી આ હદીસો પણ બુખારીમાં જ છે. કે જનાબ ફાતેમા(સલા.) જન્નતની ઓરતોના સરદાર છે અને ઈમામ હસન અને ઈમામ હુસૈન(અલ.) જન્નતના યુવાનોના સરદાર છે. આ ઉમ્મત અલ્લાહને શું મોં બતાવશે? ઈમામ હસન(અલ.)ને મઆવિયાએ (યઝીદ લઅનતુલ્લાહના બાપે) તેમની પત્ની જઅદહ દ્વારા ઝેર અપાવીને શહીદ કર્યા અને ઈમામ હુસૈન(અલ.)ને કરબલાના મેદાન મઆવિયાના બેટાએ, જે બેટાને આ બાપે મતલબ મઆવિયાએ સામ, દામ, દંડ અને ભેદ આ ચારે હથકંડાઓનો ઉપયોગ કરીને લોકો ઉપર દાદાગીરી કરીને પોતાનો વલીઅહદ બનાવ્યો હતો. બુખારી, મુસ્લિમ, તારીખે તબરી અને અલ-

ફારૂકના વર્ણાનુસાર હઝરત ઉમરે ફાતેમા(સલા.)ના ઘરના દરવાજે ઊભા રહી કહ્યું કે દરવાજો ખોલો અને ઘરમાં જે કોઇ છે તે બહાર આવી જાઓ. હું આ ઘરને સળગાવી દેવા આવ્યો છું. કોઇએ કહ્યું કે અય ઉમર! ઘરમાં તો જનાબે ફાતેમા(સલા.) રસુલના બેટી પણ છે. હઝરત ઉમરે કહ્યું ભલે ગમે તે હોય પરંતુ હું તો આ ઘરને સળગાવવાનો છું. ઘરમાંથી બની હાશિમના લોકો બહાર આવી ગયા. ત્યાં અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેરે તલવાર ખેંચી, પરંતુ હઝરત અલી(અલ.)એ મના ફરમાવ્યું. શાણપણ એમાં જ છે કે લડાઇ ન કરવામાં આવે. હઝરત અલી(અલ.)ને હઝરત અબુબકર પાસે લઇ જવામાં આવ્યા. હઝરત અલી(અલ.)એ બયઅત લેવાથી ઈન્કાર કર્યો કે હું હરગિઝ કોઇથી પણ બયઅત લઇશ નહિ. આ ખિલાફત મારો હક છે. તમારે મારી બયઅત લેવી જોઇએ. હઝરત ઉમરે જોરઝુલમ કરવાનો ઈરાદો કર્યો, તો હઝરત અબુબકરે કહ્યું એમને એમના હાલ ઉપર છોડી દો.

અમારી કિતાબોમાં છે કે આ લોકોએ જનાબે ફાતેમા(સલા.)ના ઘરના દરવાજાને સળગાવ્યો. દરવાજો તુટીને જનાબે ફાતેમા ઉપર પડેલો, જનાબે મોહસિન હઝરત ફાતેમા(સલા.)ના પેટમાં હતા તેમની શહાદત થઇ. હમલ પડી ગયો. જનાબે ફાતેમા(સલા.)ની પાંસળી તુટી ગઇ. આપ પથારીવશ થઇ ગયાં અને રસુલે ઈસ્લામની વફાત પછી આપ લગભગ પંચોત્તેર દિવસ બાદ આ ફાની દુનિયા છોડી



ગયાં. શિબ્લી નોઅમાની સાહેબ પોતાની કિતાબ અલફારૂકમાં લખે છે કે જનાબે ફાતેમા(સલા.)ની વફાત પછી છ મહિના બાદ હઝરત અલીએ પણ હઝરત અબુબકરની બયઅત લઇ લીધી હતી. જો કે આ વાત સદંતર ગલત છે. બતાવો હવે આ અર્ધ સત્ય છે કે નથી? નમાઝ, રોઝા, હજ, ઝકાત, વારસો તમામ અહકામાતમાં મુસલમાનોમાં સત્ય અસત્યનું મિશ્રણ થઇ ગયેલું છે.

•

## (૧૯) હઝરત અલી(અલ.)એ કોઈપણ ખલીફાથી બયઅત લીધી નથી

હઝરત અલી(અલ.)એ કોઈપણ ખલીફાથી બયઅત લીધી નથી. આપ આ ખલીફાઓને અમ્ર બિલ મઅરૂફ કરતા રહ્યા. જ્યાં જ્યાં આ ખલીફાઓને મુશ્કેલીઓ ઊભી થઇ ત્યાં તેનો હલ કરતા રહ્યા. વળી આપે કદીપણ કોઇપણ ખલીફાની પાછળ નમાઝ પણ પઢી નથી. હઝરત અલી(અલ.) મદીનામાં જ્યાં પણ હોય તે સ્થળ કે તે ઘર આપના માટે મસ્જિદ બની જતું. આપની સાથે હંમેશા લોકોની ભીડ જામેલી રહેતી. આપ તે લોકોના ઈમામ બની નમાઝ અદા કરી લેતા. ફરી વખત લખુ છું કે હઝરત અલી(અલ.)એ કોઈપણ ખલીફાથી બયઅત લીધી નથી અને કોઈપણ ખલીફાની પાછળ કદીપણ નમાઝ પઢી નથી. બલકે અમારા બારેબાર ઈમામોએ કોઈપણ ખલીફા કે

સુલતાનો પાછળ નમાઝ પઢી નથી. અમારા બારમા ઈમામ હઝરત ઈમામ મેહદી(અલ.)નો જ્યારે ઝુહૂર થશે ત્યારે હઝરત ઈસા(અલ.) પણ આ દુનિયામાં ફરીથી પધારશે. હઝરત ઈસા(અલ.) ઈમામ મેહદી(અલ.)ની પાછળ નમાઝ પઢશે અને તેમના તાબેદાર બનીને રહેશે.

ઈમામો અલ્લાહના નુમાઈન્દહ હતા. પ્રતિનિધી હતા. એમના રહેઠાણો કે આ બુઝુર્ગો જ્યાં પણ પધારે તે જગ્યાઓ દર્સગાહો બની જતી, મસ્જિદ બની જતી. જ્યાં આ બુઝુર્ગો રહેતા હોય ત્યાં દર્સગાહો ચાલતી. તે સ્થળો હૌઝે ઈલ્મિયહ (દારૂલ ઉલૂમ) બની જતાં. ત્યાં જ આ બુઝુર્ગો પોતે જ નમાઝ અદા કરી લેતા. ઈમામોને બીજી કોઈ મસ્જિદો શોધવી પડતી ન હતી. જ્યારે જ્યાં બાદશાહો તરફથી કોઈ તેડું આવતું, કોઈ બાબત સહકારની માંગણી થતી. કોઈ મસઅલાને હલ ન કરી શકનાર બાદશાહો ઈમામોની મદદ માંગતા ત્યારે આ બુઝુર્ગો મસ્જિદે નબવીમાં પણ જતા. ઈસ્લામના મામલામાં હઝરત અલી(અલ.) ઈમામ હસન(અલ.) અને ઈમામ હુસૈન(અલ.) અને બધા જ ઈમામો હંમેશા જે તે સમયના બાદશાહોને મદદગાર રહ્યા છે. હઝરત ઉમર અનેક વખત આ પ્રમાણે બોલેલા છે કે "જો અલી ન હોત તો ઉમર હલાક થઈ જાત" આ શબ્દો કોઈ બીજી કિતાબોના નથી પરંતુ મુસલમાનોની કિતાબોના છે.

હઝરત અલી(અલ.)એ હઝરત અબુબકર અને ઉમરની બંનેની ખિલાફતના સમયગાળામાં મસ્જિદે



નબવીમાં આવીને તેઓએ આપેલા ન્યાયના ફેંસલાઓને ઉલટાવ્યા છે. અમે અમારી મોટી કિતાબોમાં આ બાબતના અનેક દૃષ્ટાંતો લખ્યાં છે.

ઈમામો તો માસુમ હસ્તીઓ છે એમની વાત તો અલગ છે પરંતુ અમારા મરજએ તકલીદ આયતુલ્લાહ બુઝુર્ગોએ પણ કદી ઈરાકના ઝાલિમ સરમુખ્ત્યાર સદ્દામના ઈમામો પાછળ નમાઝ પઢી નથી. જ્યાં પણ આ મરજઅ રહેતા હોય ત્યાં તેઓ પોતે જ હૌઝા ચલાવતા હોય, દર્સગાહ હોય જ. આ બુઝુર્ગો ત્યાં જ નમાઝ અદા કરી લેતા. પોતે જ ઈમામત કરતા.

અમારા ઈરાકના મરજએ તકલીદ આયતુલ્લાહ સૈયદ અબુલકાસિમ મુસવી ખુઈ અલયહિર્રહમાએ પોતાના સમગ્ર જીવન દરમ્યાન કદીપણ ઝાલિમ સદ્દામના કોઈપણ પેશનમાઝો પાછળ નમાઝ પઢી નથી. એ જ રીતે રેહબરે કબીર સૈયદ આયતુલ્લાહ રૂહુલ્લાહ ખોમેની અલયહિર્રહમાએ પણ ઈરાનના રાજા પહેલવીના પેશનમાઝો પાછળ નમાઝ પઢી નથી. તો પછી હઝરત અલી, ઈમામ હસન અને ઈમામ હુસૈન અલયહિસ્સલાતો વસ્સલામની તો ખલીફાઓની પાછળ નમાઝ પઢવાની વાત જ ક્યાં રહી. આ તો માસુમ લોકો છે જ્યારે ખલીફાઓ તો ગેર માસુમ હતા.

●

## (૧૭) દીનમાં ફેરફાર-તબ્દીલી થવું

અમે કહીએ છીએ કે મુસલમાનો પાસે અત્યારે જે દીન છે તે અર્ધ સત્ય છે. સત્ય અસત્યનું મિશ્રણ છે. કારણ કે રસૂલ પછી આવનારા સત્તાધીશો પાસે સંપુર્ણ અસત્ય હતું પરંતુ તેઓને ગરીબ કમજોર મુસલમાનો ઉપર હુકુમત કરવી હતી. જેથી તેઓએ મોઢે પઢાતો કલિમા જે ગરીબ કચડાયેલા અરબ પ્રજાજનો સાચા દીલથી પઢતા હતા તે સ્વીકારી લીધો. પછી તો દીનની બધી જ વાતોમાં આ ખલીફાઓના દિમાગનું અસત્ય ઉમેરાતું ગયું. થોડુંક સત્ય થોડુંક અસત્ય આમ આજે આપણો દીન સત્ય અસત્યનો લોચો બની ગયો. બુખારી શરીફમાં છે કે રસુલની વફાત બાદ ઘણાં દિવસ પછી કેટલાક સહાબા એક એવા સ્થળેથી પસાર થયા જ્યાં હઝરત અલી(અલ.) પધારેલ હતા. નમાઝનો સમય હતો, તેઓએ હઝરત અલી(અલ.)ની પાછળ નમાઝ પઢી. નમાઝ પઢયા પછી તેમાંના એક સહાબી બોલ્યા કે આહ! આજે જાણે મારા દીલને સંતોષ થઇ ગયો કે જાણે હું રસુલુલ્લાહ પાછળ નમાઝ પઢયો. એક નવયુવાને પુછયું શું દીનમાં તબદીલી થઇ ગઇ છે? પેલા સહાબીએ કહ્યું કે દીનના બધા જ ક્ષેત્રોમાં ફેરફાર થઇ ગયો છે. કોઇએ પુછયું કે શું નમાઝમાં પણ ફેરફાર થઇ ગયો છે? કહ્યું કે હા! નમાઝ પણ રસુલુલ્લાહની નમાઝ રહી નથી તે પણ બદલાઇ ગઇ છે. આ હદીસ બુખારી અને મુસ્લિમ બંનેમાં છે.

●



## (૧૮) ચારે ફિકહના પ્રવકતામાંથી એક પણ પ્રવકતા રસુલુલ્લાહ સલ.ની અવલાદમાંથી નથી

ઈમામ અબુ હનીફા, ઈમામ શાફેઇ, ઈમામ અહમદ ઈબ્ને હમ્બલ અને ઈમામ માલિક આ ચાર ફિકહો મુસલમાનોમાં પ્રચલિત છે. તે ચારે ફિકહોની નમાઝ રસૂલુલ્લાહની નમાઝ નથી. વળી આ ચારેય ફિકહોમાં પણ હજારો મસાઇલમાં ઈખ્તેલાફ છે. શિબ્લી નોઅમાની સાહેબ તો પોતાની કિતાબ અલ-ફારૂકમાં લખે છે કે ઇમામ આઝમ અબુ હનીફાના મોટા ભાગના મસાઇલ હઝરત ઉમરની ફિકહ પ્રમાણે છે. તો અમે શિબ્લી સાહેબને પ્રશ્ન કરીશું કે શું હઝરત ઉમરની ફિકહ રસુલુલ્લાહની શરીઅતથી જુદી હતી? જો મુસલમાનો આ ચાર ફિકહો સિવાયની કોઇ ફિકહને સ્વીકારતા નથી, તો અમારો બીજો પ્રશ્ન છે કે શું રસુલુલ્લાહ(સલ.) અને અલી ફાતેમાના ઘરમાંથી ઇલ્મ ક્યાં ચાલી ગયું હતું? શું રસુલુલ્લાહની અવલાદ ઈમામ હસન અને ઈમામ હુસૈન(અલૈ.)ના ઘરાનામાંથી કોઇ ફકીહ જ પેદા ન થયા? જે ઘરાનામાં ફરિશ્તાઓની હંમેશા આમદ રહી, જે ઘરોમાં કુરઆન ઊતર્યું તે ઘરોમાંથી ઇલ્મ ક્યાં ચાલી ગયું? જો મુસલમાન આલિમો ફિકહે જાફરીને ઇમામ જાફર સાદિક(અલ.)ની ફિકહને સ્વીકારતા નથી તો આ પ્રશ્ન ઊભો થશે; કે ખાનદાને રસુલ શું ઇલ્મથી કોરા થઇ ગયા હતા?

હઝરત ઈમામ જઅફર સાદિક(અલ.) અમારા છઠ્ઠા ઈમામ છે. કરબલામાં રસુલની અવલાદની સંપૂર્ણ બીજકની થઇ ગઇ છે. અલી-ફાતેમા-રસુલુલ્લાહના ખાનદાનની અઢાર વ્યક્તિઓને શહીદ કર્યા પછી યઝીદના સૈનિકોને લાગ્યું કે હવે એહલેબયતે રસુલમાંથી કોઇ પુરૂષ જીવતા રહ્યા નથી. તેઓ ચાલ્યા ગયા પરંતુ ઈમામ ઝયનુલ આબેદીન(અલ.) બીમાર હતા. તેઓ તંબુમાં આરામ ફરમાવી રહ્યા હતા. તેમના દીકરા ઈમામ મોહંમદ બાકિર(અલ.) અને તેમના દીકરા ઈમામ જઅફર સાદિક(અલ.) છે. ઈમામ જઅફર સાદિક(અલ.)ની ફિકહને ફિકહે જાફરી કહે છે.

•

## (૧૯) મુનાફિકોથી ભરેલું મદીના

મવ. શિબ્લી પોતાની કિતાબ "અલ-ફારૂક"માં પેજ નં. ૫૯ થી ૭૨ માં લખે છે કે રસૂલની વફાત સમયે મદીના મુનાફિકોથી ભરેલું હતું. આ વાક્ય મૌલાનાએ બે વખત લખેલું છે. મૌલાના આ પ્રમાણે લખીને આ વાત સાબિત કરવા માંગે છે કે હઝરત અબુબકર, હઝરત ઉમર અને અન્ય સહાબાનું રસુલુલ્લાહની મય્યતને કફન-દફન વગર છોડીને ખિલાફતની નિયુક્તિ માટે ચાલી જવું કોઇ દુન્યવી હવસ માટે ન હતું. પરંતુ મદીના મુનાફિકોથી ભરેલું હોઇ મુનાફિકો કંઇ મદીના ઉપર કબજો ન કરી લે. આ બાબતનો ડરખોફ એમને સતાવતો હતો. જેથી રસુલુલ્લાહની મય્યતને કફન-



દફન કરતાં સૌ પ્રથમ ખિલાફતનો મસઅલો હલ કરવો ખૂબ જ જરૂરી હતો. જેથી આ બુઝુર્ગોએ ઈસ્લામની મહબ્બતમાં ખિલાફતના મસઅલાને અગ્રીમતા આપી.

આ બાબતનો જવાબ તો અમે આપી ચૂકયા છીએ કે રસૂલુલ્લાહ(સલ.) એક રૂહાની રસૂલ હોવા સાથે એક બાહોશ રાજ્યકર્તા પણ હતા. જેથી આપ(સલ.) પોતાના જાનશીનની નિયુક્તિ પોતાની નુબુવ્વતના એલાનની સાથે જ કરી ચૂકયા હતા. પછી વારંવાર પ્રસંગો પાત આ જાનશીનીની વાતને દોહરાવતા પણ રહ્યા હતા. છેલ્લી હજથી પાછા ફરતા ગદીરે ખૂમના ચોરાહા ઉપર એક ઈજતેમા ભરી સવા લાખ અસહાબના મજમુઆમાં આ બાબતનું એલાન ફરમાવ્યું હતું કે મારા પછી અલી મારા ખલીફા છે. મદીનાના તમામ સહાબા આ વાતને બખૂબી જાણતા હતા. છતાંય જે લોકો રસુલની મય્યતને ગુસલ-કફન વગર છોડીને સકીફા બની સઅદહ નામના એક બદનામ, ગુપ્ત સ્થળે પહોંચી ગયા તેઓ રસૂલના સિલેકશનને રદ-બાતલ કરવા માંગતા હતા. વળી પોતે પણ ખિલાફતના ઈચ્છુક હતા.

શિબ્લી નોઅમાની સાહેબની આ દલીલ કે મદીના મુનાફિકોથી ભરેલું હોય જેથી ઈસ્લામની હિફાઝત માટે સૌ પ્રથમ ખલીફા નિયુક્ત કરવું જરૂરી હતું. પોતાના પ્રિય પાત્રોને સમાજની બદનામીથી બચાવવા માટે મૌલાનાને આ બહાનું ઘડવું પડયું છે. હવે મૌલાનાને અમારા કેટલાક

પ્રશ્નો છે. વફાતે રસૂલ સમયે જો મદીના મુનાફિકોથી ભરેલું હતું તો...

(૧) હઝરત અબુબકર ખલીફા બનીને આવી ગયા પછી આ મુનાફિકો તો ક્યાંયે દેખાયા જ નથી. ક્યાં ગયા આટલા બધા મુનાફિકો?

(૨) શું બધા જ મુનાફિકો મુસલમાન થઇ ગયા? આવું બને ખરૂં?

(૩) મૌલાના આ હજારો મુનાફિકોમાંથી તેમના પાંચ દસ આગેવાનોના નામ તો બતાવત?

(૪) કે પછી સકીફામાં એકત્ર થયેલી મેદનીમાં જ આ મુનાફિકો ન હતા?

(૫) હઝરત અબુબકરના ખલીફા બન્યા પછી આ મુનાફિકો તેમની હુકુમતના ભાગીદાર તો નથી બની ગયા?

•

## (૨૦) ખાલિદ બિન વલીદ સૈફુલ્લાહ કે સૈફે અબુબકર?

ખાલિદ બિન વલીદને મુસલમાનો સૈફુલ્લાહ કહે છે. આવી કોઇ હદીસ રસુલે ઈસ્લામની છે જ નથી અને જો કોઈએ આવી હદીસ શોધી કાઢી હોય તો તે બનાવટી છે, મનઘડત છે. ખાલિદ બિન વલીદ અલ્લાહની તલવાર તો ન હતી પરંતુ તે હઝરત અબુબકરની તલવાર જરૂર હતી. આ તલવારે પોતાની આકેબત ખરાબ કરીને નેક મુસ્લિમો



ઉપર, નવ મુસ્લિમો ઉપર અને બિન મુસ્લિમો ઉપર અપાર ઝુલમો કરીને હઝરત અબુબકરની હુકુમતને મજબુત બનાવી હતી. ખાલિદ બિન વલીદના આવા પ્રકારના ઝુલમોના અમુક કિસ્સાઓ અમે અમારી કિતાબ ઈસ્લામ અસત્યના ઘેરાવમાં ભાગ-૧માં લખી ચુકયા છે. આ જગ્યાએ તો માત્ર ઈશારો કર્યો છે.

•

## (૨૧) મુરતદ્દીનનો ફિતનો

આ બાબતનો ખૂબ જ હોબાળો મચાવવામાં આવે છે કે પેગંબરે ઈસ્લામના ઈન્તેકાલ પછી તરત જ અરબના ઘણાંબધા કબીલાઓ મુરતદ થઈ ગયા હતા. મતલબ ઈસ્લામથી ફરી ગયા હતા. હઝરત અબુબકરના માણસને ઝકાત આપવાનો ઈન્કાર કર્યો હતો. આ લોકોને નમાવવા માટે હઝરત અબુબકરે લશ્કરો રવાના કર્યા હતાં. લશ્કરની સરદારી ખાલિદ બિન વલીદની હતી. ચારે તરફ ખૂબ જ લોહી વહાવીને આવા કબીલાઓને ફરીથી ઝકાત આપતા કર્યા હતા. ખાલિદને જે લોકો ઉપર ગુસ્સો રહ્યો તેવાઓનો સફાયો કરી દીધો. આ બાબત ઘણાંબધા નિર્દોષ ઈન્સાનોનું લોહી ખાલિદ બિન વલીદના નામએ આમાલમાં લખાયું છે.

આ લોકો જેમને મુરતદીન-દીનથી ફરી ગયેલા કહે છે. તેઓ જુદા જુદા કબીલાઓમાં વસતા પાકા મુસલમાનો હતા, અઝાનો આપતા હતા, નમાઝો પઢતા હતા. જ્યારે

હઝરત અબુબકરના માણસો આ લોકો પાસે ઝકાત ઉઘરાવવા ગયા ત્યારે તે લોકોનો જવાબ હતો. આ કેવું? આ અબુબકર વળી કોણ? અમે વરસોથી આ સાંભળતા આવ્યા છે કે રસુલુલ્લાહ રૂહાની અને રાજકીય વારસદાર બની હાશિમ રસુલના ખાનદાનના સરદાર આપના જમાઈ છે. છેલ્લી હજના મોકા ઉપર ગદીરે ખુમના ચૌરાહા ઉપર રસુલના ઉપરોક્ત એલાનને સાંભળનારા અમારા કબીલાના માણસો જેઓ રસુલુલ્લાહની છેલ્લી હજમાં આપની સાથે હતા. આ બની તીમ કબીલાનો માણસ ખલીફા કેવી રીતે બની ગયો? અમારી સમજમાં આવતું નથી. જેથી અમે પુરી ચોક્કસતા, તેહકીક કર્યા વગર તમને ઝકાત આપવાના નથી. આવા નેકદીલ પાકા મુસલમાન, અઝાન અને નમાઝ અદા કરતા. સેંકડો માણસોને ખાલિદની તલવારે રહેંસી નાખ્યા છે. જે લોકો સુધી હજી સાચી ખબરો પહોંચી ન હતી. આ બિચારા ગરીબો જાણતા જ ન હતા કે રસુલુલ્લાહના સિલેકશનનો આ લોકોએ ઈન્કાર કરી તેને રદબાતલ કરી પોતાની મરજી મુજબનું ઈલેકશન કરી લીધું છે.

ખાલિદની તલવારે આવા અજાણ ગરીબોને ન સમજાવ્યા, ન વિચારવાનો મોકો આપ્યો, ન મદીના બોલાવ્યા કે તમારા પ્રતિનિધિ મંડળો મદીના મોકલો, હકીકતની જાણકારી મેળવો પછી ઝકાત આપો. બસ આવા હજારો ઈન્સાનોનું વગર ગુને ખૂન વહાવ્યું. હવે પછીનો ઈતિહાસ તો એમને જ લખવાનો હતો. પ્રચાર માધ્યમો અને દવલત



ઉપર પણ એમનો જ કબજો હતો. છાતી ઠોકીને લખી દીધું કે આ તો મુરતદીનનો ફિત્નો બહુ ભારે હતો હઝરત અબુબકર જેવી મજબુત હસ્તીથી જ દબાયો. ખાલિદને સૈફુલ્લાહ અલ્લાહની તલવાર હોવાનું બિરૂદ પણ હઝરત મેહદી(અલ.)ના ઝુહુર સુધી તો મળી જ ગયું. જ્યારે ઈમામ આવશે ત્યારે આંધળાઓની આંખો ખોલી નાખશે. ઈન્શાઅલ્લાહ.

**હઝરત ઉમરનું ખાલિદ બિન વલીદને પદભ્રસ્ત કરવું**

હઝરત અબુબકરના જમાનામાં મુરતદીનના બહાના હેઠળ આ લોકોએ એવા નેક સાલેહ કલિમાગો, નમાઝી ઈન્સાનોની કતલ કરી છે. જેઓ હઝરત અબુબકરને ઝકાત આપવાની એટલા માટે ના પાડતા હતાં કે એમને ગદીરે ખુમનું જાહેર એલાન યાદ હતું કે રસુલ પછી હઝરત અલી(અલ.) રસુલના ખલીફા છે. માલિક બિન નુવેરા એક નેક સહાબી હતા. પોતાના કબીલાના સરદાર હતા. તેઓ મદીનાથી ઘણે દૂર પોતાના કબીલા સાથે રહેતા હતા. જ્યારે ખાલિદ લશ્કર લઈને ત્યાં પહોંચ્યો ત્યારે તેઓએ અઝાનો આપી, પોતાના ઈમાનની જાહેરાત કરી. છતાંય છળકપટ દ્વારા ખાલિદે માલિક બિન નુવેરાને પોતાની પાસે બોલાવ્યા. આ માણસ માલિક બિન નુવેરા ખાનદાની, સંસ્કારી, ખૂબ ઈઝ્ઝતદાર ઉપરાંત નેક પણ હતા. પોતાના કબીલાના સરદાર હતા. જ્યારે તેઓ પોતાના મકાનની બહાર આવ્યા ત્યારે ખાલિદ પોતાના ૨૦૦ સૈનિકોના ટોળા સાથે આપના

ઘરના દરવાજેથી ઊભો હતો. ખાલિદના મોટા લશ્કરનો પડાવ થોડેક દૂર હતો. જનાબ માલિકની પત્ની પણ નેક અને પોતાના પતિની વફાદાર હોવા સાથે ખૂબ જ ખૂબસુરત ઓરત હતી. તે પણ પોતાના પતિને કોઇ તકલીફ ન પહોંચે એ ચિંતામાં બહાર આવી ગઇ. ખાલિદે તેની ખૂબસુરતી જોઇ લીધી. ખાલિદે ઝાલિમ બનીને માલિક બિન નુવેરાને કતલ કરી નાખ્યા. પછી તરત જ તેમની તરફડતી લાશની સામે તેમની પત્નીને પોતાના કબજામાં લઇ ત્યાં જ રાત ગુજારી. અસ્તગફિરૂલ્લાહ અસ્તગફિરૂલ્લાહ. નાહક ખુન તે પણ એક નેક મુસલમાનનું પછી ઝિના એક મઝલુમ ઓરત સાથે. સહાબાના લશ્કરમાં ઘણો જ ઉહાપોહ થયો. એક ઘરડા સહાબી ખાલિદને છોડીને મદીના પરત આવી ગયા કે હું હવે કદીપણ આવા વ્યક્તિની સરદારીમાં લડવા જઇશ નહિ. મને અત્યારે તે સહાબીનું નામ યાદ આવતું નથી. મારી કિતાબ ઈસ્લામ અસત્યના ઘેરાવમાં ભાગ-૧માં હું આ સમગ્ર ઘટનાને ઘણી જ વિસ્તૃતથી લખી ચુકયો છું. જયારે ખાલિદ પાછો ફર્યો ત્યારે તમામ લશ્કરે ખલીફા અબુબકરને આ બાબતની ફરિયાદ કરી. ખલીફા સાહેબે કહ્યું કે તેમની આ ઈજતેહાદી ગલતી છે. એમણે તાવીલ કરી (અર્થઘટન) કર્યું. અને તેમાં ભૂલ થઇ. કારણ કે ખલીફાની હુકુમત ખાલિદની તલવારથી મજબુત થતી હતી.

આ રીતે જયારે ખલીફાની હુકુમત મજબુત થઇ ગઇ. તે સમય દરમ્યાન ખાલિદનો દરજ્જો મુસ્લિમ સમાજમાં



એકદમ વધી ગયો. મદીનામાં-મક્કામાં અને બીજા બધા જ શહેરોમાં એના નામની બોલબાલા હતી. સ્ત્રીઓ અને બાળકો સુદ્ધાંના મોં ઉપર ખાલિદ-ખાલિદ નામનું રટણ થતું હતું. ખાલિદ હઝરત ઉમર કરતાં જુવાન પણ હતો. હઝરત ઉમર તો ટાંપીને જ બેઠા હતા કે અબુબકર પછી ખલીફા બનવાનો મારો વારો આવે. પરંતુ મુસ્લિમ દુનિયામાં ખાલિદનું નામ જોતાં રાજકારણના આ ખેલાડી ગભરાયા. એમને થયું કે અબુબકર પછી કંઇ આ સત્તા ખાલિદના હાથમાં ન આવી જાય. તરત જ ખલીફા પાસે દોડયા. આ ખાલિદને સંગસાર કરો, તેણે ઝિના કરી છે. મુસલમાનોને મારી નાખ્યા છે. વારંવાર ઉમર ખલીફાને આ બાબત કહેતા રહ્યા. ખાલિદ મદીના આવ્યો તો તેની સાથે લડયા પણ ખરા. પરંતુ ખલીફાએ ઉમરની વાત માની નહીં. ઈજતેહાદી ગલતી (અર્થઘટનમાં ભૂલ) કહીને ઉમરની વાતને ટાળતા રહ્યા. કદાચ ખાનગીમાં કહી પણ દીધું હોય કે મારા ભાઇ ઉમર! તમે ખોટી ગભરામણ ન કરો હું તમારૂં સિલેકશન કરીને જ રહીશ. પરંતુ આ વાતની આપણને ખબર નથી.

હવે હઝરત અબુબકરના મૃત્યુ ઉપર હઝરત ઉમરનું સિલેકશન થઇ જ ગયું. આપ સત્તા ઉપર આવી ગયા ત્યારે પણ ઈસ્લામી દુનિયામાં ખાલિદના નામની હાક વાગતી હતી. કારણ ખાલિદ લશ્કરનો સરસેનાપતિ હતો. હજીય હઝરત ઉમરને ચિંતા હતી કે કંઇ ખાલિદ પોતાની પાસેથી સત્તા છીનવી ન લઇ જાય. જેથી હઝરત ઉમરે પોતે સત્તા

ઉપર આવતાં તરત જ ખાલિદને પદભ્રસ્ત કરી દીધો. એના પાછલા ગુનાની ફાઈલ ફરીથી ખોલી. હઝરત ઉમરની ઈચ્છા તો આ જ હતી કે ખાલિદને ફાંસી આપે. પરંતુ આમ કરવા જતાં ઈસ્લામી દુનિયામાં ગરબડ ઊભી થઇ જાય એમ હતું. જેથી ખાલિદની પાસેથી સેનાપતિપદ છીનવી લઇ તેને એક સામાન્ય સિપાઇ બનાવી દીધો. તેની કેરીયર ખતમ કરી દઇ, પોતાનો કાંટો કાઢી નાખ્યો. આ હઝરત ઉમરનું રાજકારણ હતું. અમે હક વાતો ઈન્સાનોના સામે રજૂ કરી દીધી છે. હિદાયત આપવી અલ્લાહના હાથમાં છે.

•

## (૨૨) તબ્લીગી જમાતના હઝરતજીની કિતાબ હયાતુસ્સહાબામાં સકીફા બની સઅદહમાં ખલીફાની ચુંટણીનો ઉલ્લેખ

હયાતુસ્સહાબા હઝરત મૌલાના યુસુફ કાંધલવી તબ્લીગી જમાતના બીજા હઝરતજીની કિતાબ છે જે ત્રણ જિલ્દોમાં દસ ભાગ છે. પહેલી જિલ્દમાં ત્રણ ભાગ, બીજી જિલ્દમાં ચાર ભાગ અને ત્રીજી જિલ્દમાં ત્રણ ભાગ છે. આ કિતાબ અત્યારે ત્રણ પ્રકારે મારા ટેબલ ઉપર પડી છે. (૧) ઉર્દૂની પ્રથમ એડીશન ૧૯૬૪ની છે. જે ઘણી જ જુની થઇ ગઇ છે. કાગળો હવે ખરાબ થયા છે, ફાટી જાય છે.

મુતરજિમ : મૌલાના મોહંમદ ઉસ્માન સાહેબ

પ્રકાશન : ઈદારા ઈશાઅતે દીનીયાત હઝરત



નિઝામુદ્દીન નવી દિલ્હી.

(૨) ઉર્દૂની બીજી એડીશન ઇ.સ. ૨૦૦૦ની છે.

મુતરજિમ : મોહંમદ એહસાનુલ હક

પ્રકાશન : ફરીદ બુક ડીપોટ દિલ્લી

(૩) ગુજરાતી લિપિયાંતર (ઉર્દૂ ભાષા પરંતુ ગુજરાતી ખત)

લિપિયાંતર : અબ્દુલ કરીમ મુલ્લા

પ્રકાશન : મદીના એજન્સી, ઝાંપા બજાર, સુરત

અલ્લાહના ફઝલથી આ કિતાબોનો હું અભ્યાસી છું. મેં લગાતાર સોળ(૧૬) વરસ સુધી તબ્લીગી જમાતમાં અગ્રણ્ય ભાગ લીધો છે. ભરૂચ અને જિલ્લાના તબ્લીગી કાર્યમાં હું ખૂબ જ આગળ પડતો ભાગ લેતો હતો. હવે તો આ વાતો ઘણી જ જુની થઇ ગઇ છે. મારા છેલ્લા ચાલીસ દિવસ (મારા જીવનનું છેલ્લું ચિલ્લુ) મેં ઇ.સ. ૧૯૭૮ માં મહારાષ્ટ્રમાં બુલદાના જિલ્લામાં કામ કર્યું હતું. મુ. કાવી જિલ્લે ભરૂચના એક મોટા ઈજતેમામાં મારી મુલાકાત આ કિતાબના લેખક મવ. યુસુફ સાહેબ મરહુમની સાથે થઇ હતી.

હયાતુસ્સહાબા ઉર્દૂમાં ફરીદ બુક ડીપોટની નવી ૨૦૦૨ની એડીશનમાં ભાગ-૨માં (જિલ્દ બીજીમાં) પેજ નં. ૨ થી લઇ પેજ નં. ૩૨ સુધીમાં ખિલાફતના ઝઘડા વિષયમાં સકીફા બની સઅદહમાં ખિલાફતસાજી માટે જવાના વિષયમાં તથા ત્યાંથી ખલીફાની ચુંટણી કરી મદીના પાછા ફરી રસુલની કબર મુબારક ઉપર અલગ અલગ જમાઅત વગર નમાઝે જનાઝા પઢી તે અંગે ઘણી

ગુંચવાડાભરી અનેક સહાબીઓથી અનેક રિવાયતો નોંધી છે. જે રિવાયતો પઢનાર ગુંચવાઈ જાય. બધી જ રિવાયતો ગુંચવાડા ભરી છે. વળી જેમાં હઝરત અલી(અલ.)ના નામથી પણ રિવાયતો લીધી છે. બાકાયદા ખૂબ જ મેહનત કરીને એવી રિવાયતો ઘડવામાં આવી છે જેને વાંચતા સામાન્ય વ્યક્તિ એમ સમજે કે હઝરત અલી(અલ.) તો હઝરત અબુબકરના ખલીફા બનવાથી બીલકુલ રાજી હતા. તેઓ વચ્ચે કોઈ ઈખ્તિલાફ હતો જ નહિ. પરંતુ કોઈ નેકદીલ, ઈમાનદાર, ઈન્સાફપસંદ વ્યક્તિ જો આ રિવાયતોનો બારીકાઈથી, ખૂબ જ બારીકાઈથી અભ્યાસ કરે, વળી તે યાદશક્તિ ધરાવનાર અને બુદ્ધિશાળી પણ હોય. તો તે આગળ પાછળની રિવાયતોને યાદ રાખે તરત જ બોલી ઊઠશે કે આ બધી રિવાયતોમાં ઉલટા સુલતાપણું છે. પછી ભલે તે હક વાત કબૂલ કરે કે ન કરે.

આ બધી વાતો ચાહે ગમે તેટલી ગુંચવાડા ભરેલી હોય સકીફામાં થયેલી ગાળાગાળી, તું તાં, મારા મારી, ગરદનો પકડવી. અનસાર અને મુહાજેરીન વચ્ચે જે કંઈ થયું તેને રાજકારણીઓએ ભલે દબાવી દીધું હોય, આ ઉમ્મતથી પંદરસો વરસોથી છુપાવતા આવ્યા હોય, પણ એક વાત તો સાબિત થઈ જ જાય છે કે ખલીફાસાઝી માટે આ લોકો સકીફા બની સઅદહ ગયા હતા. એનો મતલબ આ થાય છે. જે સરદારૂલ અંબિયા વિશ્વના સૌથી વધુ ઈલ્મયાફતા વિશ્વના એક માત્ર રેહબર, વિશ્વના સૌથી શ્રેષ્ઠ બુદ્ધિશાળી રૂહાની



પેગંબર જેમણે મદીનાના ફક્ત દસ વર્ષના ગાળામાં સમગ્ર અરબસ્તાન ઉપર ઈસ્લામી ધ્વજ ફરકાવી દીધો. તે પેગંબર પોતાના પછી પોતાના ઈસ્લામી રાષ્ટ્રની બાગડોર સંભાળનારની નિયુક્તિ કરવાનું ભૂલી ગયા.? અસ્તગફિરૂલ્લાહ. જે નબીએ ખાવા-પીવાના આદાબ શીખવ્યા, જે નબીએ નખ કાપવાના આદાબ શીખવ્યા, જે નબીએ જાજરૂ-પેશાબ-પાણી જેવી ક્રિયાઓના આદાબ શીખવ્યા, તે નબી પોતાના પછી પોતાનો વારસદાર, શાસક નિયુક્તિ કરવાનો ભૂલી ગયા? અલ્લાહ માફ ફરમાવે. અમારે આવું લખવું પડે છે. જેથી રસુલુલ્લાહના આ ખાસ દોસ્તો, બુદ્ધિશાળી સહાબીઓને બિચારાઓને કેટલી તકલીફ પડી કે પોતાના પ્યારા રસુલની મય્યતને છોડીને સકીફા બની સઅદહ તરફ ભાગવું પડયું. વળી ત્રણ દિવસ આ બિચારાઓને ત્યાં રોકાવું પડયું. જ્યારે પાછા ફર્યા તો એમના પ્યારા નબી સિપુર્દે ખાક થઈ ચૂકયા હતા. એમણે બધાએ કબર ઉપર નમાઝ પઢવી પડી.

ઉપરોક્ત બધી જ રિવાયતો તબ્લીગી જમાતની કિતાબ હયાતુસ્સહાબા ગુજરાતી લિપિયાંતરમાં પણ છે. જુઓ ગુજરાતી લિપિયાંતર જિલ્દ-ર પેજ નં. ૨૭ થી ૪૨ મથાળું છે. ‘‘સહાબા કિરામ રદી. કા હઝરત અબુબકર સિદ્દીક રદી. કી ખિલાફત પર ઈત્તિહાદ’’ ગુજરાતી વાંચકોને તો હું માનું છું કે ગુજરાતી લિપિયાતંર વધારે ફાવશે. આ વિષય ઉપર વધારે ચર્ચા આપણે હવે પછી કરીશું. ઈન્શાઅલ્લાહ.

●

## (૨૩) પાછલી ઉમ્મતોની હાલત

જો આપણે લોકો કુરઆનનો તરજુમો અને તફસીરોનો અભ્યાસ કરીશું તો ઘણી જ સ્પષ્ટ રીતે આ વાત સમજી શકીશું કે તમામ નબીઓની ઉમ્મતોની બહુમતિ પોતાના નબીઓની વફાત પછી ગુમરાહીના રસ્તે ચાલી નીકળી છે. દરેક નબીઓની ઉમ્મતોની લઘુમતિ જ હક ઉપર બાકી રહી છે. આ જ હાલ હઝરત રસૂલે ઈસ્લામ(સલ.)ની ઉમ્મતના પણ થયા છે.

રસૂલે ખુદાના સ્પષ્ટ આદેશો હોવા છતાં કે મારા પછી અલી આ ઉમ્મતના સરદાર છે, ઈમામ છે, ખલીફા છે. છતાંય હુકુમતની હવસ ઈન્સાનોમાં હોય જ છે. રસુલુલ્લાહના વારંવારના આ હુકમોની ધરાર અવગણના કરીને રસૂલની વફાત થતાં જ પ્રથમ અનસાર(મદીનાના રહેવાસી સહાબા) સકીફામાં પહોંચી ગયા, તેમની પાછળ મોહાજિરો પહોંચી ગયા અને આ લોકોએ હઝરત અલી(અલ.)નો હક ગસ્બ કરી લીધો. હુકુમત જેમના હાથમાં હોય છે તેઓ બધું જ કરી શકે છે. પોતાને ફાવતી હદીસો પણ ઘડાવી લીધી. હઝરત અલી(અલ.)ની શાનમાં જે પ્રકારની હદીસો હતી તે પ્રકારની તેવી જ હદીસો હઝરત અબુબકર માટે હઝરત ઉમર માટે અને હઝરત ઉસમાનના માટે પણ ઘડી કાઢવામાં આવી. આ લોકોએ આખા દીનમાં સત્ય અસત્યનું મિશ્રણ કરીને દીનનો લોચો બનાવી દીધો. હક અને નાહકને એટલું ગુંચવી નાખ્યું



કે સામાન્ય વ્યક્તિને તો કંઈ ન સમજાય. વ્યક્તિ કોલેજ કક્ષાનો વિદ્યાર્થી બનીને તેના જેટલું વાચન કરે, અભ્યાસ કરે, ત્યારે તેને હક અને નાહકની સમજ પડે. તે સિવાયના લોકો તો પોતાના બાપ દાદાના ચિલે ચાલ્યા જ કરે.

અમારી કિતાબો "ઈસ્લામ અસત્યના ઘેરાવમાં" ભાગ-૧, ભાગ-૨ અને ભાગ-૩ આ ત્રણેમાં પ્રથમ ત્રણ ખલીફાઓની જિંદગીની હાલતો છે. એમના જીવન ચરિત્રો છે. બીજી એક નાની કિતાબ અમારી "ઈમામત" છે. જેમાં ચારે ખલીફાઓ કેવી રીતે ખલીફા બન્યા તેની વિગતો છે. આ સિવાય પણ અમારી એક કિતાબ છે "કયો અકીદો સાચો? પેગંબરે ઈસ્લામ પછી ચાર ખલીફાઓની ખિલાફત કે બાર ઈમામોની ઈમામત" ઉપરોક્ત કિતાબો વાંચવાનો નેકદીલ પ્રમાણિક માણસોને હું અનુરોધ કરૂં છું. હિદાયત માટે ફક્ત દુઆ કાફી નથી. સાથે કોશિશ પણ કરવી પડશે. હિદાયત માટે તેહકીક કોશિશ અને દુઆ આ બધું જ જરૂરી છે.

●

## (૨૪) મારા બાપના મિમ્બર પરથી ઉતરી જાઓ

હયાતુસ્સહાબા તબ્લીગી ભાઈઓની કિતાબ ગુજરાતી લિપિયાંતર ભાગ-૨ પેજ નં. ૭૬૭ પર છે કે એક વખત હઝરત અબુબકર ખુત્બો આપી રહ્યા હતા. એટલામાં ઈમામ હસન(અલ.) જેઓ હજી કમ ઉમર બાળક હતા જેઓ મિમ્બર ઉપર પહોંચી ગયા અને હઝરત અબુબકરને કહ્યું

"મારા નાના અબ્બાના મિમ્બર પરથી ઊતરી જાઓ." હઝરત અબુબકરે કહ્યું બેશક! આ તમારા નાના અબ્બાનો મિમ્બર છે, મારો નથી. કહીને હઝરત અબુબકર રડવા લાગ્યા. (અમારી દૃષ્ટિએ હઝરત અબુબકરનું રડવાનું કારણ આ હતું કે ખરેખર અમે લોકોએ ખાનદાને રસૂલનો હક ગસ્બ કરી લીધો છે.) બીજા વખત પણ હઝરત ઈમામ હસન(અલ.)એ હઝરત અબુબકર સાથે મિમ્બર ઉપર ચઢીને આ જ પ્રમાણે કહ્યું.

ત્યાર બાદ બીજી બે રિવાયતો હઝરત ઉમરના જમાનાની છે. હઝરત ઉમર મિમ્બર ઉપર ખુત્બો આપી રહ્યા હતા. ઈમામ હુસૈન(અલ.) મિમ્બર ઉપર ચઢી ગયા અને હઝરત ઉમરને કહ્યું મારા નાના અબ્બાના મિમ્બર પરથી ઊતરી જાઓ તમારા બાપના મિમ્બર ઉપર ચાલ્યા જાઓ. હઝરત ઉમરે કહ્યું બેશક! આ તમારા નાનાનો મિમ્બર છે. મારા બાપનો કોઈ મિમ્બર નથી. આ ઘટના પણ બે વખત બનેલી છે.

**ઉપરોક્ત બંને ખલીફાઓ સાથે ઘટેલી આ બે ઈમામોની બે બે ઘટનાઓમાં ફેરફાર અને વધારો બંને થયા છે.**

તબ્લીગી જમાતની કિતાબ હયાતુસ્સહાબા ઉર્દૂ પ્રથમ એડીશન ઈ.સ. ૧૯૬૪ની છે. તરજુમો કરનાર મૌલાના મોહંમદ ઉસ્માન સાહેબ. પ્રકાશન ઈદારા ઈશાઅતે દીનીયાત હઝરત નિઝામુદ્દીન નવી દિલ્હી.

***"મારા બાપના મિમ્બર પરથી ઉતરી જાઓ"*** શબ્દપ્રયોગો છે.



ઉર્દૂની બીજી એડીશન ઈ.સ. ૨૦૦૦ ની છે.

તરજુમો મોહંમદ એહસાનુલ હક છે

પ્રકાશન ફરીદ બુક ડીપોટ દિલ્લી છે.

ગુજરાતી લિપિયાંતર ઈ.સ. ૨૦૦૨ અબ્દુલ કરીમ મુલ્લા ઝાંપા બજાર, સુરતના પ્રકાશનમાં મારા બાપના મિમ્બરની જગ્યાએ "મારા બાપની જગ્યાએ મારા નાના અબ્બાના મિમ્બર પરથી ઊતરી જાઓ." કરી નાખવામાં આવ્યું.

વધારો ત્રણે કિતાબોમાં એક સરખો છે કે જાણે હઝરત અલી(અલ.)આ ખલીફાઓથી ખોફ અનુભવતા હોય એ રીતે ઉમેરો કરવામાં આવ્યો કે હઝરત અલી(અલ.)એ ખુતબા દરમ્યાન ઉભા થઈને બંને ખલીફાઓને કહ્યું કે મેં એમને કશું શીખવ્યું નથી. આ લોકો બંને ફરઝંદો ઈમામ હસન અને ઈમામ હુસૈન(અલ.) પોતાની મેળે જ આવું બોલે છે. પછી પોતાના ફરઝંદોને ઠપકો આપવા લાગ્યા.

હઝરત ઉમર તો ઈમામ હુસૈન(અલ.)ને નમાઝ પછી પોતાના ઘેરથી લઈ ગયા. પતાવીને પુછ્યું "આ તમને કોણે શીખવ્યું?" હઝરત ઈમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું મને કોઈએ શીખવ્યું નથી. (હું જ કહું છું તમે મારા બાપનો મિમ્બર લઈ લીધો છે.) રિવાયત કરનારે આટલો ભાગ કાપી નાખ્યો છે.

વાંચકો વિચારે કે જે લોકો મિમ્બર પર બેસીને બાળકના હક બોલવા ઉપર રડી દેતા હોય, તેમને વહેમ પડયો કે આ

કંઇ બની હાશિમ પોતાના છોકરાને આવું સમજાવીને કંઇક કાવતરૂં તો નથી કર્યું? જેમના આ લોકો કુરેશ કટ્ટર દુશ્મન હતા. જેઓએ ફત્હે મક્કા પછી પણ દુશ્મની છોડી ન હતી. એક રાજકીય ટોળી જેમાં કેટલાક હુકુમતની હવસ અને ઉમ્મીદમાં વહેલા ઈસ્લામમાં દાખલ થયા હતા. ખાલિદ, અબુસુફયાન અને મઆવિયા જેવા ફત્હે મક્કા પછી ગરદન કપાઇ જવાની ડરથી ઈસ્લામમાં દાખલ થયા. વળી ચિક્કાર મસ્જિદ સહાબાથી ભરેલી હોય અને આમાં ઈમામ હસન અને ઈમામ હુસૈન(અલ.) નબીની અવલાદ આવા સ્પષ્ટ શબ્દોમાં આ બંને ખલીફાઓને પડકારે, હક વાત કહે કે "મારા બાપના મિમ્બર પરથી ઊતરી જાઓ." ત્યારે આ ખલીફાઓનો શો હાલ થયો હશે? જરા વિચારી જુઓ. લખાણ તો મુસલમાનોની જ કિતાબોના છે. કાપકૂપ કરવામાં આવ્યું છે છતાંય તે સમયની પરિસ્થિતિનો અને ખિલાફતના ઝઘડાનો ખ્યાલ આપી જાય છે. અલ્લાહ હકને સ્પષ્ટ કરી જ નાખે છે.

●

## (૨૫) પ્રથમ ત્રણ ખલીફાઓની ખિલાફતના પચ્ચીસ વર્ષ

હઝરત અબુબકરે લગભગ બે સવા બે વર્ષ, હઝરત ઉમરે દસ વર્ષ અને હઝરત ઉસ્માનના ૧૩ વર્ષ કુલ પચ્ચીસ વર્ષ આ લોકોએ હુકુમત કરી. આ દરમ્યાન હઝરત અલી(અલ.) જરાય ખામોશ નથી રહ્યા. જુઠી હદીસો, જુઠ્ઠાં લખાણો હકને છુપાવી રહ્યાં છે. કારણે ઊંડા અભ્યાસ વગર



ઉપરછલ્લા વાચનથી પરિણામ સુધી પહોંચી શકાતું નથી. હઝરત અલી(અલ.) પાસે લશ્કરી શક્તિ ન હતી. ન તો માલ-દવલત હતી કે જેના દ્વારા લશ્કરી તાકાત પેદા કરી શકાય. આપ ફરમાવે છે કે **જો માથું આપી દેનારા ૩૧૩ માણસો પણ મારી પાસે હોત તો હું જરૂરથી આ લોકો સાથે જંગ કરત.** આપ આ પચ્ચીસ વર્ષ દરમ્યાન અમ્ર બિલ મઅરૂફ કરતા રહ્યા. લોકોમાં નહ્ય અનિલ મુન્કર કરતા રહ્યા. મદીના અને તેની આસપાસના બધા જ વિસ્તારોમાં ગામડામાં દરરોજની આપની મજલિસો થતી. આપને મદીનાની બહાર જવાની પરવાનગી ન હતી. આપ આ ખલીફાઓને તેમની ભૂલો ઉપર ટોકતા રહ્યા તેમની ભુલોને સુધારતા સુધારતા તેમના ખોટાં ફેંસલાઓને પડકારતા રહ્યા. સહી કરતા રહ્યા. ઈસ્લામની મહબ્બતમાં જરૂરી સહકાર આપતા રહ્યા. બાકી જો કોઇ એમ કહે કે હઝરત અલી(અલ.) કે ઈમામ હસન(અલ.)એ કે ઈમામ હુસૈન(અલ.)એ કોઇ ખલીફાથી બયઅત લીધી છે તો તે વાત સદંતર ગલત છે. બલકે મુસલમાનોની આ બધી કિતાબોનો અડધો ભાગ અસત્યનો ઉમેરો છે. બલકે મિનજાનિબિલ્લાહ બાર ઈમામોએ કોઇ પણ બાદશાહથી બયઅત લીધી નથી. કારણ કે રસુલુલ્લાહના રૂહાની ખલીફાઓ તો તે જ કહેવાશે જેમને અલ્લાહે નિયુક્ત કર્યા હોય. તે સિવાય ઈલેકશનથી બનેલા કે સિલેકશનથી ખલીફા બનેલા અથવા મઆવિયાની જેમ બગાવત કરીને યુદ્ધ દ્વારા ઝુલમ કરીને ગાદી મેળવનારા બધા

જ રાજાઓ, પ્રતાપી રાજાઓ કે મહાપ્રતાપી રાજાઓ ગણાશે. આ પચ્ચીસ વર્ષોની હુકુમતમાં જીવનના બધા જ ક્ષેત્રોમાં બિદઅતો દાખલ થઇ ચુકી હતી. ન્યાયના મામલામાં પણ અન્યાય અને અવ્યવસ્થા દાખલ થઇ ગયાં હતાં. હઝરત અબુબકર હઝરત ઉમર અને હઝરત ઉસ્માન વિશે તેઓની પરહેઝગારીના ચાહે ગમે તેટલા ગપ્પાં હાંકવામાં આવે બધાં જ વ્યર્થ છે. જ્યારે કે તેઓ પોતાના નબીના હુકમની ઐસી તૈસી કરીને ગાસિબ બનીને હઝરત અલી(અલ.)નો હક છીનવીને ખલીફા બન્યા હતા. તેઓ પાસેથી ઇન્સાફની ઉમ્મીદ રાખવી વ્યર્થ છે. તબ્લીગી જમાતનાં પઢેલા ભણેલા કેળવાયેલા માણસો તો કંઇ નથી બોલતા પરંતુ અમુક જાહિલ માણસોને મેં આમ બોલતાં પણ સાંભળ્યા છે કે હવે દુનિયામાં હઝરત ઉમરના મૃત્યુ પછી ઇન્સાફ જ બાકી રહ્યો નથી. આ કેવી હાસ્યાસ્પદ-જાહીલાના વાત છે. આવી વાતો કુફ્ર કલામ છે. જે કુરઆનના આદેશોથી સીધી ટકરાય છે.

હઝરત ઉમર અને હઝરત ઉસ્માનની માલની અવ્યવસ્થિત વહેંચણીના કારણે અરબસ્તાનના શહેરોમાં લોકોમાં અસમતુલા પેદા થઇ ગઇ હતી. રસુલુલ્લાહ(સલ.) બધાને એક સરખું આપતા હતા. જ્યારે હઝરત ઉમર બદરી સહાબાને વધારે પગાર આપતા હતા. પછી ઓહદવાળાઓને અને ત્યાર પછી બીજી જંગોવાળાઓને તદ્દન થોડો પગાર મળતો. વળી માતાજી આયશાને સૌથી વધારે પગાર આપતા જ્યારે ઉમ્મતની બીજી માઓને ઓછો પગાર આપતા. જે



આ સમયગાળામાં માલદાર અને ગરીબ તદ્દન ગરીબ આવા વર્ગો ઊભા થઇ ગયા હતા. હઝરત ઉમર જો કોઇ વાંકો ચાલે અથવા તેનાથી કંઇક હુકુમતને નુકસાન થવાનો ભય લાગતો તેને રાજી કરવા વધારે આપી દેતા. હઝરત અબુબકર તો નામના જ ખલીફા હતા. પાછલા બારણે બધો જ વહીવટ તો હઝરત ઉમર સંભાળતા હતા.


•

## (૨૯) હઝરત અબુબકર અને હઝરત ઉમરના શાસનકાળમાં બની હાશિમને (રસુલુલ્લાહના ખાનદાનવાળાઓને) મદીનાથી બહાર જવાની ઈજાઝત ન હતી

હઝરત અબુબકર અને હઝરત ઉમરની ખિલાફતના જમાનામાં તમામ બની હાશિમને મદીનાની બહાર જવાની પરવાનગી આપવામાં આવતી ન હતી. ખાનદાને રસુલના કિશોરો અને સ્ત્રીઓને પણ મદીનાની બહાર જવાની પરવાનગી ન હતી. શા માટે? હઝરત અબુબકર અને હઝરત ઉમરને શું ભય હતો? શું ડરખોફ હતો?

આ લોકોને ભય હતો કે જો અલી અને તેમની અવલાદ મદીનાની બહાર જાય તો અરબસ્તાનના લોકોને પેગંબરે ઈસ્લામનું ગદીરે ખુમનું જાહેર એલાન તાજું થઇ જાય. લોકો કહે કે આ બની તીમ અને બની અદી ક્યાંથી સત્તા ઉપર

આવી ગયાં? આ લોકોને કોણે બાદશાહ બનાવી દીધા? વળી બીજો એક મુદ્દો આ પણ હતો કે દુનિયાના કાયદાની રૂએ પણ હઝરત અલી(અલ.) બધી જ રીતે રસૂલના ગાદી વારસ ગણાતા હતા. રસુલે ખુદા અને અલી એક જ રોટલાના બે ટુકડા છે.




જો મુસલમાનો એમ કહેતા હોય કે અરબમાં બધે હઝરત અબુબકર અને ઉમરની આ હુકુમત માન્ય હતી તો પછી બની હાશિમના મરદો, કિશોરો અને સ્ત્રીઓ સુધ્ધાંને તે મદીનાની બહાર જવાના વીઝા શા માટે આપવામાં આવતી ન હતી? વળી આ નેકદીલ આલિમો તો કહે છે હઝરત ઉમરે લોકશાહીનો પાયો નાખ્યો છે. હઝરત ઉમરની આ લોકશાહી કેવી? માનવ અધિકાર, નાગરિક હક, સમાનતા બધું જ જુઠ. હઝરત અલી(અલ.) તેમના દીકરાઓ, દીકરીઓ વગેરે સાથે બધા જ બની હાશિમ રસુલુલ્લાહના



ખાનદાનવાળાઓ શું બળવાખોર લોકો હતા? આવા નેક લોકો જે તમારા નબીનું ખાનદાન હતું. તેમનાથી આ લોકોને શું ભય હતો?

સાચી વાત તો આ હતી કે સમગ્ર અરબસ્તાનમાં સૈફે અબુબકરે(ખાલિદની તલવારે) એટલો આતંક મચાવ્યો હતો કે બિચારી પ્રજા દબાઇ ગઇ હતી, ખામોશ થઇ ગઇ હતી. આ ખાલિદની તલવારે હજારો ઈન્સાનોને મૌતને ઘાટ ઊતાર્યા હતા

મવ. શિબ્લી નોઅમાની પોતાની કિતાબ અલ-ફારૂક ભાગ-૨ પેજ નં. ૧૭૮ સળંગ પેજ નં. ૪૦૩ ઉપર લખે છે કે હઝરત અબુબકર અને હઝરત ઉમરના દૌરે ખિલાફતમાં બની હાશિમને મદીનાની બહાર જવાની ઈજાઝત ન હતી. આ વાત તબ્લીગી જમાતના બીજા હઝરતજીની કિતાબ હયાતુસ્સહાબામાં પણ છે.

સરમુખ્ત્યિારશાહી એ હઝરત અબુબકર, હઝરત ઉમર અને હઝરત ઉસ્માનની સુન્નત છે. આ સુન્નત ઉપર પંદરસો વરસથી બધા જ અરબ દેશો અમલ કરી રહ્યા છે. પ્રજાને તેમની છાતી ઉપર બંદૂક મૂકીને દબાવી રાખી છે. તમામ અરબ દેશો એક પછી એક સરમુખ્ત્યિારો પેદા થાય છે. આ લોકો રાજાના નામથી કે સરમુખ્ત્યિારના નામથી પોતાના ખલીફાઓની સુન્નત ઉપર અમલ કરી રહ્યા છે.

•

# (૨૭) શહીદે કરબલા ઈમામ હુસૈન(અલ.)ની શહાદતના બીજ ક્યાં રોપાયા?

ઈમામ હુસૈન(અલ.)ની શહાદતના બીજ સકીફા બની સઅદહમાં રોપાયાં. જંગે જમલ અને જંગે સિફ્ફીનના બીજ પણ ત્યાં જ રોપાયાં. કારણ કે તલહા અને ઝુબૈરને પણ સકીફાએ જ પેદા કર્યા છે. મઆવિયા યઝીદનો જન્મ પણ સકીફામાં જ થયો છે. ઈસ્લામના બોત્તેર ફિરકાઓના બીજ પણ ત્યાં જ રોપાયાં.

ઝાલિમ રાજાઓ અને સરમુખ્ત્યિારો જે આજે પંદરસો વરસથી અરબ અને તેની આસપાસના બધા જ અરબ દેશોમાં હુકુમત કરે છે, તેમના બીજ પણ સકીફા બની સઅદહમાં જ રોપાયાં. વિશ્વસ્તરે મુસ્લિમોની અત્યારની ઝિલ્લતો, મુસીબતો, પરેશાનીઓના બીજ પણ સકીફા બની સઅદહમાં જ રોપાયાં.

બેહલોલ દાના એહલેબયતના એક ચાહક બુઝુર્ગ હતા. હંમેશા અલ્લાહની યાદમાં રહેતા. આપ અબ્બાસી ખલીફા હારૂન રશીદના જમાનામાં થઇ ગયા. આપનું બોલવું ચાલવું અને વ્યવહાર વગેરે જોઇને કેટલાક ચાપલુસી કરનારા આલિમોએ બાદશાહની કાનભંભેરણી કરી કે આ ગાંડિયો કહેવાતો બેહલોલ કંઇ ગાંડો નથી એ તો અલી અને હસન, હુસૈનનો ચાહક છે. એ અમારી સમક્ષ જે વાતો કરે છે તે જોતાં



એ હુકુમતની સાથે દુશ્મની ધરાવે છે. જો કે તે બાદશાહનો કુટુંબી હતો. એક વખત બાદશાહે વિચાર્યું કે આ આલિમો જે ફરિયાદ કરે છે તે જોઉં તો ખરો કે કેટલી સાચી છે. બાદશાહે બેહલોલને દરબારમાં બોલાવ્યા પછી પુછયું બેહલોલ! તમે ઈમામ હસન અને ઈમાન હુસૈનને ચાહો છો? કહ્યું જરૂર ચાહું છું. પુછયું બેહલોલ! ઈમામ હુસૈનની શહાદત ક્યાં થઇ હતી? બેહલોલે જવાબ આપ્યો ઈમામ હુસૈન સકીફા બની સઅદહમાં શહીદ થયા હતા. બાદશાહ હસવા લાગ્યો. બેહલોલને રજા આપી. પછી મોલવીઓને કહ્યું ખબરદાર! હવે પછી જો મને આ બેહલોલ વિશે ફરિયાદ કરી છે તો. બિચારાને એટલું ભાન નથી કે ઈમામ હુસૈન ક્યાં શહીદ થયા હતા. તેની તમે ફરિયાદ કરો છો?

અમે વારંવાર કહીએ છીએ, ઊંચા અવાજથી કહીએ છીએ, કારણ કે અમારી વાતની દલીલ કલામે ખુદા છે. તમામ નબીઓની ઉમ્મતોની બહુમતિ પોતાના નબીની વફાત પછી ગુમરાહીના રસ્તે ચાલી નીકળી હતી. પોતાનો રસ્તો બદલી નાખ્યો હતો. પાછલા દરેક નબીની ઉમ્મતોની લઘુમતિ પોતાના નબીના દીન ઉપર બાકી રહી હતી. એ જ વાત નબીએ આખેરૂઝ્ઝમાં હઝરત મોહંમદ(સલ.)ની ઉમ્મતમાં પણ બની છે. નબીની આંખ મીંચાતા જ આ ઉમ્મત ગુમરાહી તરફ ચાલી નીકળી. અલ્લાહે અને તેના રસુલે નિયુક્ત કરેલા મિનજાનિબિલ્લાહ ખલીફાને છોડી, તમામ મશવિરાઓની બેહતરીન જગ્યા મસ્જિદે નબવી જે રસુલના

ઘરની બગલમાં જ હતી તેને છોડી આઠ, નવ કિલોમીટર દૂર સકીફા બની સઅદહ જેવાં ગુપ્ત અને બદનામ સ્થળે જ્યાં અરબો પોતાના જાહિલીય્યતના જમાનામાં ગુપ્ત મશ્વિરા કરવા જતા હતા, ત્યાં તમામ સહાબા અનસાર અને મુહાજિર પહોંચી ગયા અને અલ્લાહ અને તેના રસૂલની સમક્ષ ખુલ્લી જંગ કરી. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતના સિલેકશનને રદબાતલ કરી નાખ્યું. પોતાનો ખલીફા પોતે જ બનાવી લીધો. જ્યારે ચોથા નંબરે ખિલાફત તેની અસલ જગ્યાએ પાછી ફરી, ત્યારે પચ્ચીસ વરસનો સમય વીતી ચૂકયો હતો.

સમાજના બધા જ ક્ષેત્રોમાં દુનિયાપરસ્તી, માલ પરસ્તી, વહેમ પરસ્તી દાખલ થઈ ચૂકી હતી. હઝરત અલી(અલ.)ની હુકુમત ફકત સાડાચાર વરસ જેટલી છે. પચ્ચીસ વરસ જેટલા લાંબા સમય સુધી બગડી ચૂકેલા ઈસ્લામી સમાજના માળખાને સુધારવાનું મુશકેલ કાર્ય હઝરત અલીની જવાબદારીમાં આવ્યું.

આગળની હુકુમતોમાં જે લોકોએ મફતીયા માલ ખાધો હતો. માતાજી આયશા, તલહા અને ઝુબેર જેવાઓને સાચવી રાખવા, તેમનું મોં બંધ રાખવા મોટા મોટા વઝીફા મળતા હતા. તેઓએ હઝરત અલી(અલ.)ની મદીનામાં બયઅત તો લીધી. તલહા, ઝુબેરે હઝરત અલી ખલીફા બન્યા ત્યારે આ બંનેએ એક સાથે બયઅત લીધી. તે સમયે માતાજી આયશા તો મક્કામાં હતાં. બીજા જ દિવસે તલહા અને ઝુબેરે ગવર્નરપદની માંગણી કરી. અમીરૂલ મોઅમેનીન હઝરત અલી(અલ.)એ ફરમાવ્યું કે વિચારીશ. આ બંને સમજી ગયા



કે આપણને કોઈ હોદ્દો મળશે નહિ. બંનેએ મક્કા જવાની રજા માંગી. હઝરત અલી(અલ.) જેવા બહાદુર વ્યક્તિ શા માટે રજા ન આપે? કહ્યું કે જાવ, હું જાણું છું કે તમે મક્કા શા માટે જાઓ છો. માતાજી આયશા તો ત્યાં જ હતાં. ત્રણેએ ભેગા મળીને લશ્કર તૈયાર કર્યું. લશ્કરની આગેવાની માતાજીના હાથમાં હતી. ડાબી જમણી બાજુ તલહા અને ઝુબેર ઘોડા ઉપર સવાર હતા. આ લોકો લશ્કર પેદા કરતા કરતા બસરા સુધી પહોંચ્યા. મદીનામાં અમીરૂલ મોઅમેનીનને ખબર પહોંચી કે આ લોકોએ બગાવત કરી છે. આપને મજબુર થઈને લશ્કર લઈને નીકળવું પડયું. બસરાની નજીક આ બંને લશ્કરો વચ્ચે ધમાસાણ લડાઈ થઈ. અઢાર હજારથી પણ વધારે ઈન્સાનોનું લોહી વહી ગયું. આ જંગને જંગે જમલ એટલા માટે કહે છે કે જમલ એટલે ઊંટ અને માતાજી આયશા ઊંટ ઉપર સવાર હતાં. આ ટોળાને નાકેસીન ટોળું કહેવાય છે. હદીસમાં પેગંબરે ઈસ્લામે આ લોકોને ''નાકેસીન'' એટલે બયઅત તોડી નાખનારા કહ્યા છે.

બીજી ટોળી મઆવિયાની છે જેને મુલકે શામના ગવર્નરપદે હઝરત ઉમરે નિયુક્ત કર્યો હતો. હઝરત ઉમરે મઆવિયાની સાથે અનેક વખત ગુપ્ત મિટિંગો કરીને તેના દીલમાં હઝરત અલી(અલ.) પ્રત્યે નફરતના બીજ રોપી દીધાં હતાં. આવી ગુપ્ત મિટિંગોનો ઉલ્લેખ તબ્લીગી જમાતની કિતાબ હયાતુસ્સહાબામાં પણ છે. હઝરત અલી(અલ.) પાસે ખિલાફત આવી ત્યારે મઆવિયાએ બગાવત કરી અને સિફ્ફીનના મેદાનમાં અમીરૂલ મોઅમેનીનને મજબુર થઈને

તેની સાથે જંગ લડવી પડી. આ જંગને જંગે સિફ્ફીન કહે છે. સિફ્ફીનવાળાઓને રસુલે ખુદાએ "કાસેતીન" ટોળું કહ્યું છે. "કાસેતીન" એટલે હકથી મોં ફેરવનારા, નાહક તરફ ચાલી નીકળનારા.

ત્રીજા એક ગુમરાહ ટોળા સાથે અમીરૂલ મોઅમેનીન હઝરત અલી(અલ.)ને જંગ કરવી પડી તે છે "મારેકીન" ટોળું. ખારજીઓ જેઓ એમ માનતા હતા કે હાકેમ તો બસ અલ્લાહ જ છે. કોઇ હાકેમની જરૂરત નથી. "લા હુક્મ ઇલ્લા લિલ્લાહ" તેમનો નારો હતો. હઝરત અલી(અલ.)એ ફરમાવ્યું કે બેશક, હાકેમ તો ફક્ત અલ્લાહ જ છે પરંતુ તેના હુકમોને લાગુ કરનાર, ન્યાયની સ્થાપના કરનાર, ખુદાની કમજોર મખ્લુકના હકોનું રક્ષણ કરનાર, ફરમાન લાગુ કરનારની તો જરૂરત છે જ. આ ટોળું પણ હઝરત અલી(અલ.)નું કટ્ટર દુશ્મન હતું. તેમની સાથે જંગે નહરવાન થઇ. આ રીતે અમીરૂલ મોઅમેનીનની હુકુમતના સાડાચાર વર્ષો જેટલા સમયમાં આ ત્રણ લડાઇઓ થઇ. આટલા થોડા સમયગાળામાં પણ આપે હુકુમતને ફરીથી ઇસ્લામની પટરી ઉપર લાવી ઊભી કરી દીધી. જે છેલ્લા પચ્ચીસ વરસોના બિન ઇસ્લામી શાસનથી ઇસ્લામના ઉસૂલોથી સદંતર દૂર ફેંકાઇ ગઇ હતી. કોઇપણ ક્ષેત્ર એવું બાકી રહ્યું ન હતું જેમાં હકની સાથે નાહકનું મિશ્રણ ન થઇ ગયું હોય. આગળ અમે લખી ચૂકયા છીએ કે એક વખત કેટલાક સહાબાએ હઝરત અલી(અલ.)ની પાછળ નમાઝ પઢી. કેટલાક સહાબા ખુશી



વ્યક્ત કરતાં બોલી ઊઠયા અલ્હમ્દોલિલ્લાહ આજે હઝરત રસુલે ખુદાની પાછળ નમાઝ રસુલુલ્લાહના જેવી નમાઝ પઢી. ત્યારે કેટલાક યુવાનોએ પુછયું શું નમાઝ પણ બદલાઇ ગઇ છે? પેલા સહાબીએ કહ્યું કે નમાઝ પણ બદલાઇ ગઇ છે. બધા જ ક્ષેત્રોમાં બદલાવ આવી ગયો છે. આ હદીસ બુખારીમાં છે. હઝરત અલી(અલ.) આ હુકુમતના બગડેલા તંત્રને શક્ય એટલા પ્રમાણમાં ઇસ્લામના સહી નહેજ ઉપર લાવી દીધું. આ વાતને વિસ્તારથી અને અનેક દલાઇલ સાથે સમજવા જુઓ અમારી કિતાબ હઝરત અલી(અલ.)નું મુબારક જીવનચરિત્ર ભાગ ૧ થી ૫ દરેક ભાગ ૫૦૦ પેજ ઉપરના છે.

**રસુલે ઇસ્લામ(સલ.)એ અમીરૂલ મોઅમેનીન હઝરત અલી(અલ.) ને ફરમાવ્યું હતું કે મારે તનઝીલે કુરઆન માટે જંગો કરવી પડી છે. અને અય અલી! તમારે તાવીલે કુરઆન માટે જંગો કરવી પડશે.** કુરઆન ઉતરતું હતું કુરઆનના વિરૂદ્ધ કાફિરો ઊભા થયા કારણ કે તેઓ શિર્કના અલમદાર હતા. મૂર્તિ પૂજનારા હતા. તો રસુલને નુઝૂલે કુરઆન માટે જંગો કરવી પડી. જ્યારે હઝરત અલી(અલ.)ના દુશ્મનો કુરઆનના ગલત અર્થઘટનો કરતા હતા. મુનાફિકીન થઇ ગયા હતા. તેમની સાથે જંગો કરવી પડી. કુરઆને પાકમાં પણ આ બાબત સ્પષ્ટ આયત મોજૂદ છે. અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝત ફરમાવે છે કે "અય નબી" તમે કુફ્ફાર અને મુનાફેકીનની સાથે જંગ કરો, પરંતુ રસુલુલ્લાહ(સલ.)

પોતાની હયાતીમાં ફક્ત કાફિરો સાથે જ જંગ કરી શકયા હતા. મુનાફિકો સાથે જંગ બાકી હતી જે આપના ખલીફા અલ્લાહના નુમાઈન્દહ હઝરત અલી(અલ.) ને લડવી પડી.

●

## (૨૮) સૌથી મોટો ઈબાદત ગુજાર શયતાન શા માટે મરદૂદ થઈ ગયો?

કોઈ નબીએ પણ એટલી ઈબાદતો નથી કરી જેટલી શયતાને કરી છે. છતાંય તકબ્બુર કરવાથી, ઈર્ષા કરવાથી મરદૂદ થઈ ગયો. અલ્લાહનો હુકમ હતો કે આ આદમ જમીન ઉપર મારો ખલીફા છે, તેને સજદો કર. શયતાને ઘમંડ કર્યું, સજદો ન કર્યો. અલ્લાહના હુકમનો અનાદર કર્યો. તેની બધી જ ઈબાદતો બરબાદ થઇ ગઇ. બીલકુલ તેવી જ રીતે સ્પષ્ટ નસ દ્વારા અનેક હદીસોમાં રસૂલે ઈસ્લામનો આ હુકમ હતો કે મારા પછી મારી એહલેબયતમાંથી બાર ઈમામ થશે. દરેક ઈમામના નામો પણ સ્પષ્ટ રીતે બતાવી દીધાં હતાં. દરેક ઈમામની દુઆ પણ બતાવી હતી. અનેક વખત આ પ્રકારની જાહેરાતો સ્પષ્ટ રીતે કરવામાં આવી હતી. છતાંય જે પ્રમાણે શયતાને અલ્લાહના ફરમાનની અવગણના કરી એ જ પ્રમાણે વફાતે રસૂલ પછી રસૂલની ઉમ્મતની બહુમતિએ પણ રસુલુલ્લાહના ફરમાનની અવગણના કરી. અલ્લાહના સિલેકશનને ઈલેકશનમાં ફેરવી નાખી પોતાના ખલીફા ચુંટી કાઢયા. પછી એ જ પ્રમાણે ઝાલિમ રાજાશાહી અથવા



સરમુખ્તીયારશાહી ચાલુ રહી. આલિમોએ અસત્યની બુન્યાદો ઉપર ઊભેલી પોતાના દીનની ઈમારતને બચાવવા લાખોની સંખ્યામાં હદીસો ઘડી કાઢી. ઈમારતના જુઠ્ઠા માળખા ઉપર અસત્યના એટલા અવરણો ચઢી ગયાં કે હકની તલાશ ઘણી જ મુશકેલ થઇ ગઇ, પરંતુ શોધખોળ કરનાર માટે અશક્ય નથી. ઈન્શાઅલ્લાહ.

અત્યારે બાર ઈમામોને લગતી રસુલુલ્લાહ(સલ.)ની હદીસો અહીં લખવી શક્ય નથી. આ એક નાની પુસ્તિકા છે. જે લોકો આ હદીસોનો અભ્યાસ કરવા માંગે તે અમારી કિતાબ "કયો અકીદો સાચો? પૈગંબરે ઈસ્લામ પછી ચાર ખલીફાઓની ખિલાફત કે બાર ઈમામોની ઈમામત" વાંચે.

●

## (૨૯) જે લોકો કહે છે કે પ્રથમ ત્રણ ખલીફાઓ અને હઝરત અલી(અલ.) વચ્ચે ખિલાફત અંગે કોઈ ઝઘડો ન હતો તેઓ જરા આ પણ વાંચે

શિબ્લી નોઅમાની સાહેબની કિતાબ અલ-ફારૂકમાં છે "ખિલાફતના મામલામાં હઝરત ઉમર અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ વચ્ચે વાતચીત" સંવાદ અલફારૂક ભાગ-૧ પેજ નં. ૨૦૩

હઝરત ઉમર હઝરત અલી(અલ.)ની ટીકા કરતાં કહે

છે કે જો એમના સ્વભાવમાં વિનોદવૃત્તિ ન હોત તો હું તેમને ખિલાફતના સૌથી અવ્વલ હકદાર માનું છું. નઉઝુબિલ્લાહે મિન ઝાલિક, અલ્લાહ માફ ફરમાવે અમારે આમ લખવું પડે છે.

વળી આ લખતાંની સાથે મવ. શિબ્લી આ વાતને પોતેજ રદિયો પણ આપે છે કે આ વાત સાચી નથી. હઝરત અલી(અલ.) લતીફ મિઝાજ વ્યક્તિ હતા. ત્યાર બાદ શિબ્લી સાહેબે હઝરત ઉમર અને અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસની સાથે થયેલ એક વાતચીત નકલ કરી છે. અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ હઝરત અલી(અલ.)ના તરફદાર હતા. અત્રે આ વાત પણ યાદ રાખવામાં આવે કે આ મુકાલિમા(સંવાદ) હઝરત ઉમરની હુકુમતના છેલ્લા વર્ષનો છે. વળી તે શિબ્લી સાહેબ પોતાની કિતાબ અલ-ફારૂકમાં લખેલો છે : તેમાંથી નકલ કરીએ છીએ.

હ. ઉમર : કેમ શું બાબત છે? અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ! અલી અમારી સાથે કોઈપણ કાર્યમાં ભાગીદાર કેમ થતા નથી?

અબ્દુલ્લાહ : હું નથી જાણતો.

હ. ઉમર : પરંતુ હું જાણું છું, તમારી કોમ(કુરેશ) તમારૂં સરદાર હોવાનું સ્વીકારતી નથી?

અબ્દુલ્લાહ : શા માટે?

હ. ઉમર : તેઓને આ વાત પસંદ ન હતી કે, એક જ ખાનદાનમાં મતલબ બની હાશિમમાં નુબુવ્વત



અને ખિલાફત બંને ભેગી થઈ જાય, કદાચ તમે એમ કહેશો કે હઝરત અબુબકરે તમને ખિલાફતથી મહરૂમ(વંચિત) કરી દીધા. પરંતુ આ વાત નથી. અબુબકરે તે કર્યું. જેનાથી વધારે યોગ્ય કોઈ વાત ન હતી. જો તેઓ તમને ખિલાફત આપવા ઈચ્છા રાખત તો તેમનું આમ કરવું તમારા હકમાં કંઈપણ ફાયદાકારક ન હતું.

બીજો મુકાલિમો (બીજી વાતચીત) આનાથી વધારે વિસ્તારથી છે. કેટલીક વાતો તો ઉપર જેવી જ છે જે વાતો નવી છે તે આ છે.

હ. ઉમર : કેમ અબ્દુલ્લાહ બિન અબ્બાસ! તમારા લોકો વિશે હું કેટલીક વાતો સાંભળું છું. પરંતુ મેં એટલા માટે આ વાતોની તેહકીક નથી કરી કે તમારી ઈઝ્ઝત મારી દૃષ્ટિમાં ઓછી ન થઈ જાય.

અબ્દુલ્લાહ : તે શું વાતો છે?

હ. ઉમર : મેં સાંભળ્યું છે કે તમે લોકો કહો છો કે અમે લોકોએ તમારા ખાનદાન પાસેથી ખિલાફત હસદના કારણે ઝુલમ કરીને છીનવી લીધી છે.

અબ્દુલ્લાહ : ઝુલમની બાબતમાં તો હું કશું નથી બોલતો કારણ કે આ વાત કોઈથી પણ છુપાયેલી રહી નથી. બીજી વાત હસદ. તો આ બાબતમાં

આશ્ચર્ય પામવા જેવું શું છે? ઈબ્લીસે આદમ ઉપર હસદ કર્યો અને આપણે બધા આદમની જ અવલાદ છીએ, પછી આપણા અંદર હસદનું હોવું તો તેમાં શું આશ્ચર્ય છે?

હ. ઉમર : અફસોસ છે. બની હાશિમના ખાનદાનમાંથી પુરાના ગમો અને કીના-કપટ કદી દૂર થશે નહિ.

અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ : આવી વાતો ન કરો. રસુલુલ્લાહ(સલ.) પણ હાશિમ હતા.

હ. ઉમર : આ ચર્ચા બંદ કરો, જવા દો.

અબ્દુલ્લાહ : ઘણું જ યોગ્ય.

જ્યારે હઝરત ઉમર પકડમાં આવે છે કે હું રસુલુલ્લાહના ખાનદાનને પણ બુરૂંભલું બોલી ગયો, તો કેટલી સિફતથી છટકી જાય છે.

આ સંવાદ શિબ્લી નોઅમાની સાહેબની કિતાબ અલ-ફારૂકમાં ભાગ-૧માં પેજ નં. ૨૦૩ ઉપર છે.

હવે જે લોકો એમ કહે છે કે હઝરત અલી(અલ.) અને પ્રથમ ત્રણ ખલીફાઓ વચ્ચે કોઈ અણબનાવ ન હતો. બધા એક બીજાના દોસ્ત હતા આ કેટલું સાચું છે? આ સદંતર જુઠ છે. હઝરત ઉમરથી આ બાબત ખિલાફતના વિષયમાં હઝરત અલી(અલ.)ની સાથે તો વાત કરવાની હિંમત જ ન હતી. કારણ કે આ લોકોએ રસુલુલ્લાહની હયાતીમાં તો સેંકડો વખત હઝરત અલી(અલ.)ના હાથ અને પગ પણ



ચૂમ્યા હતા. પછી આ લોકોની કેવી રીતે હિંમત હોય કે હઝરત અલી(અલ.)ની સામે ખિલાફત અંગે વાતચીત કરે. તેમના ઘરનો દરવાજો સળગાવ્યો. હઝરત અબુબકરના ગુલામે જનાબે ફાતેમાના હાથો અને શરીર ઉપર કોરડા માર્યા. હઝરત અલી(અલ.)ને પકડીને હઝરત અબુબકરની સામે લઈ ગયા. હઝરત અલી(અલ.)એ બયઅત ન લીધી. હુકુમત મળ્યાના જોશમાં તેને મજબુત કરવાના હેતુથી આ બધો ઝુલમ કરી તો લીધો, પછી હઝરત અલી(અલ.) કિનારે થઈ ગયા. ત્યાર બાદ આ લોકોની હિંમત ન હતી કે આપની આંખમાં આંખ મેળવે. આપ પોતે ફરમાવે છે કે જો મારી પાસે ૩૧૩ જેટલા માણસો પણ ગરદન કટાવી નાંખે એવા શહાદત પસંદ કરનારા હોત તો હું મારા રાજકીય દુશ્મનોને કચડી નાખત. આપની મજાલિસો સાંભળનારા, આપથી મહબ્બત રાખનારા તો ઘણાં બધા હતા પરંતુ ગરદન આપનારા ઘણાં જ થોડા હતા.

•

## (30) ખલીફાઓના મુલકો ફતેહ કરવાના ઝુલમનું શિબ્લી નોઅમાની ઢોલ પીટી રહ્યા છે

શિબ્લી નોઅમાનીએ અલ-ફારૂકમાં ખલીફાઓની જીતોના હદપાર વખાણ કર્યા છે. ખરેખર તો આ ખલીફાઓએ ઈન્સાનો ઉપર ઝુલમનો કોરડો વીંઝયો હતો

કે તે જાણીને ભલભલા આશ્ચર્યચકિત થઇ જાય. નાગા, ભૂખ્યા, અભણ અને જાહિલ બિનકેળવાયેલા અરબોને કપડાં અને રોટીના બદલામાં એવા ઉશ્કેરી દીધા કે તેઓએ ઈન્સાનો ઉપર ઝુલમની કોઇ હદ બાકી રાખી નથી. આ ત્રણે ખલીફાઓના સમયગાળામાં બિન મુસ્લિમો ઉપર અનહદ ઝુલમો થયા છે. ત્યારથી મુસલમાનો ઉપર આ તોહમત મુકાય છે કે ઈસ્લામ તલવારથી ફેલાયો છે. કારણ કે બિનમુસ્લિમોને થોડી ખબર છે કે આ ખલીફાઓ અલ્લાહના ચૂંટેલા પ્રતિનિધિઓ ન હતા. રસુલુલ્લાહના રૂહાની ખલીફા ન હતા. રસુલુલ્લાહના રૂહાની ખલીફા હઝરત અલી(અલ.)ને તો આ લોકોએ બાજુ પર ધકેલી દીધા હતા.

શાંત, નિરૂપદ્રવી બિનમુસ્લિમ વસ્તીઓને તેમના કોઈપણ જાતના ગુનાહ વગર આ ખલીફાઓએ ધમરોળી નાખી. હજારો કિલોમીટર દૂરના દરિયાપારના મુલકો ઉપર હુમલા લઇ જઇ, બેગુનાહ લોકોને રહેંસી નાખ્યા. નાગા, ભૂખ્યા, જાહિલ બદ્દુઓને ઉશ્કેરી દીધા કે જાઓ હુમલા કરો આ લોકોને મારી નાખો નહીં તો નમાવી દો. દુનિયામાં તો અમે તમને ખાવા-પીવા આપીશું અને મૃત્યુ પછી જન્નતમાં જશો. બસ રોટલાના બદલામાં આ બદ્દુઓ અર્ધુ વિશ્વ ખુંદી વર્યા.

અમને નથી લાગતું કે આવી ઝાલિમાના કાર્યવાહી કોઇ તારીફને લાયક છે. જો આવી ઝાલિમ કાર્યવાહી તારીફને લાયક હોય તો અમેરિકાના પ્રમુખ જ્યોર્જ બુશની પણ તારીફ કરવી પડશે. જેણે અફઘાનિસ્તાન અને ઈરાકના



બંને દેશોને જીતી કમસેકમ પચાસ લાખ લોકોને મારી નાખ્યા છે. હવે આ જ બુશનો ભાઇ ઓબામાં સીરિયા ઉપર ઝુલમ કરી રહ્યો છે. આ જ બુશે લીબિયાને પણ બરબાદ કર્યું છે. તો શું આ વિજેતાઓની આપણે તારીફ કરીશું? શું તે સમયના બિનમુસ્લિમ ઈતિહાસકારોએ પ્રથમ ત્રણ ખલીફાઓની તારીફના કસીદા પઢ્યા હશે? ગ્રીક બાદશાહ સિકંદરે પણ વિશ્વ વિજેતા બનીને અનેક મુલકો નમાવ્યા હતા. પરંતુ તેનો હેતુ લોકોનું ધર્મ પરિવર્તન કરાવવાનો ન હતો. વિજેતા બની જવું કોઇ કમાલ નથી. ધર્મ પરિવર્તન હૃદયથી હોવું જોઇએ, તલવારથી નહિ.

●

## (૩૧) ઝંજીરોમાં જકડાયેલું કાબા

સઉદી અરબ જ્યાં વહાબીઓની હુકુમત છે. જેઓ પોતાને અવ્વલ દરજાના તવહીદ પરસ્ત માને છે. અમારી દૃષ્ટિએ તો તેઓ અમેરિકા પરસ્ત છે. અમેરિકા એમનો મોટો ખુદા છે. આ તવહીદના જુઠ્ઠા દાવેદારો કાબાનું શું રક્ષણ કરવાના હતા? રાત દિવસ શિર્ક શિર્કનો કલિમા પઢનારા પોતે જ મુશરિક બની ગયા છે. જેઓ પોતાનું જ રક્ષણ નથી કરી શકતા? સઉદી અરબની જમીન ઉપર ત્રણે દિશામાં અને દરિયાના મોટા ભાગ ઉપર અમેરિકન લશ્કરના થાણાં છે. અમેરિકા આ વહાબીઓની ભુમિ અને દરિયાનો ઉપયોગ ઈસ્લામનો મુકાબલો કરવા માટે કરી રહ્યું છે. જે ઈસ્લામ

આ ઝાલિમોને ઈરાનમાં દેખાઈ રહ્યો છે. અમારી દૃષ્ટિએ તો કાબા કુફ્રની ઝંજીરોમાં જકડાયેલું છે. મોટાભાગની અરબ દેશોની જમીન અને દરિયામાં અમેરિકાના લશ્કરી થાણાંઓ છે. ખલીફાઓની આ તલવારે સ્પેનમાં ઈસ્લામ ફેલાવ્યો હતો તે ક્યાં ગયો? જ્યાં મુસલમાનોએ ૭૦૦ વર્ષ રાજ્ય કર્યું છે આજે ત્યાં એકપણ મુસ્લિમ નથી. આજે વિશ્વના જે ભાગ ઉપર મુસલમાનો છે તેમના દીનના શા હાલ છે? હઝરત મોહંમદ, અલી, ફાતેમા, હસન, હુસૈન(અલૈ.)નો ઈસ્લામ તો ઈન્સાનોના દીલોને નમાવવાનો હતો, ન કે તલવાર વડે ગરદન કાપી નાખવાનો.

•

## (૩૨) કોઈપણ સાચો સૈયદ કદીપણ સુન્ની હોઈ શકતો નથી

મારી અગાઉની કોઈક કિતાબમાં મેં લખ્યું છે કે કોઈપણ સાચો સૈયદ કદીપણ સુન્ની હોઈ શકતો નથી. મેં આ તારણ ઘણું જ સમજપુર્વક રજૂ કર્યું છે. ઈતિહાસ ઉપર આ ચાલાક આલીમોએ અસત્યના એટલાં આવરણ ચઢાવી દીધાં છે કે સત્યની ખોજ મુશ્કેલ બનાવી દીધી છે. રસુલુલ્લાહ(સલ.)ની આંખ મીંચાતા જ રસુલુલ્લાહ(સલ.)ના ખાનદાન ઉપર ખલીફાઓની તરફથી એટલા ઝુલમ આચરવામાં આવ્યા છે કે તેની દાસ્તાનો સાંભળતાં હૈયું કાંપી જાય. જનાબે ફાતેમા શહેઝાદીએ રસુલ જેને મુસલમાનોની



બુખારી મુસ્લિમ જેવી કિતાબો જન્નતની ઓરતોની સરદાર કહેતી હોય, રસુલે ઈસ્લામે જેમના માટે ફરમાવ્યું હોય કે દુનિયા અને આખેરતમાં અલ્લાહની નજરમાં ચાર સ્ત્રીઓ શ્રેષ્ઠ છે. (૧) જનાબે ફાતેમા(સલા.) (૨) જનાબે ખદીજા(અલ.) (૩) જનાબે મરિયમ(અલ.) (૪) જનાબે આસિયાહ(અલ.) વળી ફરમાવ્યું કે આ ચારમાં મારી બેટી ફાતેમા સૌથી વધુ શ્રેષ્ઠ છે. મારા જિગરનો ટુકડો છે. જેણે તેને તકલીફ આપી તેણે મને તકલીફ આપી, જેણે મને તકલીફ આપી તેણે અલ્લાહને તકલીફ આપી. અને જેણે અલ્લાહને તકલીફ આપી તેણે અલ્લાહને નારાજ કર્યો તે જહન્નમી છે. તબ્લીગી જમાતની કિતાબ હયાતુસ્સહાબામાં પણ આ લખાણ છે.

આ બધી વાતો જાણીને કોઈપણ સૈયદ પોતાના જદ્દ-જદ્દાહ દાદા-દાદીની મહબ્બતમાં રહ્યા વગર રહી શકે નહિ. હઝરત અબુબકર અને ઉમરે જનાબે ફાતેમા(સલા.)ને આપના અબ્બાએ આપેલી જાગીર બાગે ફિદક પણ લઈ લીધી. તેની તે જમાનામાં કિંમત લાખોની હતી. જેમાં ખજૂરના ઝાડો પણ હતાં. હઝરત ફાતેમા(સલા.) આ બાબત હઝરત અબુબકરને ખૂબ જ સકંજામાં લીધા હતા. છેવટે બદનામીના ભયથી હઝરત અબુબકરે તે બાગ જનાબે ફાતેમાને પરત આપવાનો ઈરાદો કરી લીધો હતો. તે સમયે જનાબ ફાતેમા(સલા.)એ સાબિતી માટે રજૂ કરેલો રસુલુલ્લાહે લખી આપેલો દસ્તાવેજી કાગળ હઝરત અબુબકરના હાથમાં હતો, અને ઉમર આવી

ચઢયા. ખલીફાને પુછયું શું વિચારો છો? કહ્યું બાગે ફિદક હું ફાતેમાને પાછો આપવા વિચારી રહ્યો છે. આ રસુલુલ્લાહનું લખાણ છે હઝરત ઉમરે તે લખાણ ખલીફાના હાથમાંથી લઈને ફાડી નાખ્યું. આવી તો એક બે વાતો નથી બલકે વીસ બાવીસ વાતો છે. સાદાતના ઘરોમાં બાપદાદાના જમાનાથી આ બાબતના વર્ણનો થતાં આવ્યાં હોય. ઈતિહાસનો વારસો એકથી બીજાને, બાપથી બેટાને સોંપાતો આવ્યો હોય. કોઈપણ સાચો સૈયદ સુન્ની હોઈ શકતો નથી. અમારા કહેવાનો મતલબ આ છે કે જો કોઈ પણ સાચો સૈયદ આ હકીકતથી વાકેફ થાય. તેને સાચા ઈતિહાસની જાણ થાય તો તે સુન્ની હોઈ શકતો નથી. હવે શક્ય છે કોઈ સાચો સૈયદ હાલમાં સુન્ની પણ હોય તેમના બાપ-દાદાઓ તકય્યામાં (પરદામાં) હોવાના કારણે તેમની સંતાનો પોતાનો અસલ હક મઝહબ ભૂલી ગયા હોય અને સુન્ની બની ગયા હોય.

છેલ્લા વીસ વર્ષના અમારી કિતાબોના પ્રકાશન પછી ૨૦૦ થી વધારે સાદાત કુટુંબો જેઓ દિમાગોમાં હક ધુંધળુ હતું, ઝાંખુ હતું. બહુમતિની સાથે જીવતાં તેમના વિચારોને સ્વીકારી લીધા હતા. તેઓએ એલાનિયા મઝહબે એહલેબયતનો ઈકરાર કરીને બાદશાહોના મઝહબથી પોતાનો રસ્તો અલગ કરી લીધો છે. વળી અનેકોએ તો મને પત્ર દ્વારા તથા ફોન દ્વારા પોતાના ઈન્કિલાબની આ વાતોનો ઈકરાર કર્યો છે. કેટલાકે તો એમ લખ્યું છે કે અત્યાર સુધી અમારી પાસે દલીલો ન હતી. હવે આપની



ગુજરાતી કિતાબો દ્વારા અમને ભરપુર દલીલો પ્રાપ્ત થઈ હોય. અમારૂં યકીન મઝહબે એહલેબયત ઉપર પુખ્તા થઈ ગયું છે. જેથી અમે અમારો રસ્તો અલગ કરીને બાદશાહી મઝહબથી તોબા કરી છે. તે સિવાય સમગ્ર ગુજરાતમાંથી આંગળીના વેઢાં ઉપર ગણી શકાય એટલા કુટુંબોએ પણ પોતાના બાદશાહી મઝહબથી તોબા કરી મઝહબે એહલેબયત સ્વીકારી ફિકહે જાફરીનું અનુસરણ શરૂ કરી દીધું છે.

•

## (૩૩) ઈતિહાસના ગપગોળા

અત્યારે બહુમતિ પાસે જે ઈસ્લામ છે તે બાદશાહોનો કંડારેલો સત્ય અસત્યના મિશ્રણવાળો ઈસ્લામ છે. સકીફા બની સઅદહની ખિલાફતસાજી એહલેબયત મોહંમદ, અલી, ફાતેમા, હસન અને હુસૈન અલયહેમુસ્સલાતો વસ્સલામની દુશ્મની ઉપર જ ઊભી કરવામાં આવી હતી. ૧૫૦ જેટલા જાલી-જુઠ્ઠા મોં માથા વગર નામો પેદા કરી તેઓને સહાબી બનાવી દેવામાં આવ્યા. પછી આ કાલ્પનિક નામોથી જાતજાતની હદીસો ઘડવામાં આવી. પ્રથમ ત્રણ ખલીફાઓની ફઝીલતની હદીસો હઝરત અલી ફરમાવે છે. હઝરત ઈમામ હસન ફરમાવે છે, હઝરત ઈમામ હુસૈન ફરમાવે છે, વળી હઝરત અલી(અલ.)ના ચાહક ખાસ સહાબાના નામથી તેઓ કહે છે એ રીતે વર્ણનો કરવામાં આવ્યાં છે. જેથી

રસુલુલ્લાહ પછી ખિલાફતના ઝઘડા ઉપરથી પડદો પાડી દેવામાં આવે.

આ જાલી(કાલ્પનિક) સહાબાના નામથી હદીસો ઘડનારા રૂહાનિયતથી ખાલી હતા. પ્રથમ ત્રણ ખલીફા સાહેબોની તારીફમાં પછી મઆવિયા અને તેના ગવર્નરોની તારીફમાં હજારોની સંખ્યામાં હદીસો બનાવી. એમને ભાન પણ ન રહ્યું કે અમે આ કેવી હદીસો ઘડી રહ્યા કે પછી આવા દરબારી મુલ્લાંઓએ રસુલુલ્લાહની શાનમાં ગુસ્તાખી થાય એવી હદીસો પણ બનાવી.

**(૧) પેગંબરે ઇસ્લામના હૃદયનું બે વખત ઓપરેશન થયું**

અલ્લાહ માફ ફરમાવે આવી બેહુદી વાતો કરનારાઓની અલ્લાહ બરાબર પકડ કરતો હશે. જુઠ ફેલાવનારાઓને અલ્લાહ બરાબર સજા આપતો હશે. આ લોકોએ રસુલુલ્લાહના હૃદયનું બે વખત ઓપરેશન કર્યું. પ્રથમ જયારે આપ(સલ.) નાના હતા અને હઝરત હલીમાને ત્યાં ગામડાના વગડામાં હલીમાના છોકરાઓ સાથે બકરીઓ ચરાવતા હતા, ત્યારે એક સફેદ કપડાંવાળો માણસ આવ્યો, તેણે મોહંમદને સુવડાવ્યા પછી છાતી ચીરી હૃદય બહાર કાઢી તેમાંથી ખરાબી દૂર કરી તેને ધોયું. પછી બરાબર ગોઠવી ફરિશ્તો ચાલી ગયો. આ જોઇ હલીમાના છોકરા દોડતા દોડતા બુમો પાડતા ઘરે આવ્યા. અમ્મા ચાલો, અમ્મા ચાલો, ભાઇ મોહંમદને તો કોઇએ આ પ્રમાણે કર્યું છે. હલીમા દોડતાં, ગભરાયેલાં, ચિંતાગ્રસ્ત બનીને વગડામાં પહોંચ્યાં તો



મોહંમદ બીલકુલ સહી સલામત હતા. પુછતાં જણાવ્યું કે અમ્મા! એક માણસ આવ્યો હતો તેણે મને આ પ્રમાણે કર્યું.

બીજું ઓપરેશન કહે છે કે મેઅરાજમાં જતી વખતે કરવામાં આવ્યું. આ વાતો બુખારી મુસ્લિમની છે. અમોને આશ્ચર્ય થાય છે કે રસુલુલ્લાહના હૃદયમાં શું નાપાકી ભરાઇ ગઇ હતી? કે તેનું બે બે વખત ઓપરેશન કરવું પડયું. આપના હૃદયને ધોયું અને પાકસાફ કરવું પડયું? હઝરત આદમ(અલ.)થી લઇ હઝરત ઇસા(અલ.) સુધી કોઇ નબીના હૃદયનું ઓપરેશન ન કરવું પડયું અને રસુલુલ્લાહના હૃદયમાં શું ભરાઇ ગયું હતું? આ કેવી વાત છે. તોબા તોબા! અસ્તગફિરૂલ્લાહ. આ નબીના દરજ્જાને ઘટાડવાની વાતો છે. આ બધી વાહિયાત વાતો આપણી બુખારી, મુસ્લિમ કિતાબોમાં છે.

**(૨) નબી(સલ.)ના મા-બાપ પણ જહન્નમમાં**

ઘણાં જ અફસોસની વાત છે કે આ એહલેબયતના દુશ્મનોએ રસુલુલ્લાહના મા-બાપને પણ જહન્નમી બનાવી દીધાં. જે હજારો લાખો જુઠ્ઠી રિવાયતો ઘડી કાઢી તેમાં રસુલના મા-બાપ માટે પણ આવી જુઠ્ઠી રિવાયતો ઘડી કાઢી કે રસુલુલ્લાહની વાલિદહ મોહતરમા પણ જહન્નમી છે અસ્તગફિરૂલ્લાહ.

કહે છે કે ગઝવએ તબુકથી પાછા ફરતાં રસુલે ઈસ્લામે સહાબાને કહ્યું કે તમે ઉકબામાં રોકાવો, હું હમણાં આવું છું. ત્યાંથી આવીને આપ પોતાની માની કબર ઉપર

ગયા. અલ્લાહ તઆલા પાસે ઘણી વાર સુધી દુઆ કરતા રહ્યા. પછી ખૂબ જ રડવા લાગ્યા. આપના રડવાથી બીજા બધા જ લોકો રડવા લાગ્યા. લોકો એમ સમજયા કે આપની ઉમ્મતના મામલામાં કોઈ નવી વાત પેદા થઈ હશે. જેથી આપ(સલ.) રડી રહ્યા છે. આપે લોકોને પુછયું. તમે લોકો શા માટે રડો છો? યા રસુલલ્લાહ! આપને જોઈને અમે રડી રહ્યા છીએ. આપે ફરમાવ્યું સાંભળો, આ જગ્યાએ મારી માની કબર છે. તેમને અઝાબ થઈ રહ્યો છે. મેં કિયામતમાં મારી મા માટે શફાઅતની રજા માંગી, પરંતુ અલ્લાહતઆલાએ ઈજાઝત આપી નહિ. જેથી મારૂં દીલ ભરાઈ આવ્યું અને હું રડી પડયો. પછી જિબ્રઈલ આવ્યા અને કહ્યું. ઈબ્રાહીમ(અલ.)નું પોતાના બાપ માટે ઈસ્તિગફાર કરવું એક વાયદાના કારણે હતું. પરંતુ જ્યારે તેમના ઉપર આ વાત ખુલી ગઈ કે મારો બાપ દુશ્મને ખુદા છે. તો પછી આપ તેનાથી બેઝાર થઈ ગયા. (નફરત કરવા લાગ્યા) જેથી આપ પણ તમારી માથી આ જ રીતે નફરત કરવા લાગો, જેવી રીતે હઝરત ઈબ્રાહીમ(અલ.) બેઝાર થઈ ગયા હતા. *(તફસીર ઈબ્ને કસીર પારહ-૧૧ પેજ નં. ૨૧ સુ. તોબાના તેરમા રૂકૂઅની તફસીરમાં)*

બીજી હદીસમાં અબુહુરૈરા સહાબી કહે છે કે હુઝુર(સલ.) પોતાની માની કબરની ઝિયારત કરી તો રડવા લાગ્યા. જે લોકો આપની સાથે હતા તેઓ પણ રડવા લાગ્યા. રસુલુલ્લાહે ફરમાવ્યું મેં મારી માના માટે દુઆએ



મગફિરતની રજા માંગી હતી પરંતુ અલ્લાહે મને ઈજાઝત ન આપી.

*(સહીહ મુસ્લિમ ભાગ-૧ પેજ-૧૫૮ હદીસ-૯૮૨ જનાઝાના વર્ણનમાં, મિશકાત શરીફ ભાગ-૧ પેજ નં. ૩૦૫ કબરોની ઝિયારતના વર્ણનમાં, અબુ દાઊદ શરીફ ભાગ-૨ હદીસ નં. ૧૪૭૭ તફસીર ઈબ્ને કસીર પારહ-૨૧ પેજ નં. ૫૮૬-આ બધી કિતાબો મુસલમાનોની સિહાહ સિત્તા સૌથી સાચી ગણાતી કિતાબોમાં છે. જુઓ કિતાબ શરીઅત યા જહાલત-લેખક મોહંમદ પાલન હક્કાની પેજ નં. ૨૯૧ થી ૨૯૩ સુધીમાં બધી જ હદીસો.)*

ઉપરની વાતો ઉપર અમે અલ્લાહની પનાહ માંગીએ છીએ. હઝરત ઈબ્રાહીમ(અલ.)ના બાપ તારોખ હતા. જેઓ આપના બાળપણમાં જ ગુજરી ગયા હતા. આપના કાકા આઝરે આપની પરવરીશ કરી હતી. આઝર જે બુતો બનાવનાર અને વેચનાર વેપારી હતો તે આપનો કાકો થતો હતો. બોલચાલની ભાષામાં બાપ કહેવામાં આવતો હતો. વળી આ કાકાએ તો આપની પરવરિશ પણ કરી હતી. **વળી કુરઆનમાં બીજી બે જગ્યાએ કાકાનો બાપ તરીકે ઉલ્લેખ થયો છે. એમ અમારી તફસીર તવઝીહુલ કુરઆન પારહ ૧ થી ૫ ભાગ-૧ માં આ બાબત ઘણી જ વિસ્તારથી દલીલો સાથે વર્ણવી ચૂકયા છીએ. જે વ્યક્તિ ઈચ્છે તે ત્યાં પઢી શકે છે.**

અમને તો બાદશાહોએ ઘડેલા, બનાવેલા, કંડારેલા આ ઈસ્લામ ઉપર આશ્ચર્ય થાય છે. જેમના નબી અબજો ઈન્સાનોને જન્નતમાં લઈ જવા માટે પેદા થયા, પરંતુ પોતાના મા-બાપને જ જહન્નમમાંથી જન્નતમાં ન લઈ જઈ શકયા. અબુહુરૈરા જેવા હદીસો ઘડનારા સહાબીની મા માટે આ જ

રસુલ દુઆ કરે છે, રસુલની દુઆની સાથે જ આ સહાબી ઘેર જાય છે. ત્યાં બાથરૂમથી પાણી પડવાનો અવાજ સાંભળે છે. મા નાહી ધોઇ પાકસાફ થઇને બહાર આવે છે. કહે છે કે બેટા, હું ઇમાન લઇ આવી છું. હઝરત અબુબકર પોતાના બાપ અબુકહાફાના માટે રસુલને દુઆ કરવાનું કહે છે. રસુલ દુઆ કરે છે તરત જ હઝરત અબુબકર ઘેર જાય છે અને અબુકહાફાને રસુલની ખિદમતમાં લઇને આવે છે. તેઓ ઇમાન લઇ આવે છે. આ તદ્દન જુઠ્ઠી, બનાવટી મનઘડત હદીસો છે.

અમારો તો અકીદો છે કે હઝરત આદમથી લઇને ખાતેમુન્નબીય્યીન સુધી કોઇ નબી કાફિર મા-બાપથી પેદા થયા નથી. શું અલ્લાહને કોઇ મોમિના સ્ત્રી ન મળી? જેથી પોતાના ઉલુલ અઝ્મ નબીનો પાક નુત્ફો તે સ્ત્રીના પેટમાં નાખે. અમારો તો અકીદો છે કે તમામ અંબિયા અને અવસિયાના મા-બાપ બાઇમાન હતાં, જન્નતી હતાં, તેમના ગુનેહગાર હોવું પણ અમે કબુલ કરતા નથી. આપણે કુરઆને પાકને પણ કોઇ ઊંચી અને પાક જગ્યાએ મુકીએ છીએ. નાપાક જગ્યાએ મૂકયાની વાત તો બાજુ પર રહી, સહેજ ધુળવાળી કચરાવાળી જગ્યાએ પણ આપણે નથી મૂકતા. એક બાળક પણ કિતાબની અદબ કરે છે. અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝત ઉપર આ લોકોનું કેવું તોહમત છે કે સરદારૂલ અંબિયાના મા-બાપને અને હઝરત અલી(અલ.)ના બાપ મોમિને કુરૈશ હઝરત અબુતાલિબ(અલ.)ને જહન્નમી કહે છે.



હઝરત અલી(અલ.)ના બાપ હઝરત અબુતાલિબ પાકા મુસલમાન હતા. જુઓ અમારી કિતાબ મોમિને કુરૈશ હઝરત અબુતાલિબ(અલ.).

•

## (૩૪) કેટલાક જુઠ્ઠા કિસ્સા

શિબ્લી નોઅમાની "અલ-ફારૂક"માં લખે છે કે અનેક વખત આવું બન્યું છે કે હઝરત ઉમરે ઇરાદો કર્યો કે આવો હુકમ આપવો જોઇએ અને અલ્લાહે હુકમ ઊતાર્યો. આનો અર્થ તો એવો થાય છે કે હઝરત ઉમર અલ્લાહને પોતાના નબી હઝરત મોહંમદુર્રસુલુલ્લાહ(સલ.) કરતાં વધારે વહાલા હતા. એવું પણ સાબિત થાય છે કે હઝરત ઉમર રસુલુલ્લાહ કરતાં વધારે અક્કલવાળા હતા. આવી પાંચ ઘટનાઓ શિબ્લી નોઅમાનીએ સહીહ બુખારી અને સહીહ મુસ્લિમના હવાલાથી વર્ણવી છે.

(૧) નમાઝ માટે લોકોને બોલાવવા શું કરવું? તો હઝરત ઉમરે રસુલુલ્લાહને કહ્યું કે આપણે એક આદમી મુકર્રર કરીએ કે તે મુનાદી કરે. રસુલુલ્લાહે તરત જ હઝરત બિલાલને બોલાવ્યા અને અઝાનનો હુકમ આપ્યો.

(૨) બદરના કેદીઓને કતલ કરી નાખવાનો મશ્વિરો હઝરત ઉમરનો હતો. પરંતુ રસુલે કતલ ન કરતાં દંડ લઇને બધાને છોડી મૂકયા. થોડાક દિવસ પછી રસૂલે ખુદા અને

હઝરત અબુબકર બંને રડતા હતા. એટલામાં ત્યાં હઝરત ઉમર આવ્યા. પુછયું કેમ રડો છો? જણાવ્યું કે અલ્લાહે ઠપકારૂપે આયત નાઝિલ કરી છે. હઝરત ઉમરે કહ્યું કે હું નહોતો કહતો કે કેદીઓને કતલ કરી દો.

આ વાત પણ સદંતર ગલત છે. આ આયત જેમાં અલ્લાહે ફરમાવ્યું હતું જ્યાં સુધી દુશ્મનોની શક્તિને બરાબર કચડી નાખવામાં ન આવે ત્યાં સુધી કેદીઓને છોડવામાં ન આવે બલકે કતલ કરવામાં આવત તે બેહતર હતું. આ બાબતની તફસીર વિસ્તારથી અમે અમારી તફસીર તવઝીહુલ કુરઆન ભાગ-૧ માં કરી ચૂકયા છીએ. આ બધા હઝરત ઉમરના આશિકોએ ઘડી કાઢેલા અફસાના છે.

(૩) ત્રીજી વાત શિબ્લી સાહેબ લખે છે કે રસુલુલ્લાહની અઝવાજ(પત્નીઓ) પહેલાં પરદો કરતી ન હતી. હઝરત ઉમરને આ બાબત વારંવાર ખ્યાલ આવ્યો. આપે રસુલને આ બાબત વિનંતી પણ કરી પરંતુ આપ(સલ.) વહીની રાહ જોતા હતા. તરત જ હઝરત ઉમરના ખ્યાલ પ્રમાણે પરદાની આયત નાઝિલ થઈ. આ પણ ટાઢાપોરનું ગપ્પું છે.

(૪) ચોથી વાત મુનાફિકોની જનાઝાની નમાઝ વિશે શિબ્લી સાહેબ લખે છે કે રસુલે ખુદાએ મુનાફિકની જનાઝાની નમાઝ પઢાવી તો હઝરત ઉમરે કહ્યું તમારે મુનાફિકની જનાઝાની નમાઝ ન પઢવી જોઈએ. તરત જ અલ્લાહનો આ



બાબતનો હુકમ નાઝિલ થયો. અલ્લાહ માફ ફરમાવે. આ બધા હઝરત ઉમરનું કદ મોટું કરવા જાહિલોએ ઘડેલી કાલ્પનિક કહાનીઓ છે.

ઉપરોક્ત ચારે ઘટનાઓ બુખારી અને મુસ્લિમ બંને કિતાબોમાં છે.

વિચારો હવે, ખૂબ વિચારો અલ્લાહને નબી વધારે વહાલા કે હઝરત ઉમર? નબી વધારે અક્કલવાળા કે હઝરત ઉમર?

•

## (૩૫) ઈસ્લામ બચે કે ન બચે રિસાલત બચે કે ન બચે પરંતુ સહાબીય્યત બચાવવી છે. શા માટે?

સહાબીય્યતને બચાવવા માટે પણ આ લોકોએ સેંકડો હજારો હદીસો ઘડી કાઢી છે. જે લોકોએ ઈમાનની હાલતમાં રસુલુલ્લાહને જોયા હોય અને ઈમાનની હાલતમાં મૃત્યુ પામ્યા હોય તે બુઝુર્ગોને સહાબી કહેવાય છે.

જે સહાબા રસુલુલ્લાહની હયાતીમાં અને આપ(સલ.)ની વફાત પછી નેક અમલો કરતા રહ્યા, રસુલની હયાતીમાં પણ ગુનાહોથી બચ્યા અને રસુલની વફાત પછી પણ મૃત્યુ સુધી બાઈમાન રહી ગુનાહોથી બચતા રહ્યા તે લોકોની સહાબીય્યત સાચી સહાબીય્યત ગણાશે. તે જ લોકોને જન્નતી કહેવાશે.

તેમનો દરજ્જો ઉચ્ચ હોવામાં કોઇને શક ન હોવો જોઇએ.

જે સહાબાઓએ રસુલુલ્લાહ(સલ.)ની હયાતીમાં પણ અનેક વખત રસુલુલ્લાહની નાફરમાની કરી છે. રસુલની સામે ગુસ્તાખી કરી છે. જે સહાબાએ રસુલુલ્લાહની વફાત પછી રસુલના હુકમોનો ખુલ્લો અનાદર કર્યો છે. રસુલના વસી, જાનશીન, ખલીફાનો હક ગસ્બ કર્યો છે. જેઓ ગાસિબ છે ચોંટી પડનારા છે. જે લોકોએ દાદાગીરી કરી છે. જે લોકોએ જનાબે ફાતેમાનું ઘર સળગાવ્યું છે. દરવાજો સળગી ગયા પછી કાં તો અલ્લાહની કુદરતથી આગ બુઝાઇ ગઇ અથવા અમૂક લોકોએ બુઝાવી નાખી હોઇ તે લોકો શું ગુનેહગાર નથી? શું સહાબી હોવાથી આ લોકોને પાકસાફ ગણીશું? શું આ લોકો સહાબી છે તેથી બધું જ માફ થઇ જશે?

જે લોકોએ ઝકાત નહીં આપવાના બહાના બનાવી તેઓને મુરતદીન બનાવી (દીનથી ફરી જનારા બનાવી) હજારો લોકોની ગરદનો ઉડાડી દીધી છે. જેથી આ હુકમો આપનારા ખલીફાઓ તેમની હા મા હા મિલાવનારા અથવા ખલીફાને સામે ચાલીને ઉશ્કેરનારા વજીરો બધા જ પાકસાફ ગણાશે? આ લોકો શું સહાબીયતને કારણે પાક ગણાશે? અલ્લાહ તેમને કહેશે કે જાઓ તમે મારા નબીને જોયા છે માટે એ મારા નબીને જોવું એટલો મોટો દરજ્જો છે કે તમારા બધા જ ગુના માફ.

તમે તો કહો છો કે પ્રથમ ચાર ખલીફાઓ ખુલફાએ



રાશેદીન છે. સીધા રસ્તે સીધા દીન ઉપર ચાલનારા. તો મુસલમાનોના ચોથા ખલીફા હઝરત અલી(અલ.)ની સામે બગાવતનો ઝંડો ફરકાવી લડાઇ લડનારા પણ સહાબી હતા. મક્કાથી મિસર સુધી લગાતાર લોકોને ઉશ્કેરી લશકર એકત્ર કરનારા આમ કરતાં કરતાં મિસર સુધી જનારાં માતાજી આયશા તલહા અને ઝુબેર આ ત્રણે સહાબી છે. માતાજી તો ઊંટ ઉપર બેસીને લશ્કરની મધ્યમાં નહીં આગળ ટોચ ઉપર હતાં. જમલ એટલે ઊંટ માતાજીને કારણે તો આ જંગને જંગે જમલ કહે છે. માતાજીની આગેવાનીમાં આ જંગ લડાઇ તલહા ઝુબેરની તો બીજા અને ત્રીજા નંબરે આગેવાની ગણાશે. આ જંગમાં કુલ અઢાર હજાર (૧૮૦૦૦) માણસો કતલ થઇ ગયા. જેમાં હઝરત અલીના પક્ષે પાંચ હજાર માણસો શહીદ થયા. માતાજી આયશા, તલહા અને ઝુબેરના પક્ષે તેર હજાર (૧૩૦૦૦) માણસો મરાયા. મુસલમાન આલિમો પોતાના અનુયાયીઓને ઉલ્લુ બનાવતાં કહે છે કે આ લોકો તો ભુલભાલમાં યહુદીઓની ચઢામણીથી લડી પડયા. શું આટલા મોટા લશ્કરોના આગેવાનો બધા મૂર્ખ હતા? લડાઇ શરૂ કરતાં પહેલા પાંચ દિવસ સુધી હઝરત અલી(અલ.)એ માતાજી આયશા અને તલહા ઝુબેરને સમજાવ્યા હતા. પછી લડાઇની શરૂઆત પણ માતાજીના પક્ષેથી જ થઇ હતી. આ જંગમાં હક હઝરત અલી(અલ.)ના પક્ષે હતું. માતાજી આયશા અને તલહા ઝુબેર નાહક ઉપર

બગાવતના અલમદાર હતા.

શું સહાબી હોવાના કારણે માતાજી આયશા અને તલહા ઝુબેરનો ગુનો ગુનો ન બને? શું હજારો ઈન્સાનોનું લોહી નાહક વહી ગયું? તો પછી અલ્લાહની અદાલત શું? તેના ન્યાયનું શું? શું બધા જ મુરખ હતા? જેથી તેઓ યહુદીઓની ચઢામણીથી લડી પડયા કે પછી આલિમો પોતાના અનુયાયીઓને મુર્ખ બનાવે છે? પ્રમાણિક વાચકો આ બાબતનો ફેંસલો કરે. આલિમોને કહે કે હવે નવી હદીસ ઘડી કાઢો કે જમલવાળાઓને અલ્લાહે માફ કરી દીધા છે.

બલકે રસુલુલ્લાહની હદીસ આપણી સિહાહ સિત્તામાં છે કે એક વખત રસુલે ઈસ્લામ અઝવાજના હુજરાની બહાર બેઠા હતા. આપે માતાજી આયશાના હુજરા તરફ આંગળી ચીંધી ફરમાવ્યું "શયતાનનું શિંગડું અહીંથી નીકળશે" સહાબા તો સમજી ગયા હશે. પાછળવાળાઓએ સહાબીયતને બચાવી લીધી. જણાવ્યું કે રસુલે તો એ દિશાનો ઈશારો કર્યો હતો આયશાનો નહિ.

મઆવિયા પણ સહાબી હતો. એણે તો હઝરત અલી(અલ.)ને પ્રથમ ખલીફા તો ન માન્યા પરંતુ ચોથા સ્થાને પણ ન માન્યા. ખુલ્લી બગાવત કરી. સિફફીનની જંગ લડયો. તેમાં પણ હજારો ઈન્સાનોનું લોહી વહી ગયું. શું આ લડાઈ પણ ભૂલભાલમાં લડાઈ ગઈ? તેમાં પણ ઘણાંબધા સહાબીઓ હતા. શું બંને પક્ષો હક પર હતા? તો પછી હજારો ઈન્સાનોનું લોહી કોના નામએ આમાલમાં ગણાશે?



**આપણો આ કેવો ઇસ્લામ? ઝાલિમ પણ રઝિયલ્લાહ, અને મઝલુમ પણ રઝિયલ્લાહ શું <u>અલ્લાહનો ઇન્સાફ આવો</u> હોઇ શકે?**

## રસૂલ(સલ.)ના દરજ્જાને ઘટાડવું

બુખારી મુસ્લિમ બંનેમાં આ હદીસો છે કે રસુલુલ્લાહ(સલ.) નમાઝ પઢતા હતા. તેમાં સુરએ કાફેરૂનની તિલાવત દરમ્યાન "લા" શબ્દ છોડી દીધો. જેથી તરજુમો બદલાઈ ગયો. અય કાફિરો તમે જેની પુજા કરો છો તેની અમે પણ કરીએ છીએ. આવું થઈ ગયું. કાફિરો દોડતા દોડતા આવ્યા. અય મોહંમદ! હવે તો આપણે બધા એકસરખા થઈ ગયા. આપણી વચ્ચે કોઈ ફરક જ ન રહ્યો. રસુલુલ્લાહે સહાબાને ફરમાવ્યું : શું આવું બન્યું છે? સહાબાએ કહ્યું હાં યા રસુલલ્લાહ! બન્યું છે, ત્યારે રસુલુલ્લાહે ફરમાવ્યું : શયતાને મને આમ કરાવ્યું છે. મને ભૂલાવી દીધું છે. આ વાતને આપણે અહીં જ અટકાવીએ છીએ.

એ જ બુખારી મુસ્લિમમાં છેલ્લા ભાગોમાં છે કે એક વખત એક હબશી જોડું પતિ-પત્ની ઢોલક લઈને રસુલના મહોલ્લામાં આવ્યું. ખેલ તમાશો બતાવવા તેમણે ઢોલક વગાડવાનું શરૂ કર્યું. લોકો એકત્ર થવા લાગ્યા. શોર બકોર સાંભળી રસુલે ખુદાએ પણ પોતાના હુજરાનો પડદો ઊઠાવ્યો. જોયું તો હબશીઓ નાચતા હતા. રસૂલે ખુદાના ખભા ઉપર માતાજી આયશાએ પોતાનું મોં મૂકી દીધું,

જોવા લાગ્યાં. થોડીવાર પછી રસુલે ખુદાએ માતાજીને કહ્યું અય આયશા! હજી તારૂં મન નથી ભરાયું? એટલામાં લોકો વિખેરાવા લાગ્યા, ગાનારા પણ કોઇ ગલીમાં ભાગી છુટયા, જોયું તો હઝરત ઉમર મહોલ્લામાંથી પસાર થતા દેખાયા. આ જોઇ હઝરત રસૂલે ખુદા(સલ.)એ ફરમાવ્યું અય આયશા! ઉમર જે ગલીમાંથી પસાર થાય છે તે ગલીમાંથી શયતાન ભાગે છે.

હવે આપણે આ બંને મનઘડત હદીસો ઉપર ચર્ચા કરીએ.

રસુલુલ્લાહ(સલ.) ઉપર તો નમાઝની હાલતમાં શયતાન સવાર થઇ જાય. શયતાનની અસરથી રસુલ કુરઆન પઢવામાં ભૂલ કરે અને હઝરત ઉમર તો જે ગલીમાંથી પસાર થાય તે ગલીમાંથી શયતાન ભાગે. શયતાન હઝરત ઉમરની રૂહાનિયતથી ભાગતો હશે. જો રૂહાનિયતની વાત લઇએ તો શયતાનને રસુલુલ્લાહનો ડર-ખોફ નથી પરંતુ હઝરત ઉમરનો ડર-ખોફ છે. વળી નબીનો દરજ્જો તો હઝરત ઉમરને આપવો જોઇતો હતો. હઝરત ઉમર જ નબી બનવા જોઇતા હતા. વળી આ હદીસ બનાવનારે ઉમરનો દરજ્જો વધારવા માટે રસુલુલ્લાહનો દરજ્જો બીજી રીતે પણ ઘટાડી દીધો કે રસુલ પોતે ખેલ જોતા હતા અને પોતાની પત્નીને પણ હબશીઓના ખેલ બતાવતા હતા. અસ્તગફિરૂલ્લાહ. હઝરત ઉમરનો દરજ્જો વધારવા માટે હઝરત રસુલે ખુદાને પોતાની રિસાલતથી નીચે ઊતારી દીધા.



**આવી જ એક ગલત રિવાયત હઝરત ઉસ્માન વિશે**

પ્રથમ વાત આ રિવાયત બુખારી મુસ્લિમ બંનેમાં છે. અમે ઇતિહાસનો અભ્યાસ કરીને કહીએ છીએ કે બાકાયદા મઆવિયાના મહેલમાં હદીસો ઘડનારાઓની મિટિંગો બેસતી હતી. તેમાં અબુહુરૈરા જેવા સહાબીઓ પણ હતા. આ જ લોકોએ જુઠ્ઠી હદીસો ઘડવા માટે એકસો પચાસ જેટલા જાલી જુઠ્ઠા સહાબા પેદા કર્યા. કાલ્પનિક નામોવાળા માણસો પેદા કર્યા પછી લાખોની સંખ્યામાં હદીસો બનાવી. આ જે ટોળી બનાવવામાં આવી તેમને મઆવિયાએ સુચના આપી હતી કે તમે હઝરત અલી(અલ.)ની ફઝીલત છે તેવી સાચી હદીસોના જેવી હદીસો હઝરત અબુબકર માટે બનાવો. પછી જ્યારે પુષ્કળ હદીસો આ બાબતની તૈયાર થઇ ગઇ ત્યારે હુકમ કર્યો કે એના જેવી જ હદીસો ઉમર માટે તૈયાર કરો. જ્યારે પેલાઓએ કહ્યું કે ઘણી બધી હદીસો હઝરત ઉમર માટે બની ગઇ છે ત્યારે હુકમ કર્યો કે હવે એવી જ હદીસો ઉસમાન માટે બનાવો. આ રીતે હદીસો ઘડવાના કારખાના જ ખૂલ્યાં હતા. એકસો પચાસ જાલી સહાબાવાળી કિતાબ ત્રણ જિલ્દોમાં છે, અરબીમાં લખાઇ છે. તેનો ફારસી અને ઉર્દૂ તરજુમો પણ થયો છે.

લખે છે કે એક વખત રસુલે ખુદા માતાજી આયશા સાથે એક જ લિહાફમાં (એક જ ચાદર ઓઢીને) સૂતા હતા. એટલામાં હઝરત અબુબકર આવ્યા. આપ(સલ.) સૂતા રહી વાતો કરતા રહ્યા. હઝરત અબુબકર ચાલી

ગયા. પછી હઝરત ઉમર આવ્યા ત્યારે પણ રસુલ એક જ લિહાફમાં સુતા રહી તેમની સાથે વાતો કરી. તેઓ ચાલી ગયા પછી હઝરત ઉસ્માને અંદર આવવાની રજા માંગી. આવ્યા ત્યારે રસુલ બેઠા થઇ ગયા. લિહાફ આયશા ઉપર નાખી દીધો પોતે બહાર નીકળી ગયા. પછી હઝરત ઉસ્માન સાથે વાતો કરી. ઉસ્માન ચાલી ગયા. ત્યારે માતાજી આયશાએ પુછયું યા રસુલલ્લાહ! તમે મારા પિતાજી આવ્યા, ઉમર આવ્યા ત્યારે મારી સાથે સૂતા રહી વાત કરી લીધી અને ઉસ્માન આવ્યા ત્યારે આપ લિહાફની બહાર નીકળી ગયા? રસૂલે ખુદાએ ફરમાવ્યું અય આયશા! તું જાણે છે? ઉસ્માન તે વ્યક્તિ છે જેમનાથી ફરિશ્તા પણ હયા કરે છે.

જુઓ હવે વિચારો! હઝરત ઉસ્માનનો દરજ્જો વધારવા માટે હઝરત રસુલે ખુદાને પોતાના દરજ્જાથી નીચે ઊતારી દીધા. કોઇ તદ્દન બદ્દુ પ્રકારનો અસંસ્કારી વ્યક્તિ પણ બહારના માણસની સામે પોતાની પત્નીની સાથે એક લિહાફમાં ન સુએ. વળી આ બે વ્યક્તિઓ અબુબકર અને ઉમર તો રસુલુલ્લાહના સસરા હતા. અસ્તગફિરૂલ્લાહ. હઝરત ઉસ્માનની ઇઝ્ઝત વધારવા માટે આ લોકોએ એવી હદીસો ઘડી જેનાથી પોતાના નબીને બેઇઝ્ઝત અને અસંસ્કારી બનાવી દીધા. અસ્તગફિરૂલ્લાહ.

•



## (૩૯) કિતાબોમાં સતત થતી કાપકૂપ, ફેરફાર, દરેક નવા પ્રકાશન વખતે થતો ફેરફાર

એહલે સુન્નતના બુઝુર્ગ આલિમોને જ્યારે જ્યારે ભાન થાય છે કે હદીસો પોતાની કિતાબોની શાને રસુલ ઘટાડે છે. અથવા પોતાના અકીદાની પોલ ખોલી નાખે છે. નબીઓની બેઇઝ્ઝતી થાય છે. ત્યારે દરેક નવી એડીશનમાં એવી હદીસો કાઢી નાખે છે. કેટલીક હદીસોમાં હઝરત અલી(અલ.)ની ઇમામત સાબિત થતી હતી. તેવી હદીસોને કાં તો બીલકુલ કાઢી નાખી અથવા તેનું સ્વરૂપ બદલી નાખ્યું છે. કેટલાક દૃષ્ટાંતો માતાજી આયશાના હુજરા તરફ ઇશારો કરીને ફરમાવેલી હદીસ કે શયતાનનું શિંગડું અહિયાંથી નીકળશે. જે એકદમ સ્પષ્ટ વાત હતી. અહીં "થી" ની જગ્યાએ "આ દિશામાંથી" કરી દીધું. કાગળ-કલમવાળી બુખારીની હદીસ જેમાં સૌથી જુની એડીશનમાં હઝરત ઉમરનું નામ છે. શિબ્લી નોઅમાનીની અલ-ફારૂકમાં પણ હઝરત ઉમરનું નામ હજીય ચાલુ છે. જેમાં હઝરત ઉમર કહે છે કે કોઇ કાગળ કલમ આપશો નહીં નબીને સનેપાત થઇ ગયો છે. અરબીમાં "હિઝયાન" શબ્દ પ્રયોગ છે. ઉર્દૂ તરજુમાકારે તેનો તરજુમો પોતાની હોશિયારીથી નબી તાવની તપિશમાં બોલી રહ્યા છે આવો કરી નાખ્યો. ચાલો દુનિયા પુરતા તો એમના ચાહકોએ

એમને બચાવી લીધા. આખેરતમાં તો દેખી જાએગી. એક વખત પેગંબરે ઈસ્લામે હઝરત સલમાન ફારસીને જેઓ ફારસના (ઈરાનના) મૂળ વતની હતા. તેમને કહ્યું હતું કે અય સલમાન! આખર જમાનામાં ઈસ્લામ બધેથી બરબાદ થઈ ગયો હશે ત્યારે તારી કોમ તેને સૂરજ ઉપર હશે તો ત્યાંથી પણ લઈ આવશે. તિરમિઝીની આ હદીસ પણ અત્યારે દેખાતી નથી. મુસનદે અહમદ બિન હમ્બલમાં એક હદીસ હતી જેને અમે લોકો હદીસે સકલૈન કહીએ છીએ. જેમાં રસુલે ઈસ્લામે સહાબાને ફરમાવ્યું છે. હું તમારી વચ્ચે બે કીંમતી ચીજો છોડીને જઈ રહ્યો છું. એક કુરઆન અને બીજી મારી એહલેબયત, જ્યાં સુધી બંનેને વળગી રહેશો કદી ગુમરાહ થશો નહિ. અને આ બંને કદી છૂટાં પડશે નહિ જ્યાં સુધી હૌઝે કૌસર ઉપર મારી મુલાકાત થઈ જાય. આ હદીસમાં અરબીમાં ''એહલેબયતી'' શબ્દ પ્રયોગ હતો. તેને કાઢી નાખી ''સુન્નતી'' કરી દીધું છે. એટલે બીજી વસ્તુ એહલે બયતની જગ્યાએ ''મારી સુન્નત'' થઈ ગયું છે.

હયાતુસ્સહાબાના ૧૯૬૪ના ઉર્દૂના પ્રથમ પ્રકાશનમાં ઈમામ હસન અને ઈમામ હુસૈન હઝરત અબુબકર અને હઝરત ઉમર બંનેની ખિલાફતના ગાળામાં જ્યારે આ બંને બુઝુર્ગો જ્યારે મસ્જિદે નબવીના મિમ્બર ઉપર બેસી ખુતબો આપતા હતા ત્યારે આ બંને ઈમામો નાના બાળક હતા. તેઓ મિમ્બર ઉપર ચઢીને બેસી ગયા અને બંને ખલીફાઓને



ફરમાવ્યું હતું. મારા બાપના મિમ્બર પરથી ઊતરી જાઓ. નવી ઈ.સ. ૨૦૦૦ની એડીશનમાં આ ચાલાક લોકોએ બાપના મિમ્બરની જગ્યાએ નાનાના મિમ્બર પરથી ઊતરી જાઓ કરી દીધું છે. બાપનો મિમ્બર ખરેખર અલીનો મિમ્બર હતો. અલ્લાહ અને તેના રસુલના ફરમાનુસાર પણ તે મિમ્બર હઝરત અલી(અલ.)નો જ હતો. અને દુન્યવી કાયદાની દૃષ્ટિએ પણ હઝરત અલી(અલ.) જ રસુલના એક માત્ર વારસદાર હતા. તે સમયના માહોલમાં, હઝરત અલી(અલ.)ના ઘરમાં આ વાતની ચર્ચા થતી હોય છે. ઘરમાં થતી ચર્ચાની હોશિયાર બાળકો અસર લેતા હોય છે. અરબી હયાતુસ્સહાબામાં તો ખરેખર ''મારા બાપના મિમ્બર'' શબ્દ પ્રયોગ છે. તેને ફેરવી નાખવામાં આવ્યો છે. તેની જગ્યાએ નાનાનો મિમ્બર શબ્દ લખવામાં આવ્યો છે. હઝરત અલી(અલ.) ઈમામ હુસૈનને કહે છે અય ધોકેબાઝ આમ કેમ બોલે છે? હઝરત અલી(અલ.)ના નામથી જુઠ્ઠી રિવાયત ઘડીને આવા અસંસ્કારી ગાળ જેવા શબ્દ પ્રયોગ કરીને હઝરત અલી(અલ.) અને ખાનદાને રસુલની શાનમાં ગુસ્તાખી કરી છે. ખાનદાને રસુલ(સલ.) સાથેની દુશ્મની જાહેર થાય છે. અલી, ફાતેમાનું ઘર વિલાયતનું શિખર ગણાય છે. જનાબે ફાતેમા(સલા.) જન્નતની ઓરતોના સરદાર છે. ઈમામ હસન(અલ.) અને ઈમામ હુસૈન(અલ.) જન્નતના યુવાનોના સરદાર છે. આ બધી રિવાયતો મુસલમાનોની કિતાબોની છે. તે પણ સિહાહ સિત્તાની છે.

અઈમ્મએ એહલેબયતના તરીકાથી જે રિવાયતો અમને પહોંચી છે. તેમાં અમીરૂલ મોઅમેનીન હઝરત અલી(અલ.) પોતે ફરમાવે છે કે હું જન્નત અને જહન્નમની વહેંચણી કરનાર છું. હું અમીરૂલ મોઅમેનીન છું. હું સિદ્દીકે અકબર છું, હું ફારૂકે આઝમ છું, મારા સિવાય જે કોઇ આવો દાવો કરે તે જુઠ્ઠો છે. ખાનદાને રસૂલની દુશ્મનીમાં માસુમ ઈમામો માટે ગદ્દાર અને ધોકેબાજ જેવી હદીસો ઘડનારાઓ અધમતાની પણ નીચે ઊતરી ગયા છે. રસૂલે ઈસ્લામ ફરમાવે છે કે હઝરત આદમથી લઈને એક નૂર પાક-પાકીઝા બાપોની પીઠોમાંથી પાક-પાકીઝા માઓના રહમમાં આવતું રહ્યું. આ નૂર હઝરત અબ્દુલ મુત્તલિબ(અલ.)ની પીઠમાંથી બે ભાગમાં વહેંચાયું એક ભાગ હઝરત અબ્દુલ્લાહ(અલ.)ની પીઠમાં આવ્યો અને બીજો ભાગ હઝરત અબુતાલિબ(અલ.)ની પીઠમાં આવ્યો. હઝરત અબ્દુલ્લાહ(અલ.)નું નૂર મોહંમદુર્રસુલુલ્લાહ અને હઝરત અબુતાલિબ(અલ.)નું હઝરત અલીય્યુન વલીય્યુલ્લાહમાં મુન્તકિલ થઇ ગયું. જનાબે ફાતેમા(સલા.)નું નૂર હઝરત અલી(અલ.)ના નૂર સાથે ભળી ગયું. પંજતન જન્નતના માલિક છે. સરદારનો શું મતલબ લેશો? આ બુઝુર્ગોની બેઈઝ્ઝતી કરવી ગુનાહે કબીરા છે. જન્નતના યુવાનોના સરદાર ઈમામ હસન અને ઈમામ હુસૈન(અલ.) બાપ અલી(અલ.) અને મા ફાતેમા(સલા.) અને નાના રસુલે ખુદા. આવા લોકોની બેઈઝ્ઝતી કરનારાઓ જહન્નમી છે.





વળી હઝરત અબુબકરની સામે તે જ ખુતબામાં હઝરત અલી(અલ.)ને ઊભા થઈને એમ કહેતા બતાવાયા છે કે મેં હસન(અલ.)ને આ વાત શીખવી નથી પછી ઈમામ હસન(અલ.)ને ઠપકો આપતા કહે છે કે અય ધોકાબાઝ! તું આ શું બોલે છે? વળી હઝરત ઉમરના સમયમાં ઈમામ હુસૈન(અલ.)એ પણ જ્યારે કે ઉમર ખુતબો આપતા હતા મિમ્બર ઉપર જઈને આ જ પ્રમાણે કહ્યું મારા બાપના મિમ્બર પરથી ઊતરી જાઓ. ત્યારે પણ હઝરત અલી(અલ.) ઠપકો આપતા ઈમામ હુસૈનને કહે છે કે અય ગદ્દાર! તું આમ કેમ બોલે છે? ત્યાં પણ અલી ઈનકાર કરે છે કે મેં એને આવું કંઈ શીખવ્યું નથી. અલી(અલ.)ના નામથી આ જુઠાણું ફેલાવાય છે તે ગલત છે.

બંને બુઝુર્ગો હઝરત અબુબકર અને હઝરત ઉમર કહે છે કે હા બેટા! આ તારા બાપનો મિમ્બર છે. મારા બાપનો કોઈ મિમ્બર નથી. વળી ઈમામ હસનની આ વાત સાંભળીને હઝરત અબુબકર રડી પડે છે. એટલા માટે કે એમને દીલમાં ચોટ લાગતી હતી. મોત નજીક હતું. અલ્લાહને શું જવાબ આપીશ? રસુલને શું મોં બતાવીશ કે ખરેખર અમે તમારા બાપનો મિમ્બર છીનવી લીધો છે. વગેરે બાબતો દૃષ્ટિ સમક્ષ આવતાં તેઓ રડી પડે છે. જ્યારે હઝરત ઉમર રડયા તો નહિ પરંતુ ઈમામ હુસૈન(અલ.)ને ઘેર લઈ ગયા પછી ખાનગીમાં

પુછયું. આવું બોલવાનું તમને કોણે શીખવ્યું છે. *(જુઓ તબ્લીગી જમાતની કિતાબ હયાતુસ્સહાબા ગુજરાતી લિપિયાંતર ભાગ-૨ પેજ-૭૬૭)*

**બુખારીના તો આ કાપકૂપમાં બુરા હાલ થયા છે**

અસલ બુખારી જે ઈમામ બુખારી સાહેબે લખેલી તેમાં તો સાડા સાત હજારથી પણ વધુ હદીસો હતી. એનું ગુજરાતી કરનારાઓએ તો એને ઘટાડીને અડધાથી પણ ઓછી કરી દીધી. એનાથી ઘણું બધું રદબાતલ કરી દીધું ભલે એમને જે કરવું હોય તે કર્યા કરે. હકનો મુહાફિઝ અલ્લાહ છે. અસલ બુખારી જે અરબીમાં છે તેમાં એહલેબયતે રસુલ હઝરત અલી(અલ.), હઝરત ફાતેમા(સલા.), હઝરત ઈમામ હસન(અલ.) અને હઝરત ઈમામ હુસૈન(અલ.) આ બુઝુર્ગોના નામ સાથે અલયહિસ્સલામ લખાયેલું હતું. પરંતુ આ એહલેબયતે રસુલના દુશ્મનોએ ત્યાં પણ રઝિયલ્લાહો તઆલા અન્હો કરી દીધું છે. આ પ્રકારની કાપકૂપવાળી ખિયાનત તો હજી ચાલુ જ છે. બધી જ કિતાબોમાં જ્યાં એમને ખબર પડે કે અહીં કોઈ છીંડું પડયું છે તો તરત તેને કાપી નાખીને કે તેના શબ્દ ફેરવીને કે તેમાં કશુંક ઉમેરીને તેનું ઓપરેશન કરી નાખે છે.

•

اللهم صل على محمد وآل محمد



**અઇમ્મએ અતહારની કબરો ઉપર શીયાઓની મુનાજાત-દુઆઓ**

શીયા શબ્દનો અર્થ થાય છે મદદગાર, દોસ્ત, ફરમાંબરદાર. અહીં તે ગિરોહ જેઓ રસૂલુલ્લાહ(સલ.)ના પછી હઝરત અલી(અલ.)ને પ્રથમ ખલીફા માનનારા, બાર ઈમામોને માનનારા પ્રથમ ઈમામ હઝરત અલી(અલ.) અને છેલ્લા બારમાં ઈમામ હઝરત ઈમામ મેહદી સાહેબુઝ્ઝમાન(અલ.) જેઓ હાલ ગયબતમાં છે.

શીયાઓ ઈમામ જઅફર સાદિક(અલ.)ની ફિકહ ઉપર અમલ કરે છે. ઈમામ જઅફર સાદિક(અલ.) રસૂલુલ્લાહની અવલાદમાંથી છે. જનાબે ફાતેમા(સલા.) અને અલી(અલ.)ની અવલાદમાંથી છે. જેઓ ઈમામતના છઠ્ઠા સ્થાને છે. બારેબાર ઈમામો રસૂલુલ્લાહની અવલાદ છે.

ખૂબ જ નોંધપાત્ર અને ધ્યાનાકર્ષક વાત આ છે કે સુન્ની મુસલમાનો જે ચાર ફિકહો ઉપર અમલ કરે છે (૧) હનફી-ઈમામ અબુ હનીફા (૨) શાફેઈ-ઈમામ શાફેઈ (૩) હમ્બલી-ઈમામ હમ્બલ (૪) માલિકી-ઈમામ માલિક. આ ચારે ઈમામોમાંથી એક પણ ઈમામ સૈયદ ખાનદાનથી નથી. રસૂલુલ્લાહના લોહીમાંથી નથી. અલી-ફાતેમાની અવલાદથી નથી. આ એક આશ્ચર્ય ઉપજાવે તેવી વાત છે જે આપણને હક અને બાતિલ વિશે ચિંતન-મનન કરવા તરફ પ્રેરિત કરે છે.

આ અમારો કલિમા છે :

لَآاِلٰهَ اِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ

પંજતન પાંચ છે.

مُحَمَّدٌ عَلِیٌّ فَاطِمَةٌ حَسَنٌ حُسَیْنٌ

માસૂમીન ચૌદ છે.

હઝરત મોહંમદ મુસ્તફા(સલ.) આપણા નબી
હઝરત ફાતેમા ઝહરા(સલા.) જન્નતની ઓરતોના સરદાર
પહેલા ઈમામ હઝરત અલી(અલ.)
બીજા ઈમામ હઝરત હસન(અલ.)
ત્રીજા ઈમામ હઝરત હુસૈન(અલ.)
ચોથા ઈમામ હઝરત અલી ઝયનુલ આબેદીન(અલ.)
પાંચમા ઈમામ હઝરત મોહંમદ બાકિર(અલ.)
છઠ્ઠા ઈમામ હઝરત જાફર સાદિક(અલ.)
સાતમા ઈમામ હઝરત મુસા કાઝિમ(અલ.)
આઠમા ઈમામ હઝરત અલી રઝા(અલ.)
નવમા ઈમામ હઝરત મો. તકી(અલ.)
દસમા ઈમામ હઝરત અલી નકી(અલ.)
અગિયારમા ઈમામ હઝરત હસન અસ્કરી(અલ.)
બારમા ઈમામ હઝરત ઈમામ મેહદી આખેરૂઝમઝમાન(અલ.)
તેઓ ગયબતમાં છે.

શીયા હઝરાત ચૌદ માસૂમીનની કબરોની ઝિયારત માટે જાય છે. ત્યાં નમાઝો પણ પઢે છે, દુઆઓ પણ કરે



છે. મુનાજાત પણ કરે છે, ત્યારે તેઓની નમાઝ ખુદાના વાસ્તે હોય છે. તેઓ ખુદાની બારગાહમાં આ બુઝુર્ગ હસ્તીઓના સદકામાં દુઆ કરતા હોય છે. જો તેમની આ દુઆઓ તરજુમા સાથે પઢો, તેના ઉપર ફિક્ર કરો, ચિંતન-મનન કરો તો જોઇ શકશો, જાણી શકશો કે શીયા હઝરાત ચૌદ માસૂમીન અને અઈમ્મએ અતહારની કબરો ઉપર શું પઢે છે? કેવી કેવી દુઆઓ આ લોકો પાસે છે. તો વાચકોને ખબર પડશે કે મુવહ્હિદ مُوَحِّد કોણ છે? ખુદાને વાહિદ અને યકતા માનનાર કોણ છે? તૌહીદમાં શ્રેષ્ઠ કોણ છે? કોની તૌહીદ ઉચ્ચોચ્ચ છે. કોણ ખુદાને وَحْدَهٗ لَا شَرِيْكَ માને છે. જો આ દુઆઓ અને ઝિયારતોને જોશો, જે હઝરત અલી(અલ.) અને હઝરત ઈમામ હુસૈન(અલ.)ની કબરોની પાસે પઢવામાં આવે છે તો યકીન થઇ જશે કે સાચી તૌહીદ શું છે? અને આ દુઆઓ શિર્કના આભાસ માત્રથી પાક છે. ભલે એનો તરજુમો પઢનાર બોલી ઉઠશે કે આ જ તૌહીદ છે અને આને જ ઈમાન બિલ્લાહ કહે છે.

સહીફએ સજ્જાદિયામાં જે હઝરત અલી બિન હુસૈન ઝયનુલ આબેદીન(અલ.)ની દુઆઓનો સંગ્રહ છે. જનાબ અલી બિન હુસૈન ઝયનુલ આબેદીન શીયા હઝરાતના ચોથા ઈમામ છે. જેઓ એક માત્ર યુવાન, કુદરત સંજોગે બીમાર હોવાથી કરબલામાં તંબુમાં આરામ ફરમાવી રહ્યા હતા. યઝીદી ફોજે જોયું કે હવે રસૂલની ઔલાદની સંપૂર્ણ બીજકની થઇ ચૂકી છે. આપ બચી ગયા. હવે રસૂલુલ્લાહની કોઇ

નસલ જીવતી રહી નથી. આ બીમારે કરબલા ચોથા ઈમામ જેઓ ઈમામ ઝયનુલ આબેદીન(અલ.) તરીકે પ્રખ્યાત છે. તેમની દુઆઓનો સંગ્રહ ''સહીફએ સજ્જાદિયા'' છે. જેમાંની એક બે દુઆઓની શરૂઆતના વાક્યો પ્રસ્તુત છે.

اِلٰهى مَنْ حَاوَلَ سَدَّ حَاجَتِهٖ مِنْ عِنْدِكَ

فَقَدْ طَلَبَ حَاجَتَهُ فى مظانّها.....

ખુદાયા જેણે પોતાની હાજત પૂરી થવાનો ઈરાદો તારાથી કર્યો તેણે પોતાની હાજતને સહી જગ્યાએથી તલબ કરી અને પોતાના મતલબને યોગ્ય જગ્યાએ જ રજૂ કર્યો. અને જેણે પોતાની હાજતને તારા સિવાય તારી મખ્લૂકમાંથી કોઈ બીજા પાસેથી તલબ કરી અથવા પ્રાપ્ત કરવાની સફળતાની ઈચ્છા તારા સિવાય કોઈ બીજાથી બતાવી તે મહરૂમ રહ્યો. વંચિત રહ્યો, તે તારા એહસાનથી બાકાત થઈ ગયો.

એક બીજી દુઆમાં આ પ્રમાણે શબ્દો છે. જ્યારે હઝરત ઈમામ અલી રઝા(અલ.)ના રોઝા ઉપર શીયા હઝરાત પહોંચે છે જેઓ ઈરાનના મુકદ્દસ શહેર મશહદમાં આરામ ફરમાવી રહ્યા છે. હઝરત ઈમામ અલી રઝા(અલ.) શીયા હઝરાતના આઠમા ઈમામ છે, ત્યાં પઢે છે :

શરૂ કરૂં છું અલ્લાહના નામથી, તે રસ્તામાં કદમ ઊઠાવું છું અને મિલ્લતે રસૂલના દરમ્યાન ગવાહી આપું છું કે ખુદા વહદહુ લાશરીકલહુ છે. જેના સિવાય કોઈ ઈબાદતને લાયક નથી. *(મફાતીહુલ જિનાન બાબે ઝિયારતે ઈમામ રઝા અલ.)*



એક બીજી દુઆમાં આ પ્રમાણે છે :

ખુદાવંદે કરીમ તારી બુઝુર્ગ ઝાત બાબરકત છે અને તું દરેક બુરાઈથી પાક છે. તારા સિવાય કોઈ મઅબૂદ નથી. (ઈબાદતને લાયક નથી) હું તારા રસૂલોની તસ્દીક કરૂં છું. (મતલબ તેમના ઉપર ઈમાન લાવું છું.) અને તારી કિતાબ કુરઆન ઉપર ઈમાન રાખું છું. તારા સિવાય દરેક મઅબૂદનો ઈન્કાર કરૂં છું અને જે કોઈ તારા સિવાય કોઈ બીજાની ઈબાદત કરે છે, હું તેનાથી બરાઅતનું (મુક્તિ, અલગતા) એલાન કરૂં છું.

*(સહીફએ સજ્જાદિયામાંથી અનુવાદ)*

અમારી દુઆઓમાંથી ફક્ત એક ઝલક બતાવી છે. જેમાં વહદાનિયત જ વહદાનિયત દૃષ્ટિમાન થશે. અમો ભૂલચૂકે પણ કદી કોઈ ઈમામને ખુદાના શરીક-ભાગીદાર માનતા નથી. અમારી દુઆઓમાં પેગંબરે ઈસ્લામ(સલ.)ની રિસાલતની તસ્દીક પણ જોવા મળશે. વળી અમારી બધી જ દુઆઓમાં જુદા જુદા શબ્દો દ્વારા કુરઆન ઉપર ઈમાનનું એલાન થાય છે. છતાંય ન માલૂમ અમારા ઉપર લોકોને શું એતેરાઝ છે?!!

•

## પંજતન પાંચ છે

મોહમંદ, અલી, ફાતેમા, હસન, હુસૈન અલયહેમુસ્સલામ

## ઇમામ બાર છે

પહેલા ઈમામ હઝરત અલી(અલ.)
બીજા ઈમામ હઝરત હસન(અલ.)
ત્રીજા ઈમામ હઝરત હુસૈન(અલ.)
ચોથા ઈમામ હઝરત અલી ઝયનુલ આબેદીન(અલ.)
પાંચમાં ઈમામ હઝરત મોહંમદ બાકિર(અલ.)
છઠ્ઠા ઈમામ હઝરત જાફરે સાદિક(અલ.)
સાતમા ઈમામ હઝરત મૂસા કાઝિમ(અલ.)
આઠમા ઈમામ હઝરત અલી રઝા(અલ.)
નવમા ઈમામ હઝરત મોહંમદ તકી(અલ.)
દસમા ઈમામ હઝરત અલી નકી(અલ.)
અગિયારમા ઈમામ હઝરત હસન અસ્કરી(અલ.)
બારમા ઈમામ હઝરત મેહદી આખેરૂઝઝમાં(અલ.)
(પરદએ ગયબમાં હયાત છે.)

## માસૂમ ૧૪ છે

પેગંબરે ઈસ્લામ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ અને જનાબે ફાતેમા સલામુલ્લાહે અલયહા સાથે ઉપરોક્ત ૧૨ ઈમામોને ગણતા માસૂમની સંખ્યા ૧૪ થાય છે.

●



بسم الله الرحمن الرحيم

## અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી દ્વારા પ્રકાશિત કિતાબો

| ક્રમ | કિતાબનું નામ | પાના |
|---|---|---|
| (૧) | તારીખુશ્શીયા | ૪૫ |
| (૨) | ઈમામત | ૧૭૨ |
| (૩) | જ્યારે મને સત્ય સમજાયું (વધારા સાથે) | ૧૬૧ |
| (૪) | પૈગંબરે ઈસ્લામ(સલ.) પછી ખિલાફતનો ઝઘડો (ચિનગારીનું શમન) | ૨૫૦ |
| (૫) | ઈસ્લામ અસત્યના ઘેરાવમાં ભાગ-૧ | ૨૫૬ |
| (૬) | ઈસ્લામ અસત્યના ઘેરાવમાં ભાગ-૨ | ૩૬૦ |
| (૭) | ઈસ્લામ અસત્યના ઘેરાવમાં ભાગ-૩ | ૨૪૫ |
| (૮) | કશફુલ અસરાર | ૭૦ |
| (૯) | ફિકહે જાફરી વિભિન્ન ફિકહોની તુલનામાં | ૨૫ |
| (૧૦) | કુબૂરે ખોલફા | ૪૮ |
| (૧૧) | અલ-મુરતઝા - ઈસ્લામ સત્યના પ્રકાશમાં ભાગ-૧ | ૨૧૩ |
| (૧૨) | શીઆ સુન્ની ફિકહનું પૃથ્થકરણ | ૨૫૮ |
| (૧૩) | હઝરત અલી(અલ.)નું મુબારક જીવનચરિત્ર ભાગ-૧ | ૫૬૨ |
| (૧૪) | હઝરત અલી(અલ.)નું મુબારક જીવનચરિત્ર ભાગ-૨ | ૫૦૮ |
| (૧૫) | હઝરત અલી(અલ.)નું મુબારક જીવનચરિત્ર ભાગ-૩ | ૪૮૪ |
| (૧૬) | હઝરત અલી(અલ.)નું મુબારક જીવનચરિત્ર ભાગ-૪ | ૫૪૨ |

(૧૭) હઝરત અલી(અલ.)નું મુબારક જીવનચરિત્ર ભાગ-૫ ૪૨૬
(૧૮) મજાલિસે અતફાલ ૧૨૭
(૧૯) નમાઝના ૧૧૪ રહસ્યો ૨૨૩
(૨૦) મજાલિસે તુરાબી ૧૮૩
(૨૧) મોઅજિઝા અને કુરઆન(મજાલિસ) ભાગ-૧ ૨૩૦
(૨૨) મોઅજિઝા અને કુરઆન(મજાલિસ) ભાગ-૨ ૨૭૦
(૨૩) જવાઝે લઅ્‌ને યઝીદ ૯૦
(૨૪) ફાતેમાકા લાલ(૧૩ મજાલિસ) ૧૦૪
(૨૫) સઉદી અરબ મારા ચશ્માની આરપાર ૪૧૪
ઝિયારતો ૧૪ માસૂમીન(અલ.)
(૨૬) મજાલિસે ઈજતેહાદી ૨૦૨
(૨૭) કસસુલ કુરઆન-૧ ૨૦૦
[(દાસ્તાને હઝરત યુસુફ(અલ.)]
(૨૮) કસસુલ કુરઆન-૨ ૨૦૬
[દાસ્તાને હઝરત દાઉદ અને સુલયમાન(અલ.)]
(૨૯) કસસુલ કુરઆન-૩ ૪૬૦
[દાસ્તાને હઝરત મૂસા અને હારૂન(અલ.)]
(૩૦) કસસુલ કુરઆન-૪ [દાસ્તાને હ.આદમ, હ.ઈદરીસ, ૧૮૪
હ.નૂહ, હ.હૂદ, હ.સાલેહ(અલૈ.)]
(૩૧) પતિ-પત્નીનું પારિવારિક જીવન અને કિતાબે તલાક ૨૦૩
(૩૨) અદલે ઈલાહી અને સામાજિક ઈન્સાફ ૨૧૧
(૩૩) દુઆએ સબાહ-ગુજરાતી, ઉર્દૂ, અરબી તરજુમા સાથે ૯૬
(૩૪) ઈરાનના ઈન્કિલાબની ૨૯મી સાલગિરહ ૨૪
(૩૫) મર્દે કલન્દર અહમદી નઝાદ ૭૨
(યુનો અને બુશ ઉપરના પત્રો)
(૩૬) ઈસ્લામની દઅ્‌વત કઈ રીતે આપશો? ૯૬





(૩૭) ગુલદસ્તા ભાગ-૧ ૯૮
(૩૮) ગુલદસ્તા ભાગ-૨ ૧૦૨
(૩૯) તરબીયતે અવલાદ (મજાલિસ ભાગ-૧) ૧૧૦
(૪૦) તરબીયતે અવલાદ (મજાલિસ ભાગ-૨) ૧૩૨
(૪૧) તરબીયતે અવલાદ (મજાલિસ ભાગ-૩) ૮૬
(૪૨) પેગંબરે ઈસ્લામનું મુબારક જીવનચરિત્ર ભાગ-૧ ૫૦૬
(૪૩) પેગંબરે ઈસ્લામનું મુબારક જીવનચરિત્ર ભાગ-૨ ૩૮૬
(૪૪) કયો અકીદો સાચો? ચાર ખલીફાઓની ૨૦૨
ખિલાફત કે બાર ઈમામોની ઈમામત?
(૪૫) કયો અમલ સાચો? નમાઝમાં હાથ છૂટા ૬૪
રાખવા કે બાંધવા
(૪૬) હઝરત અલી(અલ.)ના મોઅજિઝાઓ ૨૨૪
(૪૭) રૂહાની અમલિયાત ૩૯૦
(૪૮) શહાદતે હુસૈન(અલ.) શા માટે? ૧૧૦
(૪૯) હઝરત અબુતાલિબ મોમિને કુરૈશ ૧૨૦
(૫૦) હઝરત ફાતેમા ઝહેરા(સલા.)નું મુબારક જીવનચરિત્ર ૪૯૦
(૫૧) ઈલ્મી અને મુંઝવતા ૧૦૦ પ્રશ્નો અને તેના ઉત્તરો ૨૦૮
(૫૨) તવસ્સુલ એટલે વસીલા ૨૦૦
(૫૩) કુરઆનની દુઆઓ (પોકેટ સાઈઝ) ૧૪૩
(૫૪) હઝરત ઉમ્મુલબનીન(સલા.)નું મુબારક જીવનચરિત્ર ૩૨૪
(૫૫) મુસલિહે ગયબી ઈમામે ઝમાના અલયહિસ્સલામ ૨૭૪
(૫૬) તફસીર તવઝીહુલ કુરઆન ભાગ-૧(પારહ ૧ થી ૫) ૬૪૦
(૫૭) પૈગંબરે ઈસ્લામ(સલ.) પછી ખિલાફતનો ઝઘડો ૧૫૨
(અસલ કિતાબનો સારાંશ)


●

## આ રીતે પણ
## તફસીર તવઝીહુલ કુરઆન ભાગ-૨ માં
## અમારી મદદ કરી શકો છો.

વાંચકો! અમે તફસીરની એક કોપીની કિંમત રૂા. ૨૦૦ નક્કી કરી છે. ૭૫૦ થી વધુ પેજોનું મોટી સાઇઝનું પુસ્તક, રંગીન સારો કાગળ અને રેકઝીનની મજબુત જિલ્દ વગેરે જોતાં પડતર કિંમત અમને રૂા. ૨૦૦ થી પણ વધારે થઇ શકે છે.

અમે અમારા વહાલા વાંચકો, નેકદીલ દોસ્તો અને અમ્ર બિલ મઅરૂફ કરવા માટે દિનરાત ચિંતિત રહેનાર મોમિન મુજાહિદો, નવયુવાનોને વિનંતી કરીશું કે તેઓ પોતાની શક્તિ અનુસાર ૫૦ કોપીઝ, ૪૦ કોપીઝ, ૩૦ કોપીઝ, ૨૦ કોપીઝ, ૧૦ કોપીઝ, ૫ કોપીઝ. આ રીતે નાણાં મોકલીને અમારી મદદ કરી શકે છે. આ રીતે જે ભાઇએ જેટલી કોપીઝ માટે નાણાં આપ્યાં હશે અને તે ભાઇઓ એવું ઇચ્છશે કે અમને અમારી કોપીઝના માલિક બનાવી દેવામાં, આવે તો અમે તેટલી કોપીઝ તેઓને પ્રેસ ઉપરથી ડાયરેક્ટ રવાના કરી દઇશું. ઈન્શાઅલ્લાહ ભાગ-૧ના પ્રકાશન થયા પછી અમે પ્રેસના થોડા કરઝદાર હતા. પરંતુ ભાગ-૧ બહાર આવ્યા પછીના ત્રણેક માસમાં અલ્લાહે અમારૂં કરઝ અદા ફરમાવી દીધું.



## વહાલા વાંચકો
## ની
## ખિદમતમાં એક જરૂરી જાહેરાત

વહાલા વાંચકો! આ કિતાબ તમારા હાથમાં હશે ત્યાં સુધીમાં તફસીર તવઝીહુલ કુરઆન ભાગ-૨ પારહ ૬ થી ૧૦ નું કોમ્પ્યુટર કંપોઝ લગભગ થઇ ચુકયું હશે. ઈન્શાઅલ્લાહ. ત્યાર બાદ તેનું પ્રિન્ટીંગ થશે. અમે ઇચ્છીએ છીએ કે જેમ બને તેમ જલ્દી તફસીરનો ભાગ-૨ આપના હાથમાં પહોંચતો કરીએ. આ ભાગ-૨,ના ભાગ-૧ કરતાં ૧૫૦ કે ૨૦૦ જેટલા પેજો વધારે થશે. આ રીતે ભાગ-૨ ૮૦૦ કે ૮૫૦ પેજ જેટલો થશે. એના માટે ખર્ચની મોટી રકમ દરકાર છે. અમે અત્યારથી એના માટે નાણાં જમા કરી રહ્યા છીએ. **જે મોમિનોએ આ કામમાં અમારી મદદ કરી છે તે રકમ અમે જમા રાખી**

છે. પરંતુ તે રકમ હજી આપણા ખર્ચના પ્રમાણમાં ઘણી થોડી છે. જેથી અમે વિનંતી કરીશું કે મોમિનો અમારી ખૂબ ખૂબ મદદ ફરમાવે, અલ્લાહના કલામથી બેહતર કલામ કોનું હોઇ શકે? અલ્લાહનું કલામ એ તમામ કિતાબોનો મજમુઓ છે. અલ્લાહના કલામમાં નમાઝ, રોઝા, હજ, ઝકાત, ખુમ્સ તમામ અહકામાતના હુકમો છે. અલ્લાહના કલામમાં અંબિયાની સીરત છે. પાછલી ઉમ્મતોનો ઇતિહાસ છે. ફરમાંબરદાર ઉમ્મતોને અલ્લાહે દુનિયા અને આખેરતમાં ઇઝ્ઝત બક્ષી જ્યારે નાફરમાન ઉમ્મતો ઉપર અલ્લાહે પોતાનો અઝાબ મોકલ્યો તે અંગેની દાસ્તાનો છે. દયા, કરૂણા, ઉદારતા, સહિષ્ણુતા સદ્વર્તન વગેરે સારા અખ્લાકની વાતો છે. કલામે ખુદા એક એવું કલામ છે કે વિશ્વમાં આ કલામનો કોઇ જવાબ ન બની શકે. આવા કલામની ખિદમત માટે આપ અમારી મદદ ફરમાવો.

●



***We have published following Books in English***

(1) Acceptance of Truth
(2) Jawaz-E-Laan Yazeed
(3) Which Procedure is Correct in Namaaz?
(4) Quboor-E-Khulaffaa
(5) Tareekhush-shia
(6) Imaan-E-Abutalib(a.s)
(7) "Mojizat" Imam Ali(a.s.)
(225 Pages)
(8) Husband-Wife's Family life and Books of Talaaq.
(250 Pages)

***Book to be Published in Near by Future when money is protived***

(1) When I Found The Truth
(2) Islam Sarrounded By The Untruth
(3) WASEELAH (Intercession)
In the light of Quran, Hadees and History
(4) Majalis-E-Atfall

●●●

# એક જરૂરી જાહેરાત

વહાલા વાંચકો! અમારી પાસે ઘણી બધી કિતાબો લખાયેલી તૈયાર પડી છે. પરંતુ નાણાંના અભાવે અમે કુરઆને પાકની તફસીરની બે જિલ્દો વચ્ચેના સમયગાળામાં ફકત એક કે બે જ કિતાબો પ્રકાશિત કરીશું. કારણ કે તફસીરની દરેક જિલ્દની કિંમત બીજી છ સાત નાની મોટી કિતાબોની કિંમત જેટલી બને છે, જેથી અમે આવો નિર્ણય કર્યો છે કે તફસીરની દરેક બે જિલ્દો વચ્ચે એક અથવા બે કિતાબો પ્રકાશિત કરવામાં આવે. આ અમારી નાણાંકીય મજબુરી છે. જો અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત તરફથી તેની રહેમત ઊતરી જશે તો અમે તફસીરે કુરઆનની બે જિલ્દોની વચ્ચેના સમયગાળામાં બે ત્રણ કિતાબો પણ પ્રકાશિત કરીશું. ઈન્શાઅલ્લાહ.



# નેકદિલ મોમિનોને એક દર્દભરી અપીલ

આપણી ઘણીબધી કિતાબો ખૂટી ગઈ છે જે હવે ઉપલબ્ધ નથી. નવી કિતાબો આવતી જાય છે, ત્યારે જૂની કિતાબો નાયાબ(અપ્રાપ્ય) થતી જાય છે. લગભગ આવી ૨૦ કિતાબો અપ્રાપ્ય છે.

તેમાંની એક કિતાબ હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબીતાલિબ(અલ.)નું મુબારક જીવનચરિત્ર પણ છે. જેની માંગણી સમાજ તરફથી દરરોજ થાય છે. અમીરૂલ મોઅમેનીન(અલ.)ના મુબારક જીવનચરિત્રના ભાગ૩, ભાગ-૪ અને ભાગ-૫ સ્ટોકમાં નથી.

આપણે વારાફરતી ધીરે ધીરે દરેક ભાગની ૧૦૦૦ કોપીઝ છપાવવા ઈચ્છીએ છીએ. દરેક ભાગ ૫૦૦ ઉપર પેજનો હોય તેનો અંદાજિત ખર્ચ ૬૦,૦૦૦-૦૦ આવે છે એમ છે. જો ઘટ પડશે તો અમે ઉમેરી દઈશું, ઈન્શાઅલ્લાહ.

જો પોતાના મર્હૂમીનના નામો સાથે ચાર મોમિનો ભેગા થાય અને ઈરાદો કરે કે આપણે અમીરૂલ મોઅમેનીન(અલ.)ના મુબારક જીવનનો ભાગ-૩ રીપ્રિન્ટ કરાવીએ તો દરેકના ભાગે રૂા. ૧૫૦૦૦-૦૦ આવે. સાથે મર્હૂમીનને સવાબ પણ મળે અને આપણા સમાજને આ ઈલ્મી કિતાબો પણ મળી રહે.

નેક દિલ મોમિનોને અમારી વિનંતી છે કે આ રીતે ચાર ચાર મોમિનો ભેગા થઈ આ નેક કાર્યમાં અમારો સહકાર આપે.

નાચીજ
મૌલાના શબ્બીરઅહમદ આઈ. પટેલ
મૌલાના હુસૈનઅહમદ આઈ. પટેલ
ભરૂચ